
# વાંકાનેર વઘાસિયા ટોલનાકા નજીક બંધ ટ્રક પાછળ કાર ઘુસી ગઇ: બેને ઇજા



(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી,તા. ૧૮:વાંકાનેર મોરબી નેશનલ હાઈવે પર આવેલ વઘાસીયા ટોલનાકા નજીક અકસ્માત સર્જાયો હતો જેમાં બંધ પડેલ ટ્રક પાછળ કાર ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો જેમાં બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા છે.

વાંકાનેર મોરબી નેશનલ હાઈવે પર આવેલ વઘાસીયા ટોલનાકા નજીક એક ટ્રક રસ્તા પર બંધ પડ્યો હોય ત્યારે **GJ – 05 – RU – 2685** નંબરની કાર બંધ પડેલ ટ્રકના ઠાઠામાં ઘૂસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો ત્યારે બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી અકસ્માત સર્જાતા તાત્કાલિક ધોરણે બંને વ્યક્તિઓને વાંકાનેર ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, ત્યારે હાલ બંને વ્યક્તિઓની હાલત ગંભીર હોવાના કારણે તેમને રાજકોટ ખાતે રીફર કરવામાં આવ્યા છે. આ બાબતે હાલ પોલીસ તપાસ ચલાવી રહી છે. (૨૨.૭)

# બગસરાના મુંજીયાસર ડેમ વિસ્તારમાં શિકાર કરવા જતા સિંહણનું કુવામાં પડતા મોત

(સમીર વિરાણી દ્વારા) બગસરા તા. ૧૮ : બગસરાના મુંજીયાસર ડેમ વિસ્તારમાં એ જે વિસ્તાર રફાળા અને નાના મુંજીયાસરના સીમાડા પાસે આવેલો છે. આ વિસ્તારમાં જીવરાજભાઈ લાલજીભાઈ સતાસિયાની વાડીમાં એક કૂવો આવેલો છે. મોડી રાતના વનરાજા શિકારની શોધમાં નીકળતા ૧૦ વર્ષની સિંહણ શિકાર પાછળ દોટ મુકતા કુવાની અંદર પડી ગયેલ હતી.

જ્યારે આ બાબતની જાણ ખેડૂતને સવારે ખેતરે આવતા જાણ થઈ ત્યારે તેઓએ તત્કાલ જંગલ ખાતામાં જાણ કરેલી હતી. સવારમાં ૯ વાગ્યાની આસપાસ જંગલ ખાતાને જાણ થતા



જંગલ ખાતા તત્કાલ ત્યાં પહોંચી ગયેલ હતું ત્યારે જંગલ ખાતાએ આ સિંહણને કૂવામાંથી રિસ્ક્યુ કરી બહાર કાઢતા સિંહણને મૃતજાહેર કરેલ હતી ત્યારબાદ આ સિંહણને જંગલ ખાતાના હોસ્પિટલ ખાતે પીએમ કરવા રવાના કરેલ હતી.

આવા બનાવો છાશવારે બનતા જોવા મળી રહ્યા છે ત્યારે ખેડૂતોમાં પોતાની વાડીએ જવું ખૂબ મુશ્કેલ બન્યું છે. રહેણાંક વિસ્તાર અને વાડી વિસ્તારોમાં અવારનવાર સિંહોના આટા ફેરા અને શિકાર માટે જ્યાં ત્યાં જોવા મળી રહ્યા છે ત્યારે ખેડૂતોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.(૨૧.૨)

# ઉના: પત્ની અને સાસુ સાથે ઝઘડા બાદ યુવકનો ઝેર પીને આપઘાત

(નવીન જોષી દ્વારા) ઉના તા. ૧૮ :.. ગીર ગઢડા નવાપરમાં પત્ની અને સાસુ સાથે ઝઘડા બાદ યુવાને ઝેર પી લેતા યુવાનનું મૃત્યુ થયેલ છે.

ઊનાના ગીર ગઢડા ગામે નવાપરા વિસ્તાર મા રહેતા વલીમહમદ રીન્દબ્લોચએ ગીર ગઢડા પોલીસ સ્ટેશન ના ફરિયાદ નોંધાવી છે કે તેમના દીકરા એહમદ વલી મહમદ રીન્દબ્લોચ ના લગ્ન જૂનાગઢ ની અંજુ બેન સાથે કરાવેલ હતા તેમની પત્ની છેલ્લા ચાર મહિનાથી અવારનવાર પતિ એહમદ સાથે ઝગડો કરતી હતી.

પત્ની અંજુ એ જૂનાગઢ થી તેની માતા નિલોફર ઉર્ફે મુમતાઝ બ્લોચ અને ભાઈ શહાદત યુનુસ બ્લોચ ને બોલાવી તે બન્ને જૂનાગઢ થી આવી એહમદ વલી મહમદ રીન્દબ્લોચ ની સાથે ઝગડો કરી ખોટા કેસો કરવાની ધમકી આપતા હતા અપશબ્દો બોલતા અને પત્ની અંજુ ને સાથે જૂનાગઢ લઈ ગયા હતા અને એહમદ ને લાગી આવતા ઘરે અનાજ મા નાખવાનો ઝેરી પાવડર પી. જતા ઊલટીઓ થતા સારવાર માટે પ્રથમ ગીર ગઢડા ની સરકારી હોસ્પિટલે અને વધુ સારવાર માટે ઊના હોસ્પિટલે લઈ ગયા હતા અને સારવાર મળે તે પહેલા એહમદ નું મૃત્યુ થયું હતું.

તેથી તેના પિતા વલીમહમદ રીન્દબ્લોચ એ ગીર ગઢડા પોલીસ સ્ટેશન ના તેમના એહમદ દીકરાને મરવા મજબૂર કર્યા ની તેમના એહમદની પત્ની અંજુ, સાસુ નિલોફર ઉર્ફે મુમતાઝ બ્લોચ, શાળા શહાદત યુનુસ બ્લોચ રે. જૂનાગઢ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે. (૫-૨૨)

# ગોંડલના પત્રકાર નરેશ શેખલીયાનો જન્મદિવસ



ગોંડલ, તા.૧૭: ગોંડલના નીડર અને સમાજ સેવક પત્રકાર નરેશ શેખલીયાનો આજે જન્મદિવસ છે.આજે તેઓ પોતાની જીવન સફરના ૫૦ વર્ષ પૂર્ણ કરીને ૫૧મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે.

ગોંડલ તાલુકાના દેરડી(કુંભાજી) ગામે ખેડૂત પરિવારમાં જન્મેલા નરેશ શેખલીયા છેલ્લા ૨૦ વર્ષ વધુ સમયથી પત્રકારત્વ ક્ષેત્રે પ્રિન્ટ મિડીયા અને ઈલેક્ટ્રીક મિડીયામાં પોતાની સેવા આપી રહ્યા છે. હાલમાં તેઓ છેલ્લા ઘણા વર્ષોથી રાજકોટ જિલ્લાના ગ્રામ વિસ્તારમાં ગોંડલ, જેતપુર, ધોરાજી, ઉપલેટા, જામકંડોરણા, કોટડા સાંગાણી સહિતના તાલુકાઓમાં ખાનગી ન્યુઝ ચેનલની જવાબદારી નિભાવી રહ્યા છે. હર હંમેશ સમાચારો, સામાજિક સેવા કાર્યોમાં અગ્રેસર રહેતા અને બહોળો મિત્ર વર્ગ ધરાવતા નરેશ શેખલીયાને તેમના જન્મદિવસની પરિવારજનોએ શુભેચ્છાઓ પાઠવી છે. આજે તેમના જન્મદિવસ નિમિતે રાજકીય,સામાજિક સહિતના અને લોકો તેમના વોટસેપ મોબાઈલ નંબર ૯૯૦૪૨ ૪૨૦૦૮ અને ૯૪૨૮૪ ૬૫૦૦૫ ઉપર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.(૨૩.૧૨)

# આટકોટ : શ્રી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કોઠીનુ બોર્ડનુ રેકોર્ડબ્રેક પરિણામ

(કરશન બામટા દ્વારા) આટકોટ, તા.૧૭: શ્રી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા કોઠીનુ બોર્ડમા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ નુ ખૂબ સારું પરિણામ આવ્યુ છે. જેમા ધોરણ ૧૨ મા પરમાર ઉર્વશી અશોકભાઈ ૯૭.૧૪ પીઆર સાથે પ્રથમ નંબરે આવી હતી જયારે ધોરણ ૧૦મા ઝાપડિયા અશ્વિન રમેશભાઈ ૮૬.૯૪ પીઆર સાથે પ્રથમ નંબરે આવ્યો હતો.જેથી ગામ અને શાળા પરિવારનુ પણ ગૌરવ



વધાર્યુ હતુ. જોકે આ શાળામા રમત ગમતના વિશાળ મેદાનની સુવિધા અને તાલિમની પણ મળતી હોવાથી આ શાળાના બાળકો રમતગમત ક્ષેત્રે પણ ઝોનકક્ષા અને રાજ્યકક્ષા સુધી ભાગ લેવા જતા હોઈ છે. અને સારુ પ્રદર્શન કરતા હોઈ છે.(૨૩.૫)

# હળવદ ધો.૧૦ના વિદ્યાર્થીઓની સિદ્ધિ



(હરીશ રબારી દ્વારા) હળવદ, તા.૧૭: માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.૧૦ પરીક્ષામાં પટેલ યાત્રી અંગ્રેજી વિષયમાં ૯૫ (A.1) તથા જેઠલોદા રુદ્રકુમાર અંગ્રેજી વિષયમાં ૯૫ (A.1) તથા મકવાણા યમન અંગ્રેજી વિષયમાં ૯૩(A.1) તથા વાઘરોડીયા અવની અંગ્રેજી વિષયમાં ૯૨(A.1) તથા દલવાડી વિકાસ અંગ્રેજી વિષયમાં ૯૧ (A-1) આ દરેક વિદ્યાર્થીઓ હળવદ બ્રિલિયન્ટ ક્લાસીસ ને પોતાની સફળતા નો શ્રેય આપ્યો છે બ્રિલિયન્ટ ક્લાસીસ ના આશિકભાઈ પાયલ શિક્ષક દરેક વિદ્યાર્થીઓને માઈક્રો પ્લાનિંગ થી મહેનત કરાવીને વધુને વધુ વિદ્યાર્થીઓ સારા માર્ક લાવે અને વિદ્યાર્થીઓ પણ લાવ્યા છે A-1 અને A-2 વિસ્ફોટજનક બધા વિદ્યાર્થીઓ એ જબરજસ્ત ઝળહળતી સફળતાના શિખરો સર કર્યા છે આ તમામ વિદ્યાર્થીઓએ પોતાના મા બાપ તથા હળવદનું ગૌરવ વધારવા બદલ આશિકભાઈ પાયક શિક્ષક સહિતનાએ શુભેચ્છા પાઠવી હતી.(૨૩.૫)



# વીરનગરના શિક્ષિકા દેવકુબેન બોરીચાને ગુજરાત ગૌરવ સન્માન

(કરશન બામટા દ્વારા) આટકોટ, તા.૧૭: જાયન્ટસ ગ્રુપ ઓફ કલોલ દ્વારા રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું.આ તકે રાજકોટ જિલ્લાના જંગવડના વતની અને વીરનગરના શિક્ષિકા શ્રી દેવકુબેન દાદભાઈ બોરીચાને ગુજરાત ગૌરવ સન્માન આપી? સન્માનિત કરવામાં આવ્યા.તેમની ઉમદા શિક્ષણ શૈલી અને કર્તવ્યનિષ્ઠાની નોંધ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ અને અનેક સંસ્થાઓએ લીધી છે. તેઓ પ્રતિભાશાળી શિક્ષક સન્માન, શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક, ચિત્રકૂટ એવોર્ડ, વી.ટી.વી.બેસ્ટ ટીચર પર્સનાલિટી એવોર્ડ, શિક્ષક રત્ન એવોર્ડ, તાલુકા શિક્ષણ શાખા દ્વારા સન્માન વગેરે અનેક સન્માનો અને એવોર્ડ મેળવી ચૂક્યા છે. હાલમાં જ જાયન્ટસ ગ્રુપ ઓફ કલોલ મેઈન દ્વારા રાજ્યના શ્રેષ્ઠ કામગીરી કરતા ૧૦૦ જેટલા શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું જેમાં રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના વીરનગરમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા દેવકુબેન દાદભાઈ બોરીચાને ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના મદદનીશ સચિવ પુલકિતભાઈ જોશી તથા એકલવીરના સંપાદક તખુભાઈ સાંડસુરના હસ્તે ગુજરાત ગૌરવ સન્માન આપી સન્માનિત કરવામાં આવ્યા.(૨૩.૪)

# જસદણમાં વાવાઝોડામાં પીજીવીસીએલ કેમ્પસમાં વૃક્ષ પડતા ગાડી છુંદાઇ ગઇ



(ધર્મેશ કલ્યાણી દ્વારા) જસદણ તા. ૧૮ : જસદણમાં ગઈકાલે સાંજે અચાનક વાવાઝોડા સાથે વરસાદ આવતા ભારે પવનને કારણે વૃક્ષ પડતા ગાડી છુદાઈ ગઈ હતી. જો કે ગાડીમાં કોઈ બેઠેલું નહી હોવાથી સદનસીબે જાનહાની અટકી હતી.

આ અંગેની વિગતો મુજબ જસદણ પીજીવીસીએલ ડિવિઝન ઓફિસ ખાતે બાબરા થી અશરફભાઈ પરમાર જસદણમાં મેળા માટેનું વીજ કનેક્શન લેવા માટે અરજી કરવા માટે પીજીવીસીએલ કચેરી ખાતે આવ્યા હતા. અસરફભાઈ પરમાર તેમના મિત્ર હરેશભાઈ મેટાળીયાની અટીકા ગાડી નંબર જીજે ૧૪ એજી ૧૩૯૯ લઈને આવ્યા હતા અને આ અટિકા ગાડી પીજીવીસીએલ કચેરીના કેમ્પસમાં પાર્ક કરેલી હતી. દરમિયાન ભારે પવન સાથે વાવાઝોડું ફૂકાતા વિશાળ વૃક્ષ અટીકા ગાડી ઉપર પડતા અટીકા ગાડીના પાછળના ભાગનો છુંદો બોલી ગયો હતો. જોકે બનાવ સમયે ગાડીમાં કોઈ બેઠું નહી હોવાથી સદનસીબે જાનહાની અટકી હતી.

# મેટોડો પાસેના હિટ એન્ડ રનની ઘટનામાં કારનાં ડ્રાઇવર ચિરાગ વાગડીયાની ધરપકડ

(ભીખુપરી ગોસાઈ દ્વારા) ખીરસરા તા. ૧૮ :.. મેટોડાના અકસ્માતના બનાવમાં વર્ના ફોર વ્હીલરના ડ્રાઈવરની મેટોડા જીઆઈડીસી પોલીસ દ્વારા ધરપકડ કરાઈ છે.

ફરીયાદી ચંદન મહેન્દ્રભાઈ શાહની ફરીયાદ બાદ હિટ એન્ડ રનની ઘટનામાં આરોપી ચિરાગ ભીખુભાઈ વાગડીયા ખીરસરા રણમલજી નવા પ્લોટ વિસ્તારની ધરપકડ કરી છે. તપાસ મેટોડા પોલીસ સ્ટેશન પીએસઆઈ કુલદીપસિંહ ગોહીલ તેમજ એએસઆઈ અજયભાઈ સોલંકી ચલાવી રહ્યા છે. (૫-૨૧)

# મેટોડા પાસે બળદ આડે આવતાં કાર પલ્ટી ગઇ: રૈયાધારના બે ભાઇઓને ઇજા

## માતાજીના માંડવામાંથી પરત આવતાં હતાં: સાથેના બેનો બચાવ

રાજકોટ તા. ૧૮:મેટોડા જીઆઈડીસી ગેઈટ-૩ પાસે આજે વહેલી સવારે કાર પલ્ટી જતાં તેમાં બેઠેલા ચાર યુવાનો પૈકીના રૈયાધારના બે સગા ભાઈઓને ઈજા થઈ હતી.

જાણવા મળ્યા મુજબ સવારે ચારેક વાગ્યે મેટોડા જીઆઈડીસી ગેઈટ-૩ પાસે સ્વીફટ કાર પલ્ટી જતાં તેમાં બેઠેલા રૈયારધારમાં રહેતાં રાજવીર જીવાભાઈ પંચાલ (ઉ.વ.૨૦) અને તેના ભાઈ નરેશ જીવાભાઈ પંચાલ (ઉ.વ.૩૨)ને ઈજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. આ બંને ભાઈઓ અને બીજા બે મિત્રો મળી ચાર લોકો ઉપલેટા નજીક માતાજીના માંડવામાં ગયા હતાં. સવારે ત્યાંથી પરત આવતી વખતે બળદ આડે આવી જતાં ચાલકે કાબુ ગુમાવતાં પલ્ટી મારી ગઈ હતી. કાર નરેશના મિત્ર ચલાવી રહ્યા હતાં. તેના સહિત બે જણાને ઈજા થઈ નહોતી.

### બામણબોર પાસે વાહનની ઠોકરે બાઇક ચડતાં બાળા સહિત ૩ને ઇજા

અકસ્માતના અન્ય એક બનાવમાં બામણબોર પેટમીકો કંપનીના પૂલ પાસે એક બાઈકને અજાણ્યા વાહને ઉલાળી દેતાં બાઈક પર સવાર ગારીડા ગામના ભરત દુધાભાઈ વાટીયા (ઉ.વ.૨૯), સોનલબેન વિજયભાઈ ચૌહાણ (ઉ.વ.૨૭) અને જલ્પાબેન વજુભાઈ વાટીયા (ઉ.વ.૧૩)ને ઈજાઓ થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. બંને બનાવમાં હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, કેતનભાઈ નિકોલા, ભાવેશભાઈ મકવાણા, ધર્મેન્દ્રભાઈ હુદડ અને તૌફિકભાઈ જુણાચે મેટોડા તથા એરપોર્ટ પોલીસને જાણ કરી હતી. (૧૪.૫)

# જસદણ-સરધાર પંથકમાં વરસાદ-પવનથી તલ, બાજરો, જુવારમાં નુકશાન




જસદણ,તા. ૧૮: જસદણ-સરધાર પંથકમાં ફક્ત બે કલાકના જોરદાર પવન ફૂંકાયાની સાથે વરસાદે ચોતરફ નુકસાન વેર્યું હતું. ધોધમાર વરસાદ વરસતા ચારેકોર પાણી ફરી વળતા ખેડૂતોનું નુકસાન વેઠવું પડશે આટકોટ-વીરનગર હાઈવે પર વૃક્ષો વિજળીના ટ્રાન્સફોર્મર સહિત નીચે ધરાશયી થયા તેમજ સ્ટ્રીટ લાઈટના થાંભલા પડવાની શક્યતા વધી તેમજ ખેતરોમાં પાણી ભરાઈ ગયા જસદણ પંથકમાં અમુક વિસ્તારોમાં જોરદાર પવન ફૂંકાયો હતો ૩ કલાક વિજળી ગુલ થઈ હતી. જસદણ આટકોટ તેમજ સરધારમાં ભારે પવન સાથે વરસાદથી નુકસાની વાતાવરણમાં અચાનક પલટો આવતા ખેડુતોને ભારે નુકસાની વેઠવી પડી તલ બાજરો જુવાર તલમાં ભારે નુકસાની ખેતરોમાં પાણી ફરી વળ્યા હતા. (૨૨.૧૦)

# કચ્છના રાપરમાં ખેત તલાવડી મુદ્દે ધિંગાણુ : ધારીયા, સળીયા, ધોકા ઉલળ્યા : ૧૧ ઘાયલ

(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા. ૧૮ : કચ્છના વાગડ વિસ્તારના ભચાઉના કાનમેર ના રણ વિસ્તારમાં થયેલ ધિંગાણાંની શાહી હજી સુકાઈ નથી ત્યાંજ રાપર વિસ્તારના લોદ્રાણી ગામના બે જૂથો વચ્ચે ખેત તલાવડી બનાવવાના મુદ્દે થયેલ બબાલ ધિંગાણાંમાં પરિણમી હતી અને બન્ને જૂથોના ૧૧ જણ ઘાયલ થયા હતા.

આ બનાવમાં માદેવાભાઈ કાનાભાઈ પરમારે ગણેશભાઈ રવાભાઈ બારી સહિત ૯ જણ સામે ફરિયાદ નોંધાવી છે. જ્યારે સામે પક્ષે પચાણભાઈ ગણેશ બારીએ માદેવા કાનાભાઈ પરમાર સહિત ૫ જણ સામે ફરિયાદ નોંધાવી છે. બન્ને પક્ષે ધારીયા, ધોકા અને સળીયા વડે હુમલો કરાયાની અને આ હુમલામાં બન્ને પક્ષના ૧૧ જણ ઘાયલ થયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. બાલાસર પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીઓની અટકાયત કરવા સહિત અન્ય વધુ તપાસ હાથ ધરી છે.(૨૧.૭)

# પૂ. મોરારીબાપુ દ્વારા પોઇચા અને અન્ય અકસ્માતના મૃતકોને શ્રધ્ધાંજલી : પરિવારજનોને સહાય



(વિપુલ હિરાણી દ્વારા) ભાવનગર તા.૧૮ : થોડા દિવસો પહેલાં હાલમાં સુરત સ્થિર થયેલા અને મૂળ અમરેલી જિલ્લાના પરિવાર સાથે કરૂણ દુર્ઘટના બની હતી. નર્મદા નદીના પોઈચા ખાતે આ પરિવાર સ્નાન કરવા આવ્યો હતો. જેમાં ૭ સભ્યો ડૂબી ગયા હતા અને તે પૈકી ૪ જેટલા મૃતદેહો મળી આવ્યા હતા. પૂજ્ય મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે અને તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે સહાયતા રાશિ અર્પણ કરી છે. નવસારી સ્થિત રામકથાના શ્રોતાઓ દ્વારા આ રાશિ પહોંચાડવામાં આવશે.

મોરબીના લક્ષ્મીનગરના ત્રણ યુવાનો મચ્છુ નદી માં નાહવા પડેલા અને તેમના ડૂબી જતાં મોત નિપજયા છે. પૂજ્ય મોરારીબાપુએ તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રૂપિયા ૪૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે જે સેવા લજાઈના રામકથાના શ્રોતાઓ દ્વારા પહોંચતી કરવામાં આવશે.

સુરત નજીક અકસ્માતમાં એક નવજાત શિશુ સહીત ત્રણ લોકો માર્યા ગયા છે જેમનાં પરિવાર ને પણ પૂજ્ય મોરારીબાપુ તરફથી સહાયતા રાશિ અર્પણ કરવામાં આવી છે.

પૂજ્ય મોરારીબાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી છે.તેમ મહુવાથી જયદેવ માંકડની યાદીમાં જણાવાયું છે.(૨૧.૨)

# જસદણના કમળાપુર ખાતે કાલે સાકરીયા પરિવાર દ્વારા માતાજીના માંડવાનું કાલે ભવ્ય આયોજન

## કર, નેવૈધ સાથે ડાક ડમરુના સંગાથે વેરાડી ઝુલણા, હાલરડા સાથે કમળાપુર ગામનો ધુવાડા બંધ મહાપ્રસાદ: સાધુ સંતો અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેશે

(વિજય વસાણી દ્વારા)આટકોટ તા. ૧૮:મૂળ કમળાપુરના અને હાલ જસદણ રહેતા હિરેનભાઈ સાકરીયા તથા સાકરીયા પરિવાર દ્વારા પોતાના વતન કમળાપુર ગામે કાલે રવિવારે ચામુંડા માતાજીના માંડવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

કમળાપુર જસદણ રોડ ઉપર આવેલ પ્લોટમાં કાલે સવારે ૭:૩૦ કલાકે માતાજીની થાંભલી રોપાસે સવારે ૯:૩૦ કલાકે માતાજીના સામૈયા કરવામાં આવશે ૧૦ થી પાંચ વાગ્યા સુધી અને રાત્રે ૮ થી સવારે ૫ વાગ્યા સુધી ડાક ડમરુંના સંગાથે માતાજીના હાલરડા,વેરાડી ઝુલણા થકી માતાજીની આરાધના કરવામાં આવશે આ ઉપરાંત સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી રાસ ગરબા નું પણ આયોજન કરવામાં આવ્યું છે તેમજ બપોરે ૧૧ અને સાંજે ૬ કલાકે સમસ્ત કમળાપુર ગામનો ધુમાડા બંધ મહાપ્રસાદ રાખવામાં આવ્યો છે અને બહારથી આવતા મહેમાનો માટે પણ પ્રસાદની વ્યવસ્થા સાકરીયા પરિવાર દ્વારા રાખવામાં આવી છે. સોમવારે સવારે પાંચ કલાકે થાંભલી વધાવવામાં આવશે માતાજીના માંડવામાં કુળના ભુવા જયંતીભાઈ રવજીભાઈ સાકરીયા અને કુળના પઢિયાર ભુવા વિશાલભાઈ રમેશભાઈ સાકરીયા હાજર રહેશે માતાજીના આ ભવ્ય માંડવામાં ઉપસ્થિત રહેવા હિરેનભાઈ સાકરીયા અને વસંતભાઈ સાકરીયા તથા સમસ્ત સાકરીયા પરિવાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. (૨૨.૨)

# ૨૦૨૪ની ચૂંટણી: એટલે ભારે અઘરી આઇટમ !!

## ચૂંટણી મતદાન પૂર્વે પ્રચાર તોફાનો જોવા મળેલા, હવે પરિણામ પૂર્વેના સમયમાં વરસાદી તોફાનોનું તાંડવ જોવા મળી રહ્યુ છે

(મહમદ રાઠોડ દ્વારા) વાંકાનેર,તા. ૧૮: ૨૦૨૪ની લોકસભા ચૂંટણી અગાઉની ચૂંટણીઓથી કંઈક અલગ ભાત પાડનારી, નાવિન્ત્ય સભર ની અને લોકો માટે ભારે સાબિત થયેલી જોવા મળી રહી છે. ભાજપ શાસન દરમ્યાન અગાઉની આવી ચૂંટણીઓમાં ભાજપનું પ્રભુત્વ વેવ્સ, ઝુવાળ ભારે પ્રભાવી રીતે જોવા મળ્યો હતો. જ્યારે આ વખતની ચૂંટણીમાં જુવાળની બાદબાકી અને પ્રચાર દરમ્યાન અતિભારે ટક્કરો જોવા મળી. મતદાન પૂર્વે પ્રચારનો મારો પણ તોફાની જોવા મળેલો. જો કે હવે મત ગણતરીની ઘડીઓ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ કુદરતનું વરસાદી તોફાની સ્વરૂપ પણ છે તેમ તેમ કુદરતનું વરસાદી તોફાની સ્વરૂપ પણ અચંબાસભર અને રૌદ્ર સ્વરૂપે જોવા મળી રહ્યું છે. ચૂંટણીના પૂર્વાધ અને ઉતરાર્ધ સમયગાળામાં રાજકીય ગરમાવો બાદ ગરમીનો લૂ સભર નો સમયગાળો હાલ લોકોને દઝાડી રહ્યો છે. કુદરતનું વરસાદી તોફાની સ્વરૂપ પણ અચંબા સભર અને રૌદ્રસ્વરૂપે આ ચૂંટણી સમયગાળામાં જ જોવા મળી રહ્યુ છે. મિની વાવાઝોડાઓની આવી અધિકતા તો અગાઉના કોઈ પણ પ્રિમોન્સુન ગાળામાં પણ જોવા મળી નથી.

હવે ચૂંટણી પરિણામની તારીખ ૪ જૂન નજીક આવી રહી છે ત્યારે પરિણામ આસપાસના જ સમયગાળામાં હવે મિનીને બદલે મોટા વાસ્તવિક વાવાઝોડાઓની અસર ગુજરાત સહિત દેશના ઘણા રાજ્યોને અસરકર્તા સાબિત થશે. તે પૈકી બંગાળની ખાડીઓમાં તો આવનારા નજીકના દિવસોમાં જ ઉદભવનારા વાવાઝોડા ક્યાં ફંટાશે? તેના ગણિત વેધર એનાલીસિસ્ટો દ્વારા મંડાઈ રહ્યા છે. આ પછી ગુજરાતના દરીયામાં અર્થાત અરબ સાગરમાં વાવાઝોડુ ઉદભવશે જે ગુજરાતને ટચ કરશે કે કેમ? તે અંગે પણ વિવિધ મોડેલો અનુમાનો ભિન્ન રીતે દર્શાવી રહ્યા છે.

ટૂંકમાં ઈલેકશન ટૂ થાઉઝન્ડ ટવેન્ટી ફોરનો પૂર્વ મધ્ય અને પાછોતરો સમયગાળો લોકો માટે ભારે સાબિત તો થઈ જ રહ્યો છે. (૨૨.૩)



# જસદણ-આટકોટ પંથકમાં મીની વાવાઝોડુ: થાંભલા, હોર્ડિંગ્સ, વૃક્ષો ધરાશાયી

આટકોટ :.. જસદણ-આટકોટ ભારે પવન સાથે વરસાદથી નુકશાની થઈ છે. મીની વાવાઝુડા ફુંકાયું હતું ભારે પવન સાથે ધોધમાર વરસાદ તુટી પડયો હતો. એક કલાકમાં દોઢ ઈંચ વરસાદ ખાબકયો હતો. આટકોટના ગાયત્રીનગર તળાવ નવાની આવ્યા છે. લારી કેબીનો ભારે પવનના કારણે ઉંધી નાખી દીધી હતી. આટકોટ ગોંડલ રોડ ઉપર ખારસીયા પાસે વડલાનું ઝાડ પડતાં એક સાઈડનો રોડ બંધ થયો હતો. તેમજ ખારચિયા ગામે મકાન પર પેપરનો વૃક્ષ પડયો હતો જો કે કોઈ જાન નહીં થાય ન હતી. વીરનગર બળધોઈ ખારચિયા આટકોટ જીવાપર પાંચવડા સહિતના વિસ્તારોમાં વરસાદ વાવાઝોડાના કારણે લોકોને નુકસાની સહન કરવાનો વારો આવ્યો હતો. (તસ્વીર-અહેવાલ : કરશન બામટા-આટકો)

# મારા ૧૦૦ દિવસના વિઝનમાં હવે ૨૫ દિવસ યુવાનો માટે ઉમેરીશ : નરેન્દ્રભાઇ

## સરકાર ચાલે છે એમ નહિ પરંતુ સરકાર ચલાવવી છે તે વાતને ધ્યાનમાં રાખીને અમે આગળ વધી રહયા છીએ



રાજકોટ, તા., ૧૭: વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજતક ચેનલમાં આપેલા ઈન્ટરવ્યુંમાં આવનારા વર્ષોમાં કેવી કામગીરી કરશે તે અંગે પોતાની વાત રજુ કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, ૨૦૧૪, ૨૦૧૯ની ચુંટણી બાદ આવનારા ૧૦૦ દિવસમાં સરકાર શું કામગીરી કરશે ? તેના એજન્ડા નક્કી કરીને તે દિશામાં અમે કામગીરી કરી છે અને તે મુજબ કઇ યોજનાને પ્રાથમીકતા આપવી તે દિશામાં પગલા ભર્યા છે. જેમાં સફળતા પણ મળી છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધુમાં જણાવ્યું કે, હું જયારે ગુજરાતમાં હતો ત્યારે ૨૬ મી જાન્યુઆરીએ મોટો ભુકંપ ગુજરાત અને કચ્છમાં આવ્યો હતો. જેની વધુ અસર કચ્છમાં હતી. ભુકંપ પહેલા જ મેં મુખ્યમંત્રી તરીકે સત્તાના સુત્રો સંભાળ્યા હતા અને બીજા જ દિવસથી હું કચ્છમાં જતો રહયો હતો અને બે-ત્રણ દિવસ સુધી ત્યાં જ રોકાયો હતો અને સ્થિતિની સમીક્ષા કરી હતી. ત્યાર બાદ ગાંધીનગર આવીને કચ્છને એક વર્ષમાં કેમ બેઠુ કરવું? તે દિશામાં આગળ વધવા અમારી ટીમના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. તે મુજબ કામગીરી કરીને એક વર્ષમાં કચ્છની કાયાપલટ કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધુમાં જણાવ્યું કે, મારી કાર્યશૈલીનો એક ભાગ છે કે હું આગળનું પહેલા વિચારૂ છું અને તે મુજબ કામની પ્રાથમીકતા ગણું છું. સંગઠનમાં રહયો હોવાથી સમયને કેવી રીતે મહત્વ આપવું તથા કયાં કામને પહેલી પ્રાથમીકતા આપવી તે દિશામાં વધુ જોઉ છું. તે મુજબ જ કચ્છમાં કામગીરી કરી અને મારી ટીમે પણ આવી રીતના ટીમવર્કથી થતા કામને આવકાર્યુ હતું અને તે મુજબ અમે આગળ વધી રહયા છીએ.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધુમાં જણાવ્યું કે, સરકાર ચાલે છે તેમ નહિ પરંતુ સરકાર ચલાવવી છે તેવી રીતે ધ્યાન આપીને અમે સરકાર ચલાવીએ છીએ. જેથી હવે પછી હું જે ૧૦૦ દિવસના પ્લાન મુજબ કામ કરતો હતો તેની જગ્યાએ હવે તેમાં ૨૫ દિવસનો ઉમેરો કર્યો છે. આ ૨૫ દિવસ ભારત દેશના યુવાનો માટે ફાળવવા છે. યુવાનો પોતાના વિચારો સરકારમાં રજુ કરે અને તે મુજબ સરકાર આગળ વધે તે પ્રમાણે કામ કરીશું. (૪.૨૨)

## અવસાન નોંધ

### વાસુદેવ બેટાઇ

રાજકોટઃ વાસુદેવ ઘનશ્યામ બેટાઈ,(ઉ.વ.આ.૮૬) નું તા.૧૬ ના અવસાન થયું છે ઉઠમણું પાઘડીયું) તા.૧૯ તે રવિવારે ના સાંજે ૫-૩૦ કલાકે અમરનાથ મંદિરે, જગન્નાથ પ્લોટ, બિગ બજારની પાછળ, અથવા કાલાવડ રોડ, હોન્ડા વાળી શેરીમાં થઈને જગન્નાથ ચોક, ખાતે રાખેલ છે (૩.૨)

## સમાજસેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ

# હોસ્પિટલના કામથી અમદાવાદ જાઓ છો ? રઘુવંશીઓ માટે રહેવાની વિનામૂલ્યે વ્યવસ્થા

રાજકોટ, તા., ૧૭ઃ ગુજરાતની નામાંકીત મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલો અમદાવાદ ખાતે આવેલ હોય કે પછી ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે પણ હોસ્પીટલોના કામથી સૌરાષ્ટ્ર-ગુજરાતના દર્દીઓને પોતાના સગા સાથે સમયાંતરે જવાનું થતું હોય છે. હોસ્પીટલના કામથી અમદાવાદ-ગાંધીનગર ખાતે દર્દીઓની સાથે જતા સગા-વ્હાલાઓ માટે (માત્ર રઘુવંશીઓ) કયારેક અચાનક રાત્રી રોકાણ કરવાનું થતું હોય છે. આ માટે પાટણના રઘુવંશી અગ્રણી અને વિલાજ ગ્રુપના ચેરમેન શ્રી લાલેશભાઈ ઠક્કર દ્વારા એરીસ્ટો રીસોર્ટ એન્ડ કલબ, નિરમા યુનિવર્સિટી સામે, મોદી સંકુલની બાજુમાં એસ જી હાઈવે અમદાવાદ ખાતે વિનામુલ્યે રહેવાની સગવડ કરવામાં આવી છે. રૂમ મેળવવા માટે મો.નં. ૭૫૭૫૦ ૦૨૨૨૮ ઉપર ઓફીસ ટાઈમ દરમ્યાન સંપર્ક કરી શકાય છે. દર્દીની સાથે રહેલા રઘુવંશીઓએ પોતાનુ આધારકાર્ડ સાથે રાખવુ જરુરી છે. સમાજસેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડનાર પાટણના રઘુવંશી અગ્રણીશ્રી લાલેશભાઈ ઠક્કરે અકિલાને જણાવ્યું હતું કે રઘુવંશી સમાજના વધુમાં વધુ લોકો આ સેવાયજ્ઞનો લાભ લે તે ઈચ્છનીય છે. (૪.૨૦)

**પાટણના રઘુવંશી અગ્રણી અને વિલાજ ગ્રુપના ચેરમેન લાલેશભાઇ ઠક્કર દ્વારા એરીસ્ટો રીસોર્ટ, એસ.જી. હાઇવે, અમદાવાદ ખાતે દર્દીના સગાઓ માટે ફ્રી રૂમની વ્યવસ્થાઃ રૂમ મેળવવા માટે મો. ૭૫૭૫૦ ૦૨૨૨૮: આધાર કાર્ડ સાથે રાખવું જરૂરી**



શ્રી લાલેશભાઇ ઠક્કર
મો. ૯૯૦૯૩ ૧૪૪૪૨

# જાતીય સતામણીના કેસમાં પ્રો. સંજય તૈરૈયાને નોકરીમાંથી બરતરફ કરાયા

રાજકોટ તા.૧૭ : દિન પ્રતિદીન મહિલાઓની સતામણી પજવણી કર્યા અંગેના કિસ્સાઓ પ્રકાશમાં આવતા રહ્યા છે. રાજકોટની મહિલા કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા સંજય કે. તેરૈયાને નોકરીમાંથી બરતરફ કરવાનો નિર્ણય કર્યા હોવાનુ જાણવા મળેલ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના ઈતિહાસમાં જાતીય સતામણી/પજવણી કરવાના કેસમાં પ્રથમ વખત નોકરીમાંથી બરતરફીની સજા કરવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે.

મહિલા કોલેજમાં સીઈઓ તરીકે ફરજ બજાવતા ડો. પુરૂષોત્તમ પીપરીયાએ ફરીયાદ અંગે જાત દેખરેખ રાખી કયાય કચાસ ન રહે અને વિદ્યાર્થીની/છાત્રાને પુરતો ન્યાય મળે તે માટે અથાગ પ્રયત્ન કરતા આરોપીને બરતરફીની અંતિમ સજા સુધી પહોંચાડવામાં સફળ રહ્યા હતા.

સમગ્ર કેસની વિગત જોઈએ તો સંસ્થા સંચાલિત કોલેજની છાત્રા વિદ્યાર્થીનીએ પ્રો.સંજય કે. તેરૈયા વિરૂધ્ધ સેકસ્યુઅલ હેરેસમેન્ટ થયાની ફરીયાદ નોંધાવતા જણાવેલ કે, 'રૂબરૂ અને વોટ્સએપ મેસેજમાં ખૂબ આબરૂ અને શરમજનક ટીપ્પણીઓ કરતા હતા. વારંવાર મારી ના પાડવા છતા પોતાની આ નાપાક હરકતો ચાલુ રાખેલી' તેમજ 'આ વાત છુપાવવા માટે રૂબરૂમા વારંવાર ધમકી પણ આપેલ છે.' તેવી નૈતિક અધ:પતન વાળી ગંભીર પ્રકારની ગેરવર્તણુંક/ગેરશીસ્ત વાળી ફરીયાદ કરેલ હતી.

પોતાની સામેના આરોપો અંગે પ્રો.સંજય કે. તેરૈયાએ જણાવેલ કે 'વોટ્સએપ મેસેજમા સામાન્ય વાત થયેલ છે તે દરમ્યાન કોઈપણ ઘટના દ્વારા જાણે-અજાણે કોઈપણ રીતે મન દુભાયુ હોય તો ક્ષમ્ય ગણશો.' તેમ દર્શાવી સબંધિત કર્મચારીએ કોલેજની છાત્રા/વિદ્યાર્થીનીએ કરેલ ફરીયાદના તથ્યો પૈકી સેકસ્યુઅલ હેરેસમેન્ટ પ્રકારના તથ્યોને સ્વીકારેલ હતા અને આંતરીક ફરીયાદ સમીતી સમક્ષ આ બાબતને રજુ કરવામાં આવેલ.

સેકસ્યુઅલ હેરેસમેન્ટની ફરીયાદ કરનાર ફરીયાદી વિદ્યાર્થીની/છાત્રાએ આંતરીક ફરીયાદ સમીતી સમક્ષ સ્વૈચ્છીક નિવેદન આપી અને તેમની સાથે વોટ્સએપ મેસેજના સ્ક્રિનશોટસ રજૂ કરેલ, જે નિવેદનમાં સબંધિત કર્મચારીએ વિદ્યાર્થીની/છાત્રા સાથે સેકસ્યુઅલ હેરેસમેન્ટ કર્યાના આક્ષેપો અંગે નિવેદન આપેલ તે આક્ષેપો ગંભીર પ્રકારની નૈતિક અધ:પતન વાળી ગેરવર્તણુંક/ગેરશીસ્ત આચરી હોવાના હતા.

પ્રો. સંજય કે. તેરૈયાએ આંતરીક ફરીયાદ સમીતી સમક્ષ સ્વૈચ્છીક નિવેદન આપી વિદ્યાર્થીની/છાત્રાએ કરેલ સેકસ્યુઅલ હેરેસમેન્ટ અંગેના આક્ષેપોને સ્પષ્ટ રીતે સ્વીકાર કરેલ.

પ્રો. સંજય કે. તેરૈયા વિરૂધ્ધના આક્ષેપો અન્વયે આંતરીક ફરીયાદ સમીતીએપ્રો. સંજય કે, તેરૈયા વિરૂધ્ધ આક્ષેપો સાબિત થયા હોવાનો અહેવાલ આપેલ હતો.

તા.૨૬/૧૨/૨૦૨૨ ના રોજ પ્રો.સંજય કે. તેરૈયાને સસ્પેન્ડ કરવામાં આવેલ અને તેની વિરૂધ્ધ ખાતાકીય તપાસ કરવાનો નિર્ણય સંસ્થાએ કરેલ હતો, તે ખાતાકીય તપાસના કામમા સૌરાષ્ટ્ર યુનિવર્સીટી તરફથી યુનિવર્સીટીના પ્રતિનિધી તરીકે ગુજરાત હાઈકોર્ટના નિવૃત ન્યાયધીશ સાહેબની નિમણૂક કરેલ, જેઓ ખાતાકીય તપાસ સમીતીના ચેરમેન તરીકે રહ્યા હતા. જયારે સંસ્થા/કોલેજે ખાતાકીય તપાસ સમિતીના સભ્ય તરીકે એડવોકેટની નિમણૂક કરેલ, જયારે સબંધિત કર્મચારીએ ખાતાકીય તપાસ સમીતીના સભ્ય તરીકે એડવોકેટની નિમણુક કરેલ હતી.

**ખાતાકીય તપાસના કામમાં હાઇકોર્ટના નિવૃત્ત જજની નિમણુંક સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઇતિહાસમાં પ્રથમ વખત : સૌરાષ્ટ્રના શૈક્ષણિક જગતમાં વિદ્યાર્થીની - છાત્રા સાથે અશોભનીય વર્તન કરનારને નોકરીમાંથી બરતરફ કર્યાનો પ્રથમ કિસ્સો**

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી તરફથી નિમાયેલ તપાસ સમીતીના ચેરમેન હાઈકોર્ટના નિવૃત જજશ્રી અને સંસ્થા તરફથી નિમાયેલ તપાસ સમીતીના સભ્યશ્રીએ બહુમતીથી કર્મચારી વિરૂધ્ધના આક્ષેપોને સાબિત માની ફાઈન્ડીંગ્સ આપેલ, જયારે પ્રો. સંજય તેરૈયાએ તપાસ સમીતીના સભ્ય તરીકે નિમણૂંક કરેલ સભ્યએ ફાઈન્ડીંગ્સમા પ્રો.સંજય તેરૈયાની સામેના આક્ષેપો નિ:શંક પણે સાબિત થતા નથી, એટલે કે શંકાનો લાભ આપી ફાઈન્ડીંગ્સ આપેલ. ખાતાકીય તપાસ સમીતીના ત્રણ સભ્યો પૈકી બે સભ્યોની બહુમતીએ પ્રો.સંજય કે. તેરૈયા સામેના આક્ષેપોને નિ:શંક પણે સાબિત માનેલ હતા, જયારે પ્રો.સંજય કે. તેરૈયાએ નિમણૂક કરેલ સભ્યએ પ્રો.સંજય કે. તેરૈયાની સામેના આક્ષેપો નિ:શંક પણે સાબિત થતા નથી તેવુ માનેલ હતુ, એટલે કે, પ્રો.સંજય કે. તેરૈયાને શંકાનો લાભ આપેલ હતો.

તપાસનીસ સમીતીએ પ્રો. સંજય કે. તેરૈયા સામેના આરોપનામામા દર્શાવેલ તમામ આરોપો સંપૂર્ણ રીતે પૂરવાર થતા હોવાનુ બહુમતીથી માનેલ હતુ. ખાતાકીય તપાસ સમીતીના બહુમતિ સભ્યોએ પોતાના અહેવાલમા તે માટેના તારણો, વિવરણ, અવલોકન સહિત સંપૂર્ણ રીતે આરોપો પુરવાર થતા હોવાના તારણો આપેલ હતા. તેઓના તારણ સાથે સંસ્થાના ટ્રસ્ટી મંડળ પણ સર્વાનુમતે સહમત થયા હતા. પ્રો. સંજય કે. તેરૈયા સંસ્થામા જવાબદાર કર્મચારી તરીકેની ફરજ બજાવતા હતા. પ્રો. સંજય કે, તેરૈયા સામેની ખાતાકીય તપાસમા કોલેજમા ભણતી વિદ્યાર્થીની છાત્રા સાથે સેકસ્યુઅલ હેરેસમેન્ટ કર્યા અંગેના અને નોકરીના સિધ્ધાંતો વિરૂધ્ધ પરીક્ષામા પાસ કરાવવા માટેના નૈતિક અધ:પતન વાળા ગંભીર પ્રકારની ગેરવર્તણુંક/ગેરશીસ્ત આચરી હોવાના આક્ષેપો બહુમતિથી સાબિત/પુરવાર થયેલ હતા.

તપાસનીસ કમીટીના ફાઈન્ડીંગ્સ ધ્યાને લઈ સંસ્થાએ પ્રો. સંજય કે. તેરૈયાની સામે કોલેજની છાત્રાને સેકસ્યુઅલ હેરેસમેન્ટ કર્યાના અને નોકરીના સિધ્ધાંતો અને નિયમો વિરૂધ્ધ પરીક્ષામાં પાસ કરાવવા માટેના નૈતિક અધ:પતન વાળા, ગંભીર પ્રકારની ગેરવતણુંક ગેરશીસ્ત આચરી હોવાનુ પુરવાર થયેલ હોય તેઓની સામે મુકવામાં આવેલ આરોપો નિ:શંકપણે સાબિત થયેલ હોય તે આરોપોની ગંભીરતા ધ્યાને લેતા પ્રો.સંજય કે. તેરૈયાને સંસ્થાની નોકરીમા રાખવા સંસ્થાના હિતમા ન હોય બરતરફ કરવાનો આખરી હુકમ કરવામાં આવેલ. (૨૧.૨૩)

## વોઇસ ઓફ લેજન્ડ્સ દ્વારા કિશોર કુમારને શ્રધ્ધાંજલિ : શનિવારે રાજકોટમાં ગીતોથી ફરી જીવંત થશે કિશોરકુમાર

# હું મારા કાનને ગુરૂ માનું છું : સુનિલ ગઢિયા





રાજકોટ, તા.૧૬ : રાજકોટમાં સંગીતના કાર્યક્રમો અવાર-નવાર થતા રહે છે. રંગીલા રાજકોટવાસીઓ પણ તેને મનભરીને માણે છે. રાજકોટને મ્યુઝીકમાં વેરાઈટી મળતી થઈ છે અને મુંબઈના બોલીવુડના ધુરંધર નામી કલાકારો રાજકોટ આવતા થયા છે. અનેક કલાકારો રાજકોટ આવી પર્ફોમ કરે છે પરંતુ રાજકોટમાં પણ એવા કલાકારો છે જે બહાર જઈ પોતાનું પર્ફોમન્સ આપે છે. આવોજ એક સુમધુર કાર્યક્રમ 'વોઈસ ઓફ લેજન્ડસ' ગ્રૂપ સૌપ્રથમ વખત રાજકોટને આપવા જઈ રહ્યા છે. આજે શનિવાર તા.૧૮ ને રાત્રે ૯.૧૫ કલાકે હેમુગઢવી ઓડિટોરીયમ ખાતે ધુરંધર ગાયક કિશોર કુમારને શ્રધ્ધાંજલિ રૂપ 'અ ટ્રિબ્યુટ ટુ કિશોર કુમાર' અવિસ્મરણીય સંગીતનો જલ્સો સંગીતપ્રેમીઓ માટે યોજાવાનો છે. કિશોર કુમારે ગાયેલા અને લોકોને હૈયે વસેલા સુમધુર ગીતો રાજકોટવાસીઓને ગાયકો સુનિલ ગઢિયા, રીના ગજ્જર અને હેતલ મુન્શી પંડ્યા દ્વારા પીરસવામાં આવશે.

**આજે રાત્રે ૯.૧૫ કલાકે હેમુગઢવી ઓડિટોરીયમ ખાતે ધુરંધર ગાયક કિશોર કુમારને શ્રધ્ધાંજલિ રૂપ 'અ ટ્રિબ્યુટ ટુ કિશોર કુમાર' અવિસ્મરણીય સંગીતનો જલ્સો સંગીતપ્રેમીઓ માટે યોજાશે**

અકિલાના આંગણે આવેલ આયોજકો અને કલાકારોમાંના મુખ્ય કલાકાર સુનિલ ગઢિયા (વોઈસ ઓફ કિશોર કુમાર) મૂળ રાજકોટના છે અને છેલ્લા ૪૦ વર્ષથી માત્ર કિશોર કુમારના ગીતો ગાય છે. તેઓ છેલ્લા ૧૪ વર્ષથી રાજકોટ ઉપરાંત દિલ્હી, કોલકતા વગેરે શહેરોમાં પર્ફોમ કરે છે. ઉલ્લેખનીય છે કે, તેઓ મૂળ ગુજરાતી હોવા છતાં કિશોર કુમારે ગાયેલા બંગાળી ભાષાના ગીતો એક પણ શાબ્દિક ભૂલ વિના ગાઈ જાણે છે. આ અંગે સુનિલભાઈ ગઢિયાએ જણાવ્યું કે, મને બંગાળી ભાષા આવડતી નથી પરંતુ રવિન્દ્રનાથ ટાગોરના રવિન્દ્ર સંગીતના અને કિશોર કુમારે ગાયેલા ગીતો હું બખુબી ગાઈ જાણું છું. હું બંગાળી ભાષા શિખ્યો નથી પણ સાંભળીને ગાઉં છું. કિશોર કુમારે લગભગ ૧૭૫ થી ૨૦૦ ગીતો બંગાળી ભાષામાં ગાયા છે. સુનિલ ગઢિયાને કોલકતાના મમતા બેનર્જી સરકારના મંત્રી અરૂણ રોયના હસ્તે બે વખત એવોર્ડ પણ મળ્યો છે.

કિશોર કુમાર સંગીત શિખ્યા નહોતા છતા ખુબ સુંદર ગીતો તેમણે આપ્યા છે. જયારે સુનિલભાઈ ગઢિયા પણ સંગીત શીખ્યા નથી છતાં કિશોર કુમારની ખુબ નજીક નો અવાજ તેઓ ધરાવે છે. તેઓ કહે છે, મને નાનપણથી જ સંગીતનો શોખ હતો. તેમાંય કિશોર કુમારના ગીતો સૌથી વધુ સાંભળ્યા છે. તેમના ગીતોમાં રોમેન્ટિક, ફની, સેડ એવા દરેક મૂડ જોવા મળે છે. આથી કિશોર કુમારના ગીતો મારી સૌથી વધુ નજીક છે. હું મારા કાન ને ગુરૂ માનું છું. કારણ કિશોરદા ના ગીતો સાંભળીને જ હું ગાતો થયો છું.





સુનિલ ગઢિયા



હેતલ મુન્શી



રીના ગજ્જર



ગીત ગઢીયા



મોહિત બુચ

**કલાકારો સુનિલ ગઢિયા, રીના ગજ્જર અને હેતલ મુન્શી પંડ્યા તથા મહેમાન ગાયક ગીત ગઢીયા તથા મોહિતભાઇ બુચ સુમધુર ગીતો પીરસશે**

## કલાકારોને મંચ પુરો પાડશે 'વોઇસ ઓફ લેજન્ડ્સ' ગ્રૂપ

રાજકોટમાં કિશોર કુમારને શ્રધ્ધાંજલિ સાથે વોઈસ ઓફ લેજન્ડ્સ ગ્રૂપની શરૂઆત થઈ રહી છે ત્યારે તેના ફાઉન્ડર કેતનભાઈ મહેતાએ અકિલાને જણાવ્યું હતું કે, અમે મિત્રોને એવો વિચાર આવ્યો કે રાજકોટ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં એવા ઘણા કલાકારો છે જેમનો અવાજ મૂળ કલાકારની ઘણો નજીકનો હોય.

ઉપરાંત આજની નવી પેઢીમાં પણ એવા કલાકારો છે જે નવા ગાયકોની નજીકનો અવાજ ધરાવે છે. આવા કલાકારોને મંચ પુરૂ પાડવા વોઈસ ઓફ લેજન્ડ્સ ગ્રૂપની શરૂઆત કરી છે. આગામી ઓગસ્ટમાં જામનગર ખાતે બીજા શોનું આયોજન પણ કર્યુ છે. આર્થિક ઉપાર્જન માટે નહિં પણ લોકો તેમના તણાવને દુર કરી સંગીતનો આનંદ માણી શકે તે હેતુથી આ ગ્રૂપની સ્થાપના કરાઈ છે.

હું ૧૯૯૦ થી કિશોર કુમારના ગીતોનો વન મેન શો કરૂં છુ. મારી પાસે તેમના ૨૯૦૫ જેટલા ગીતો મળી શકે છે.

સુનિલભાઈ ગઢિયાએ વધુમાં જણાવ્યું કે, કિશોર કુમારના ગીતો જેટલી વખત સાંભળો તેમાંથી નવું મળે છે. તેમણે ગીતોમાં શ્વાસ ક્યાં લીધો, કઈ હરકત લીધી, શબ્દ પર વજન વગેરે દર વખતે ગીતો સાંભળતા નવું જાણવા મળે છે. ગાયકોએ એ વાતનો પણ ખ્યાલ રાખવો જોઈએ કે હિન્દી ગીત ગાતી વખતે તમારી માતૃભાષાનો ટચ તેમાં આવવો જોઈએ નહીં.

આ કાર્યક્રમમાં વડોદરાના ખ્યાતનામ ગાયિકા હેતલ મુન્શી પંડ્યા પણ તેમના અવાજથી લોકોને અલગ દુનિયાની સફર કરાવવાના છે. તેઓ લતા મંગેશકર અને આશા ભોંસલેના ગીતો બખુબી ગાઈ જાણે છે. હેતલબેન છેલ્લા ૩૫ વર્ષથી સંગીતની દુનિયામાં સક્રિય છે. તેમણે અનેક સ્ટેજ પ્રોગ્રામ તથા ગુજરાતી ફિલ્મો અને ઘણી બધી જાહેરાતોમાં પોતાનો કંઠ આપ્યો છે. ધુરંધર ગાયકો જેવાકે, ઉદિત નારાયણ, સોનુ નિગમ, કુમાર સાનુ, મહમદ અઝીઝ, શબ્બિર કુમાર, વિનોદ રાઠોડ, અનવર વગેરે સાથે સ્ટેજ પ્રોગ્રામ આપ્યા છે. વધુમાં હેતલબેન એકમાત્ર એવા ગાયિકા છે જેમને વડોદરામાં ગઝલ સમ્રાટ ગુલામ અલી સાથે સ્ટેજ પર પર્ફોમ કરવાનું સૌભાગ્ય મળ્યું છે.

કાર્યક્રમના અન્ય જામનગરના ગાયિકા રીના ગજ્જર પણ આશાજી અને લતાજીના ગીતો સુંદર રીતે ગાઈ જાણે છે. તેઓ ૧૦ વર્ષથી સ્ટેજ પ્રોગ્રામ આપી રહ્યા છે. આ કાર્યક્રમમાં મહેમાન ગાયક તરીકે મોહિતભાઈ બુચ તથા ગીત ગઢિયા પણ તેમની કલાનો પરિચય આપશે.

આ સમગ્ર કાર્યક્રમના આયોજનમાં 'વોઈસ ઓફ લેજન્ડ્સ' ગ્રૂપના ફાઉન્ડર કેતનભાઈ મહેતા, સુનિલભાઈ લાખાણી, અરૂણભાઈ શિશાંગીયા, ગીત ગઢિયા તથા બિરેનભાઈ બુચ જહેમત ઉઠાવી રહ્યા છે. કાર્યક્રમને સફળ બનાવવા રાજકોટના બિલ્ડર અગ્રણી ક્રિસ્ટલ ગ્રુપના બાકિરભાઈ ગાંધી તેમજ જાણીતા ઉદ્યોગકાર અક્ષિત પોબારૂ તેમજ અનેક મિત્રોનો સહયોગ સાંપડી રહ્યો છે. આજે શનિવાર તા.૧૮ ને રાત્રે ૯.૧૫ કલાકે આયોજીત 'અ ટ્રિબ્યુટ ટુ કિશોર કુમાર' કાર્યક્રમ અચૂક માણવા જેવો છે. કાર્યક્રમમાં ઓરકેસ્ટ્રા અમદાવાદના મિતેશ દેસાઈ ગ્રુપનું છે. કાર્યક્રમનું સંચાલન જામનગરના બિમલ ઓઝા કરશે. અકિલા ખાતે કાર્યક્રમના આયોજક કેતનભાઈ મહેતા, કલાકાર સુનિલભાઈ ગઢિયા, ઉદ્યોગપતિ સુનિલભાઈ લાખાણી, મોહિતભાઈ બુચ, બિરેનભાઈ બુચ ઉપસ્થિત રહી વિગતો આપી હતી. કાર્યક્રમની ટીકિટ અને વધુ વિગત માટે કેતનભાઈ મહેતા ૯૯૨૪૬૩૯૩૯૯, અરૂણભાઈ શિશાંગીયા-૯૮૨૪૦૮૮૫૭૭ અને સુનિલભાઈ લાખાણી-૯૮૨૫૨૧૯૧૮૯ પર સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

## બડે ધુનિવાલે બાબા એ કિશોર કુમારને જયારે બોલતા કર્યા....

આજે તા.૧૮ ને શનિવારે કિશોર કુમારને શ્રધ્ધાંજલિ અર્પતો અને કિશોર કુમારના ગીતોનો અદભૂત કાર્યક્રમ રાજકોટમાં યોજાવા જઈ રહ્યો છે ત્યારે અકિલાના આંગણે આવેલા કલાકાર સુનિલભાઈ અઢિયાએ કિશોર કુમરનો એક સાંભળેલો અદભૂત કિસ્સો કહ્યો હતો તે મુજબ જયારે કિશોર કુમાર નાના ત્યારે બોલી નહોતા શક્તા. તેમની માતા ને કોઈએ કહ્યું કે ખંડવામાં જયાં તેઓ રહેતા ત્યાં બડે ધુનિવાલે બાબાનું મંદિર આવેલું છે તેમને મળો અને તેમના આશીર્વાદ મેળવો.

કિશોરદા ને લઈ તેમના માતા એ મંદિરે ગયા. જયાં બાબા એ કિશોર કુમારને બે લાડુ ખાવા આપ્યા અને તેના માથા પર એક છડી રાખી અને તેમની માતાને કહ્યું 'તેરા બેટા મરને કે બાદ ભી બોલેગા'. એ પછી કિશોરદા બોલતા થઈ ગયા. આજે પણ તેમના ગીતોથી તે લોકોના દિલમાં જીવંત છે. સુનિલભાઈ ગઢિયા એ કિશોર કુમારના ગામ ખંડવામાં પણ પર્ફોમ કર્યું છે.

**સુનિલ ગઢિયા મૂળ ગુજરાતી હોવા છતાં કિશોર કુમારે ગાયેલા બંગાળી ભાષાના ગીતો શાબ્દિક ભૂલ વિના ગાઇ જાણે છે**

# જૂનાગઢની જ્વેલર્સ પેઢી સાથે મેનેજરની ૯૧ લાખના ૧૨૮૨ ગ્રામ સોનાની છેતરપિંડી

## કારીગરોના નામે ખોટી એન્ટ્રી કરી વિશ્વાસઘાત કર્યો, પોલીસ તપાસઃ મયુર નાનજીભાઇ વાઘેલા સામે ગુન્હો

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ તા. ૧૮: જૂનાગઢની જવેલર્સ પેઢી સાથે મેનેજરે ૯૧ લાખ રૂપિયાના ૧૨૮૨ ગ્રામ સોનાની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ થતા ચકચાર મચી ગઈ છે. પોલીસે આ મામલે તપાસ નો દોર શરૂ કર્યો છે.

આ અંગેની વિગતો એવી છે કે, જુનાગઢ શહેરમાં છાયાબજાર પાસે હેઠાણ ફળિયાના નાકે આવેલ સુનિલભાઈ ધીરજભાઈ રાજપરાની જવેલર્સ પેઢીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા મયુરભાઈ નાનજીભાઈ વાઘેલાને પેઢીમાંથી સોનાનો કાચો માલ આપવામાં આવતો હતો. અને આ કાચો માલ મેનેજર મયુર વાઘેલા તેની નીચે કામ કરતા કારીગરોને સોનાના દાગીના બનાવવા માટે આપતા હતા. આ સોનાનો કાચો માલ વજન મુજબ કારીગરો પાસેથી સોનાના દાગીના ઓળખતો જમા કરાવવાની જવાબદારી મયુર વાઘેલાની હતી.

પરંતુ મેનેજર મયુર વાઘેલાએ ૧૦ ફેબ્રુઆરીથી ૧૬ મે દરમિયાન પેઢી સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરી પેઢીએ આપેલ કાચુ સોનુ પેઢીના એસએજી પ્લસ સોફટવેરમાં કારીગરોના નામે ખોટી એન્ટ્રી કરી અને પેઢીના સ્ટોકમેળમાં સાચી એન્ટ્રીઓ તેમજ સ્ટોક બતાવી પેઢીનું કુલ રૂપિયા ૯૧ લાખની કિંમતના ૧૨૮૨.૦૭ ગ્રામ સોનું ઓળવી જઈ જવેલર્સ પેઢી સાથે છેતરપિંડી આચરી વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ સુનિલ રાજપરાએ નોંધાવતા એ ડિવિઝન પોલીસે મયુર વાઘેલા સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી હતી વધુ તપાસ પીઆઈ વી. જે. સાવજ ચલાવી રહ્યા છે. (૨૨.૫)

### મ.પ્રદેશ હાઇકોર્ટનો ફેંસલો

# બળાત્કારની ખોટી FIR નોંધાવવી અને ધમકી આપવી એ આપઘાત માટે ઉશ્કેરવા સમાન

ભોપાલ તા. ૧૮ : મધ્યપ્રદેશ હાઈકોર્ટે એક કેસમાં મહત્વનો નિર્ણય આપીને મહિલા ડોક્ટર અને તેની માતાને મોટો ઝટકો આપ્યો છે. અરજી ફગાવી દેતાં હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે બળાત્કારનો ખોટો રિપોર્ટ દાખલ કરવાની ધમકી આપવાનું વલણ પણ આત્મહત્યા માટે ઉશ્કેરવાની શ્રેણીમાં આવે છે. જસ્ટિસ જીએસ અહલુવાલિયાની સિંગલ બેન્ચે મહિલા ડોક્ટર અને તેની માતા વિરૂદ્ધ દાખલ કરવામાં આવેલી એફઆઈઆરને રદ કરવાનો પણ ઈન્કાર કરી દીધો છે. આ સમગ્ર મામલો એક યુવકને આત્મહત્યા માટે ઉશ્કેરવા સાથે સંબંધિત છે.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટને જાણવા મળ્યું કે ચંદ્રશેખર ઉર્ફે પવન આહુજા અને તેની માતા વચ્ચે ગટરમાં કચરો ફેંકવાને લઈને વિવાદ થયો હતો. બાલાઘાટના કોતવાલી પોલીસ સ્ટેશનમાં પાડોશીઓએ યુવક અને તેની માતા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. યુવક પોતાનું ઘર ગીરવે મૂકીને પીએસસીની તૈયારી કરવા ઈન્દોર ગયો હતો. માનસિક તણાવને કારણે તેને અભ્યાસમાં રસ નહોતો. જયારે તે બાલાઘાટ આવ્યો ત્યારે પડોશમાં રહેતી અરજદાર મહિલા ડોક્ટરે બળાત્કાર અને છેડતીનો ખોટો રિપોર્ટ નોંધાવવાની ધમકી આપી હતી. યુવક ઓક્ટોબરમાં તેના પિતા સાથે માંડલા જિલ્લાના બામહાણી બંજર ગયો હતો. આ દરમિયાન તેની માતાનો પાડોશીઓ સાથે ઝઘડો થયો હતો. જે બાદ જયારે તે બાલાઘાટ પરત ફર્યો તો તેને ફરીથી ખોટા આરોપોમાં ફસાવી દેવાની ધમકી આપવામાં આવી.

કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે યુવક પીએસસીની તૈયારી કરી રહ્યો હતો. જો તે ફોજદારી કેસમાં ફસાઈ જાય તો તેને સરકારી નોકરી મળતી નથી. જેના કારણે તે ડિપ્રેશનમાં આવી ગયો હતો અને તેને આત્મહત્યા જેવું પગલું ભરવાની ફરજ પડી હતી. આરોપી મહિલા ડોક્ટર અને તેની માતા વિરૂદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો કેસ દાખલ કરવા માટે યોગ્ય સામગ્રી ઉપલબ્ધ છે, તેથી તેમને હાલમાં રાહત



આપી શકાય તેમ નથી.

બાલાઘાટની રહેવાસી એક મહિલા ડોક્ટર અને તેની માતાએ મંડલા જિલ્લાના બામહાની પોલીસ સ્ટેશનમાં અરજી દાખલ કરીને આત્મહત્યા માટે ઉશ્કેરવાની કલમ હેઠળ નોંધાયેલ કેસને રદ કરવાની માંગ કરી હતી. જેમાં મૃતક યુવકની માતા કોલોનીમાં આતંક મચાવતી હોવાનું જણાવ્યું હતું. કોલોનીમાં રહેતા અનેક લોકોએ માતા-પુત્ર વિરૂદ્ધ પોલીસ ફરિયાદ પણ કરી હતી.(૨૧.૯)

# અકસ્માતમાં મૃત્યુ પામનાર પતિના વીમાની રકમ એક કરોડ હાથમાં આવી જતાં કેયુરીબન ડઢાણીયાને જુનાગઢમાં ત્રાસ

## જુનાગઢ સાસરૂ ધરાવતાં હાલ રાજકોટ રહેતાં મહિલાની સસરા ગુલાબદાસ, સાસુ રમિલાબેન વિરૂધ્ધ ફરિયાદ

**હવે તું કામવાળી છો, કામ કરે છે કે નહિ એ જોવા ઘરમાં સીસીટીવી કેમેરા ફીટ કરાવ્યા!**

રાજકોટ તા. ૧૮: શહેરના નાના મવા રોડ સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે સાનીધ્ય-૨૫૬ બી-૬૦૪માં રહેતાં કેયુરીબેન રવિભાઇ ડઢાણીયા (ઉ.વ.૩૩) નામના વિધવા મહિલાએ જુનાગઢ ઝાંઝરડા રોડ પર ચિત્રકુટ એપાર્ટમેન્ટ-૬૦૧માં રહેતાં સસરા ગુલાબદાસ ગોકળદાસ ડઢાણીયા અને સાસુ રમીલાબેન વિરૂધધ મહિલા પોલીસ સ્ટેશનમાં ત્રાસ અને ઠગાઈની ફરિયાદ નોંધાવી છે.

કેયુરીબેને ફરિયાદમાં જણાવ્યું છે કે ૨૦૧૪માં તેના લગ્ન થયા હતા. સંતાનમાં હાલ ૬ વર્ષની પુત્રી છે. ૨૦૨૦માં પતિનું કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું. તેના ત્રણેક વર્ષ સુધી સાસરિયામાં રહ્યા હતા. જે દરમિયાન પતિના વીમાના પૈસા આવ્યા તેની બધી પ્રોસીઝર પુરી ન થઈ ત્યાં સુધી સાસુ- સસરાએ સારી રીતે રાખ્યા હતા. પૈસા ખાતામાં આવતા જ સાસુ-સસરાએ માનસિક રીતે હેરાન કરવાનું શરૂ કરી દીધુ હતું. ફરિયાદમાં આગળ જણાવાયું છે કે તે જો પિયર જવાનું કહે તો ઘરનું કામકાજ કોણ કરશે? હવે તું મારા ઘરમાં કામવાળી તરીકે છો, તેમ કહી માનસિક ત્રાસ આપતા હતા. ઘરમાં તે કામ કરે છે કે નહીં તે જોવા માટે સીસીટીવી કેમેરા ફીટ કરાવ્યા હતા. આઠેક માસ પહેલાં બંને પરિવારની સમજૂતી મુજબ તે પિતાને ત્યાં રહેવા આવ્યા હતા. તેના થોડા સમય બાદ સગામાં એક વ્યક્તિ તેને અને તેની માનસિક વિકલાંગ પુત્રીને સ્વીકારવા તૈયાર થતાં આગળ વધવાનું નકકી કર્યું નકકી કર્યું હતું.

ત્યારબાદ પતિના વીમાની રકમ માંગતા સસરાએ અલગ-અલગ બહાના બતાવવાનું શરૂ કર્યું હતું. પતિના વીમાના રૂા. ૧ કરોડ આવ્યા હતા. જેમાં વારસદાર તરીકે તેનું નામ હતું. પરંતુ સસરાએ તેને વિશ્વાસમાં લઈ તેના અને પોતાના નામનું સંયુકત ખાતું ખોલાવી તેમાં ૧ કરોડ જમા કરાવી દીધા હતા. બીજા બે રૂા. બે-બે લાખના વીમા અને કાર ડેથ વીમાના રૂા.૧૫ લાખ તેના સસરાના ખાતામાં જમા થયા હતા. પતિ મૃત્યુ પામ્યા ત્યારે તેના ખાતામાં રૂા.૧.૮૦ લાખ હતા. જેમાં વારસદાર તરીકે તે હતા. પરંતુ સસરાએ આ રકમ પણ તેની પાસે ઉપડાવી સંયુકત ખાતામાં નખાવી દીધી હતી. આ રીતે તે ખાતામાં રૂા. ૧.૫ કરોડ તથા વ્યાજની રકમ હતી. જેના ફકત તે કાયદેસરના વારસ હતા. આમ છતાં સસરાએ કહ્યું કે તું સ્ત્રીપાત્ર છો આ બધું તારાથી મેનેજ નહીં થાય, જેથી આપણા બંનેનું સંયુકત ખાતું ખોલાવી.

તેણી તેણીએ હા પાડતાં સંયુકત ખાતું ખોલાવ્યું હતું. જેમાં કોઈ એકની સહીથી પૈસા ઉપડે તેવી જોગવાઈ હતી. આ ખાતાનો તમામ વહિવટ તેના સસરા કરતા. બાદમાં તેના સસરાએ બે-બે લાખના વીમાની જે રકમ આવી હતી તે સંયુકત ખાતામાંથી પોતાના નામની એફડી કરાવી નાખી હતી. એટલું જ નહીં સંયુકત ખાતામાંથી પોતાના નામની ૫૦ લાખની એફડી કરાવી હતી. થોડા સમય પછી સાસુના નામની બીજી ૫૦ લાખની એફડી કરાવી નાખી હતી. તેના પતિના ખાતામાં રહેલા ૧.૮૦ લાખ પણ ઉપાડી લઈ સાસુના ખાતામાં જમા કરાવી દીધા હતા.

તેમજ પતિના નામનું અમદાવાદમાં મકાન હતું. જેની લોનના હપ્તા પણ તેના પતિ ભરતા હતા. સસરાએ તેને વિશ્વાસમાં લઈ, ફોસલાવીને તેની પાસેથી દસ્તાવેજ કરાવી સાસુના નામનો દસ્તાવેજ કરાવી નાખ્યો હતો. જેમાંથી તેને ૫.૭૫ લાખ આપ્યા હતા. જયારે પુત્રીના નામની ૬ લાખની એફડી કરાવી હતી. સસરાએ વિશ્વાસ તોડયાની ૨૦૨૩માં જાણ થતાં સસરાને આવુ કેમ કર્યું તેમ પૂછતાં ઉડાવ જવાબ આપી કહ્યું કે મારા પુત્રના પૈસા મારા જ કહેવાય. આ બાબતે વડીલો, કુટુંબીજનોને વાત કરતા બધાએ સમજાવીને સસરાને કહેતાં તેને પણ અહેસાસ થતાં રૂા.૯૧.૧૩ લાખ સંયુકત ખાતામાં જમા કરાવ્યા હતા.

આ રીતે તેના પતિના અવસાન બાદ આવેલી બધી રકમમાંથી રૂા.૯૧ લાખ જ સંયુકત ખાતામાં જમા છે, બાકી રહેતી તમામ રકમ સસરા પાસે અને સંયુકત ખાતામાં છે. જે રકમ પોતાની મરજીથી ઉપાડી શકતા નથી. રકમ સેવીંગ ખાતામાં હોવાથી તેની એફડી પણ કરાવી શકતા નથી. પરિણામે વ્યાજની નુકસાની જાય છે.

રકમનો ઉપયોગ પણ કરી શકતા નથી. લગ્ન વખતે ચડાવેલા અને તેની પુત્રીના દાગીના પણ સસરાના કબજામાં છે. જે તેઓ ઓળવી ગયા છે. તેમ વધુમાં ફરિયાદમાં જણાવાતાં પીઆઇ આઇ. એન. સાવલીયાની રાહબરીમાં એએસઆઇ જી. કે. પરમારે વધુ તપાસ હાથ ધરી છે. (૧૪.૬)

## દિવ્યા ખોસલા કુમાર, હર્ષવર્ધન રાણે, અનિલ કપૂરની 'સાવી' આવશે ૩૧મીએ

### પોસ્ટરમાં રસપ્રદ ઝલકઃ ૨૧મીએ રિલીઝ થશે ટ્રેલર




મુંબઈ તા. ૧૮: અભિનય દેવ દ્વારા નિર્દેશિત ફિલ્મ 'સાવી' માટે લોકોની ઉત્સુકતા દિવસેને દિવસે વધી રહી છે. ફિલ્મનું ટ્રેલર ૨૧મીએ રીલીઝ થશે. દિવ્યા ખોસલા, હર્ષવર્ધન રાણે અને અનિલ કપૂરની મુખ્ય ભુમિકા ધરાવતી આ ફિલ્મની વાર્તામાં અનેક રહસ્યો છુપાયેલા છે. વિભાજિત ગ્રીડ પોસ્ટરમાં ત્રણેયની એક રસપ્રદ ફ્રેમ દર્શાવવામાં આવી છે. વચ્ચે હર્ષવર્ધન રાણે જેલમાં ફસાયેલ દેખાય છે, જ્યારે એક બાજુ દિવ્યા બબલી અને ખુશખુશાલ છે, બીજી બાજુ તેના નાકમાંથી લોહી વહેતું દેખાય છે. મુખ્ય કલાકાર દિવ્યા અને હર્ષવર્ધનની સીઝલીંગ કેમેસ્ટ્રી દર્શાવતુ ગીત તાજેતરમાં રીલીઝ થયું હતું. ફિલ્મ ૩૧મી મેના રોજ સિનેમાઘરોમાં આવશે. (૧૪.૫)

## ક્રાઇમ બ્રાંચના હરપાલસિંહ જાડેજાના દાદા મોહનસિંહ લાલુભા જાડેજાનું અવસાન



રાજકોટઃ મોહનસિંહ લાલુભા જાડેજા (ઉ.વ.૮૨-મુળ ગામ શાપર-મોરબી, હાલ રાજકોટ) તે નીરૂભા જાડેજા, ઈન્દુભા જાડેજાના ભાઈ તથા દલપતસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, શિવરાજસિંહ જાડેજા અને મયુરસિંહ જાડેજાના પિતાજી તેમજ હરપાલસિંહ ડી. જાડેજા (ક્રાઈમ બ્રાંચ-રાજકોટ શહેર), શિવમસિંહ જાડેજા, જયવીરસિંહ જાડેજા, દિવ્યદિપસિંહ જાડેજા અને કૃષ્ણપાલસિંહ જાડેજાના દાદાનું તા. ૧૫-૫ના દુઃખદ અવસાન થયું છે. (૧૪.૭)

## વધુ એક હૃદય ધબકારા ચુકી ગયુંઃ ત્રણ બહેનના એકના એક ભાઇ દિવ્યેશભાઇ ડોડીયાનું મૃત્યુ થયું

### ૩૮ વર્ષિય યુવાન ઘરે એકાએક ઢળી પડ્યા બાદ જીવ ગયોઃ અગિયાર મહિના પહેલા જ લગ્ન થયા હતાંઃ કુવાડવા રોડ પટેલ પાર્કના પરિવારે આધારસ્તંભ ગુમાવતાં શોકની

રાજકોટ તા. ૧૮: હૃદય બંધ પડી જવાથી મૃત્યુની ઘટનાઓનો સિલસિલો યથાવત રહ્યો છે. શહેરમાં હાર્ટએટેકથી મૃત્યુની ઘટના આજે પણ બની છે. એક તરફ ધોમધખતો તાપ પણ લોકોના ઉકળાટમાં વધારો કરી રહ્યો છે. બીજી તરફ હાર્ટએટેકની ઘટનાઓ અટકતી જ નથી. વધુ એક બનાવમાં ૩૮ વર્ષના યુવાનનું હૃદય રોગના હુમલાથી મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. કરૂણતા એ છે કે હજુ અગિયાર મહિના પહેલા જ આ યુવાનના લગ્ન થયા હતાં.

જાણવા મળ્યા મુજબ કુવાડવા રોડ પર પટેલ પાર્કમાં રહેતો દિવ્યેશભાઈ નારણભાઈ ડોડીયા (ઉ.વ.૩૮) નામનો યુવાન સાંજે ઘરે એકાએક ઢળી પડતાં પરિવારજનોમાં દેકારો મચી ગયો હતો. તુરત જ દિવ્યેશભાઈને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ સારવાર દરમિયાન પ્રાણ પંખુરૂ ઉડી ગયા હતાં. હાર્ટએટેક આવી ગયાનું જાહેર થયું હતું. હોસ્પિટલ મારફત જાણ થતાં બી-ડિવીઝનના એએસઆઇ મેડમ અમીતાબેન બકુતરાએ જરૂરી કાર્યવાહી કરી હતી.



વધુમાહિતી મુજબ મૃત્યુપાનાર દિવ્યેશભાઈ ત્રણ બહેનનો એકનો એક ભાઈ અને પરિવારનો આધારસ્તંભ હતો. તેના અગિયાર મહિના પહેલા જ લગ્ન થયા હતાં. પરિવારજનોના કહેવા મુજબ દિવ્યેશભાઈને કોઈ બીમારી પણ નહોતી. અચાનક જ હૃદય બંધ પડી ગયું હતું. આ બનાવથી ડોડીયા પરિવાર પર વજ્રઘાત થયો હતો. (૧૪.૫)

## લેન્ડ ગ્રેબીંગ કમિટીઃ ૧૦૦ કેસો મૂકાયાઃ ૨ કેસમાં ફોજદારી થશેઃ ૩૧માં સમાધાનઃ ૬૫ પડતા મૂકાયા હાઇકોર્ટનો સ્ટે દુર થતા ૫૦ કેસોમાં તપાસના આદેશો

રાજકોટ જીલ્લા કલેકટર શ્રી પ્રભવ જોષીની અધ્યક્ષતામાં મળેલ લેન્ડ ગ્રેબીંગ કમિટીની મીટીંગમાં ૧૦૦ કેસો મૂકાયા હતાં. તેમાંથી ૨ કેસમાં ફોજદારીનો નિર્ણય લેવાયો હતોઃ ૨ કેસ પેન્ડીંગ રખાયા છેઃ ૩૧ કેસમાં સમાધાન થયું છેઃ ૬૫ કેસો પડતા મૂકાયાઃ દરમિયાન રાજકોટ જીલ્લાના ૫૦ કેસોમાં હાઇકોર્ટ દ્વારા સ્ટે દૂર કરાતા આ તમામ કેસોમાં તપાસ કરવા કલેકટરના આદેશો

# કચ્છના રણ વિસ્તરણમાં મીઠાના પ્લોટ માટે લોહિયાળ હુમલો કરનાર ૧૬ ઝડપાયા : હજી ૧ ફરાર

## વારંવાર હુમલાની ઘટનાઓ : ઘુડખર માટેના રક્ષિત રણ વિસ્તારમાં મોટા સોલ્ટ માફિયાઓ કાયદાને ખિસ્સામાં રાખી સરકાર અને સ્થાનિક તંત્રને ગાંઠતા ન હોવાની ચર્ચા : રાજ્યસાત કરાયેલ ૧૧૦૦૦ એકર સરકારી જમીનનો કબજો કોની પાસે ? એસીબી તપાસ કરે તો મોટું કૌભાંડ નીકળે

(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા. ૧૮ : કચ્છ અને સુરેન્દ્રનગર વચ્ચેના રક્ષિત ઘુડખર રણ વિસ્તારમાં કાનમેર પાસે થયેલ લોહિયાળ હુમલાની ઘટનાએ



સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર સામે સવાલો સર્જી સોલ્ટ માફીયાઓ બેફામ બન્યા હોવાની ચર્ચાએ ચકચાર સર્જી છે.

બંદૂક, ધારીયા અને તલવાર સાથે ફિલ્મી ગેંગવોર ટાઈપ હુમલાની આ ઘટનાએ રાજ્યભરમાં પણ ઘેરા પ્રત્યાઘાત સર્જયા છે. સોમવારે બનેલ આ બનાવના વાયરલ વીડિયોએ સોશ્યલ મીડિયામાં ચકચાર સર્જી હતી. આ ઘટનાના પાંચ દિવસ બાદ ગઈકાલે મોડી રાત્રે ૧૭ પૈકી ૧૬ આરોપીઓ ઝડપાયા હોવાનું પોલીસે જાહેર કર્યું છે. ૧ આરોપી ફરાર છે. જોકે, સ્થાનિકોની ચર્ચા મુજબ આરોપીઓ સામેથી રજૂ થાય એ માટે પડદા પાછળ રહેલા મોટા ઉધોગપતિઓને કહેવાયું હતું. બધા જ જાણે છે કે, અદાલતના આદેશ પછી પણ રક્ષિત એવા રણ વિસ્તારમાં મીઠાના ઉદ્યોગ પાછળ પૂર્વ કચ્છના ગાંધીધામ વિસ્તારના મોટા માથાઓ છે.

જોકે, આથી અગાઉ પણ હુમલાઓની ઘટનાઓ બની ચૂકી છે. પરંતુ, સોલ્ટ માફીયાઓ સ્થાનિક વનતંત્ર, રેવન્યુ તંત્ર, પોલીસ તંત્ર કોઈને પણ દાદ આપતાં નથી મનાઈ છતાંયે અહીં વીજ કનેકશન પણ મેળવી લેવાય છે.

સરકાર અંધારામાં હોય અથવા તો નિષ્ક્રિય હોય એવી પરિસ્થિતિ છે. ૨૦૧૬ થી આ વિસ્તારની ૧૧૦૦૦ એકર જમીન રાજ્યસાત કરાયા પછી અત્યારે એનો કબજો કોની પાસે છે? જો, એસીબી તપાસ કરે તો મોટું કૌભાંડ નીકળે એમ છે. સોલ્ટ માફીયાઓની લડાઈમાં ઘાતક હુમલાઓ, ગેરકાયદે દેશી બંદૂક (કટ્ટા) અમે હથિયારો બનાવવાનું વધુ રહ્યું છે. ઘુડખર તેમજ મીઠાના અગર અને કારખાનામાં કામ કરતાં મજૂરો મરી રહ્યા છે. એ કડવું સત્ય છે. સરકાર વાસ્તવિક પરિસ્થિતિની સમીક્ષા કરવાની ક્ષમતા દર્શાવશે ખરી?(૨૧.૬)

## અરબી સમુદ્રમાં માછીમારો દરીયો નહિ ખેડે

### ચોમાસાના લીધે ૧ જુનથી ૧ ઓગષ્ટ સુધી માછીમારો અરબી સમુદ્રમાં માછીમારી કરશે નહી


### જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે,:-

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના ગામ **કાળીપાટના રેવન્યુ સર્વે નં. ૨૦૦ પૈકી ૧૫/પૈકી ૧** ની-બીનખેતી પ્રિપાત્ર વાળી જીરાયત પ્રકારની ખેતીની ખેડવાણ જમીન હેકટર-૧ આરે-૨૧ ચો.મી.-૪૧ જેની રેવન્યુ રેકર્ડ હકક પત્રક નં.૬ માં વેચાણ નોંધ નં.૧૮૩૬ તથા જેના ખાતા નં.૩૩૭ થી સદરહું ખેતીની જમીન **શ્રી મધુબેન મિનેશભાઈ ગોંડલીયા તથા શ્રી કમલેશભાઈ નાનજીભાઈ વડાલીયા**ની સયુંકત માલીકી તથા કબજા, ભોગવટાની આવેલ છે. સદરહું ખેતીની જમીન **શ્રી મધુબેન મિનેશભાઈ ગોંડલીયા તથા શ્રી કમલેશભાઈ નાનજીભાઈ વડાલીયા** પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ ઉપરોકત વર્ણનવાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે કે તેના વેચાણ સંબંધે કોઈપણ વ્યકતી, પેઢી, મંડળી કે એસાઈનીઓ કે વારસદારો વિગેરેને કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, વારસાઈ હકક, ભરણપોષણનો હકક, હાલવા ચાલવાનો હકક, લેણુ, બોજો, ગીરો, લીયન, કે કોઈપણ જાતની જવાબદારી કે હકક, અધિકાર, કોઈનો દરદાવો, કબજા હકક કે કોઈપણ અન્ય સાટાખત કે મુખત્યારનામાંના હકકો જો હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયેથી **દિવસ-૧૦ (દસ)** માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે જાણ કરવી. મુદત વિત્યે આ મિલ્કત પરત્વે કોઈના કોઈપણ જાતના હકક, હિત, હિસ્સો કે વાંધો તકરાર નથી, અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે. તેમ માની અમારા અસીલ સદરહું જમીન ખરીદવા અંગેની આગળની કાર્યવાહી પુરી કરશે અને ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા કે તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ: રાજકોટ
તા. ૧૮-૫-૨૦૨૪
હેરીટેઝ કોમ્પલેક્ષ, પહેલા માળે,
બાલાજી હોલની બાજુમાં,
૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.
મો. નં. ૯૯૧૩૮ ૯૯૯૦૦

અમારા મારફત-એડવોકેટ
**રજની એમ. સાંગાણી**
**હરેશ ડી. ત્રાડા**
**સી. જી. રામાણી**
**તેજશ એસ. સાવલીયા**

### પ્લોટ ખરીદવા સંબંધે જાહેર નોટીસ

**રાજકોટ શહેરમાં સમાવિષ્ટ થયેલ ગામ મોટામૌવાના રે.સ.નં. ૧૨૫ પૈકી ૫ ની જમીન એકર ૨-૦ ગુઠા કે જે બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટેની ઈમારત બાધવાની મંજુરીવાળા ''મોતી બાગ-૨'' તરીકે ઓળખાતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૮ ની જમીન ચો.મી.આ.૯૪-૧૨ ખરીદવા સંબંધે જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સરવેને આ જાહેર નોટીસ પાઠવી જાણ કરવાની કે રાજકોટ શહેરમાં સમાવિષ્ટ થયેલ ગામ મોટામૌવાના રે.સ.નં.૧૨૫ પૈકી ૫ ની જમીન એકર ૨-૦ ગુઠા કે જે બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટેની ઈમારત બાંધવાની મંજુરીવાળા ''મોતી બાગ-૨'' તરીકે ઓળખાતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૮ ની જમીન ચો.મી.આ.૯૪-૧૨ વેચાણ દસ્તાવેજ અનું નં ૧૩૨૬ તા.૨૦/૦૪/૨૦૧૮ ના રોજ પ્રવિણાબેન અમૃતલાલ કલોલા તથા સ્વીટી ભાવેશ કલોલા એ ખરીદ કરેલ છે ત્યારથી સદરહુ મિલ્કતનો માલીકી દરજજે કબજો ભોગવટો તેઓનો આવેલ છે. તેઓ પાસેથી સદરહું પ્લોટ મારા અસીલ ખરીદ કરવા માંગે છે. જેથી સદરહુ પ્લોટ સંબંધે કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી કે કોઈપણનો કોઈપણ પ્રકારનો હકક, હતિ, હિસ્સો, લાગભાગ, અગ્રહક કે ભરણપોષણનો હકક કે અન્ય કોઈપણ પ્રકારનો હકક પોષાતો હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ ૧૦ માં લેખીત આધાર પુરાવા સહિત નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી. જો નિયત સમય મર્યાદામાં કોઈપણ પ્રકારના વાંધા નહી આવે તો સદરહું પ્લોટમાં કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી ના કોઈપણ પ્રકારના હકક આવેલ નથી અને જો આવેલ હોય તો તે જતો(વેવ) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું પ્લોટ ખરીદ કરશે અને તેઓ બોનાફાઈડ પર્ચેઝર ગણાશે જેથી જાહેર જનતા એ નોધ લેવા વિનંતી.

રાજકોટ. અમારી સુચનાથી અમારી સુચનાથી
તા. ૧૮-૫-૨૦૨૪ **પ્રવિણાબેન અમૃતલાલ કલોલા** **સ્વીટી ભાવેશ કલોલા**

**પરેશ બી. મારૂ** એડવોકેટ
સરનામુંઃ બ્લોક નં. ૧૨, જીવનવિહાર સોસાયટી, સ્વામિનારાયણ મંદિર પાછળ, કાલાવાડ રોડ, રાજકોટ.

### પ્લોટ ખરીદવા સંબંધે જાહેર નોટીસ

**રાજકોટ શહેરમાં સમાવિષ્ટ થયેલ ગામ મોટામૈવાના રે.સ.નં.૧૨૫ પૈકી ૫ ની જમીન એકર ૨-૦ ગુઠા કે જે બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટેની ઈમારત બાંધવાની મંજુરીવાળા ''મોતી બાગ-૨'' તરીકે ઓળખાતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૯ ની જમીન ચો.મી.આ.૯૦-૫૦ ખરીદવા સંબંધે જાહેર નોટીસ.**

આથી લાગતા વળગતા સરવેને આ જાહેર નોટીસ પાઠવી જાણ કરવાની કેરાજકોટ શહેરમાં સમાવિષ્ટ થયેલ ગામ મોટામૈવાના રે.સ.નં.૧૨૫ પૈકી ૫ ની જમીન એકર ૨-૦ ગુઠા કે જે બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટેની ઈમારત બાંધવાની મંજુરીવાળા ''મોતી બાગ-૨'' તરીકે ઓળખાતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૯ ની જમીન ચો.મી.આ.૯૦-૫૦ વેચાણ દસ્તાવેજ અનું નં.૨૦૫૩ તા.૨૪/૦૪/૨૦૧૮ ના રોજ પ્રવિણાબેન અમૃતલાલ કલોલા એ ખરીદ કરેલ છે ત્યરથી સદરહુ મિલ્કતનો માલીકી દરજ્જે કબજો ભોગવટો તેઓનો આવેલ છે. તેઓ પાસેથી સદરહું પ્લોટ મારા અસીલ ખરીદ કરવા માંગે છે. જેથી સદરહું પ્લોટ સંબધે કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી કે કોઈપણનો કોઈપણ પ્રકારનો હકક, હતિ, હિસ્સો, લાગભાગ, અગ્રહક કે ભરણપોષણનો હકક કે અન્ય કોઈપણ પ્રકારનો હકક પોષાતો હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ ૧૦ માં લેખીત આધાર પુરાવા સહિત નીચે દર્શાવેલ સરનામે જાણ કરવી. જો નિયત સમય મર્યાદામાં કોઈપણ પ્રકારના વાંધા નહી આવે તો સદરહું પ્લોટમાં કોઈપણ વ્યકિત, સંસ્થા, પેઢી ના કોઈપણ પ્રકારના હકક આવેલ નથી અને જો આવેલ હોય તો તે જતો(વેવ) કરેલ છે. તેમમાની મારા અસીલ સદરહું પ્લોટ ખરીદ કરશે અને તેઓ બોનાફાઈડ પર્ચેઝર ગણાશે જેથી જાહેર જનતા એ નોધ લેવા વિનંતી. અમારી સુચનાથી

રાજકોટ. **પ્રવિણાબેન અમૃતલાલ કલોલા**

**પરેશ બી. મારૂ** એડવોકેટ
સરનામુંઃ બ્લોક નં. ૧૨, જીવનવિહાર સોસાયટી, સ્વામિનારાયણ મંદિર પાછળ, કાલાવાડ રોડ, રાજકોટ.

### જાહેર નોટીસમાં સુધારો

તા.૦૯/૦૫/૨૦૨૪ ના અંકમાં પ્રસિધ્ધ થયેલ એડવોકેટ સૌરભ પી.પટેલ ની રાજકોટ તાલુકાના ગામ કાળીપાટના રે.સ.નં. ની ખેડવાણ જમીન અંગેની જાહેર નોટીસમાં, નોટીસની શરૂઆત માં પ્રથમ લાઈનમાં "પડધરી તાલુકા ના ગામ કાળીપાટ પ્રસિધ્ધ થયેલ છે." જેના બદલે "રાજકોટ તાલુકા ના ગામ કાળીપાટ" સુધારી વાચવું અને સમજવું.

### વેચવાની છે

ચાલુ રનિંગ ખાનગી પ્રાથમિક શાળા
MO.૯૬૨૪૬ ૮૧૦૨૯

### કોટેચા ચોકમાં મકાન ભાડે આપવાનું છે

4-BHK સેમી ફરનીશ મકાન જેમાં બોર, પાણીની લાઈન, ગેસલાઈન, સોફા, ડાઈનીંગ દરેક રૂમમાં માળીયા વાળુ ભાડે આપવાનું છે.
94262 83838

### CNC-એન્ગ્રેવીંગ મશીન વેચવાના છે

સુપર કંડીશનમાં 400 ×400 MM ની બેડ સાઈઝ VMC ના કંટ્રોલર વાળા વેચવાના છે.
Mo.98243 29110

### ઓફિસમાં પેકિંગ કામ માટે છોકરીઓ જોઇએ છે

(ફૂલ ટાઈમ માટે) જીનિયસ ઓર્થો પ્રાઈવેટ લિમિટેડ 501, બિઝનેસ ટર્મિનલ, શાસ્ત્રીનગર સામે, નાના મૌવા મેઈન રોડ, રાજકોટ.
Mo. 74050 51961

ચૂંટણી પછી આળસ ખંખેરતુ આવકવેરા ખાતુ : ખુરાના ગ્રુપ - સરકારી કોન્ટ્રાકટર અને બિલ્ડર્સને ત્યાં ત્રાટકયું

# અમદાવાદ - વડોદરામાં ૩૦ સ્થળે આયકર દરોડા

## વ્હેલી સવારથી કાર્યવાહી શરૂ : મોટા પ્રમાણમાં કરચોરી બહાર આવવાની સંભાવના

અમદાવાદ, તા.૧૮: લોકસભાની ચૂંટણીને કારણે લાંબા સમયથી કોઇ કાર્યવાહીથી દુર રહેનાર આવકવેરા ખાતાએ હવે આળસ ખંખેરી નવેસરથી ઓપરેશન શરૂ કર્યુ છે.

આજે વ્હેલી સવારથી આવકવેરા ખાતાના અધિકારીઓએ અમદાવાદ અને વડોદરામાં કુલ ૩૦ જેટલા સ્થળોએ મોટા પાયે ઓપરેશન હાથ ધર્યુ હોવાનું જાણવા મળે છે.

આયકર વિભાગે જે ગ્રૃપને સાણસામાં લીધેલ છે તેનું નામ ખુરાના ગ્રુપ છે આ ઉપરાંત સરકારી કોન્ટ્રાકટરો અને બિલ્ડરોને ત્યાં પણ દરોડાની કાર્યવાહી હાથ ધરતા બિલ્ડર લોબીમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

આવકવેરા ખાતાએ ઓફિસો - રહેણાંક ગોડાઉનો સહિત ૩૦ જેટલા સ્થળોએ કાર્યવાહી હાથ ધરી છે જે દરમ્યાન મોટા પાયે કરચોરી પકડાવાની શકયતા વ્યકત થઇ છે એટલું જ નહિ કરોડોનો દલ્લો મળે તેવી પણ શકયતા છે.

આવકવેરા ખાતાના દરોડા મોડી સાંજ સુધી ચાલુ રહે તેવી શકયતા હોવાનું સુત્રો જણાવી રહ્યા છે.

આયકર વિભાગે લાંબા સમયે ઓપરેશન હાથ ધરતા હવે કોનો વારો હશે તેની અટકળો પણ વ્હેતી થઇ છે.

અમદાવાદ અને વડોદરામાં ખુરાના ગ્રુપ તેમજ માધવ કન્સ્ટ્રકશન ઉપર ઈન્કમટેક્સ ત્રાટક્યુ છે. વડોદરાના ખુરાના ગ્રુપના અશોક ખુરાના સહિતના ભાગીદારોને ત્યાં ઈન્કમટેક્સ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

અમદાવાદમાં પણ માધવ કન્સ્ટ્રક્શનના સુધીર ખુરાના, વિક્રમ ખુરાના અને આશિષ ખુરાનાને ત્યાં પણ ઈન્કમટેક્સે તવાઈ બોલાવી છે. અમદાવાદ અને વડોદરા મળીને કૂલ ૨૭ જગ્યાએ ઈન્કમટેક્સ દ્વારા દરોડા અને સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. અમદાવાદ અને વડોદરામાં મોટા પાયે ઈન્કમટેક્સના સર્ચ ઓપરેશનમાં બેનામી સંપત્તિ મળે તેવી શક્યતા છે. ઈન્કમટેક્સની સર્ચ ઓપરેશનની કામગીરીને કારણે રાજ્યમાં કન્સ્ટ્રકશન સાઈટ ધરાવતા બિલ્ડરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.(૨૩.૧૨)

## સૌરાષ્ટ્રમાં તાપમાનનો પારો ૪૦ થી ૪૫ ડીગ્રીએ પહોંચશે: વજુભાઇ બારૈયાની આગાહી

મોટી પાનેલી તા. ૧૮ :.. આજથી ગુજરાતમાં ગરમીમાં વધારો થઇ શકે છે તેમજ સૌરાષ્ટ્ર તાપમાનનો પારો ૪૦ થી ૪૫ ડીગ્રી સુધી પહોંચી શકે છે. દક્ષિણ ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં અમુક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પણ પડી શકે છે. જેમાં સુરત, વડોદરા, અમદાવાદ, ગાંધીનગર, કચ્છ, ભાવનગર, અમરેલી, જુનાગઢ, બોટાદ, રાજકોટ-જામનગર-પોરબંદર-દ્વારકા સહિત વિવિધ વિસ્તારોમાં ભારે ગાજવીજ અને પવન સાથે કમોસમી વરસાદ પડી શકે છે. લી ગુજરાત હવામાન ગ્રુપનાં વજુભાઈ બારૈયાએ જણાવ્યું હતું. (ચંદ્રેશ હિરાણી-મોટી પાનેલી) (૫-૨૪)

## રાજકારણનું અપરાધીકરણ : વર્ષ ૨૦૦૪થી અત્યાર સુધી સંખ્યા બમણી

### ૨૦૧૯ પછી જાહેર ગુનાઇત કેસોવાળા સાંસદોની સંખ્યામાં ૪૪ ટકાનો વધારો થયો છે

નવી દિલ્હીઃ દેશમાં રાજકારણમાં અપરાધીકરણ સતત વધતું ગયું છે. દેશમાં હાલ લોકસભા ચૂંટણી ચાલી રહી છે, જેમાં નેતાઓનું અપરાધીકરણ ચર્ચાનો વિષય બન્યો છે. અપરાધ અને રાજકારણ વચ્ચે ઘનિષ્ઠ મિત્રતા જોવા મળે છે. દેશમાં સંસદમાં ચૂંટાયેલા ગુનાઈત ઉમેદવારોની સંખ્યા વર્ષ ૨૦૦૪થી સતત વધતી જાય છે. દેશમાં ૨૦૦૪માં ૨૪ ટકા સાંસદ એવા હતા, જેમના પર ગુનાઈત કેસો પેન્ડિંગ હતા. એ સંખ્યા વધીને ૨૦૧૯માં લગભગ બમણી વધીને ૪૩ ટકાએ પહોંચી હતી. વર્ષ ૨૦૦૯માં લોકસભામાં ૩૦ ટકા સાંસદો પર ગુનાઈત કેસો પેન્ડિંગ હતા, જે વર્ષ ૨૦૧૪ની લોકસભામાં વધીને ૩૪ ટકાએ પહોંચી હતી. વર્ષ ૨૦૨૩ના ફેબ્રુઆરીમાં દાખલ કરવામાં આવેલી એક અરજીમાં એ વાત પર દાવો કરવામાં આવ્યો હતો કે વર્ષ ૨૦૧૯ પછી જાહેર ગુનાઈત કેસોવાળા સાંસદોની સંખ્યામાં ૪૪ ટકાનો વધારો થયો છે.




વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં કુલ ૧૫૯ સાંસદ એવા હતા, જેમની સામે હત્યા, હત્યાના પ્રયાસ, અપહરણ, મહિલાઓની સાથે બળાત્કાર જેવા ગુનાના કેસો ચાલવાની માહિતી હતી. આ સાંસદોમાં ભાજપના ૬૪ સાંસદ, કોંગ્રેસના ૯૭માંથી આઠ અને RJDના નવમાંથી છ લોકસભા, રાજ્યસભાના સાંસદ એવા હતા, જેમની સામે ગંભીર ગુનાના કેસ નોંધાયેલા હતા. એટલે કે બધી પાર્ટીઓમાં ગુનાઈત ઉમેદવારો ફેલાયેલા હતા. ADRની રિપોર્ટ અનુસાર દેશનાં અલગ-અલગ રાજ્યોની વિધાનસભાઓમાં આશરે ૪૪ ટકા વિધાનસભ્યોની વિરુદ્ધ ગુનાઈત કેસો નોંધાયેલા છે. ADR અને નેશનલ ઈલેકશન વોચ (NEW)ના એક અભ્યાસ અનુસાર ૨૮ રાજ્યની વિધાનસભા અને બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કુલ ૪૦૦૧ નેતાઓમાંથી ૧૧૩૬ની વિરુદ્ધ ગંભીર ગુનાઈત કેસ નોંધાયેલા છે.(૨૩.૯)

## કાલથી રાજકોટમાં 'કેશવમ રેસ્ટોરન્ટ કાફે એન્ડ બેન્કવેટ'નો શુભારંભ

**કટારીયા ચોકડી પાસે જુનાગઢના આહિર સમાજના અગ્રણી નગાઝણભાઇ યુ. કાંબલીયા, ભીખુભાઇ એચ. કાંબલીયા, પરેશભાઇ એન. કાંબલીયા દ્વારા આયોજન**

(વિનુ જોષી દ્વારા) જુનાગઢ, તા., ૧૮ :રાજકોટમાં આવતીકાલે રવિવારના રોજ કેશવમ રેસ્ટોરન્ટ કાફે અને બેન્કવેટનો સવારે ૯ કલાકથી કટારીયા ચોકડી, કાલાવડ રોડ, કોસ્મોપ્લેક્ષ સિનેમા પાસે શુભારંભ થનાર છે.

જુનાગઢના આહીર સમાજના અગ્રણી નગાઝણભાઈ યુ.કાંબલીયા, ભીખુભાઈ એચ.કાંબલીયા, પરેશભાઈ એન.કાંબલીયાએ આ ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત રહેવા સ્વાદપ્રિય જનતાને આમંત્રણ આપ્યું છે.

તેમ જુનાગઢ જીલ્લા ભાજપના ઉપપ્રમુખ આહીર સમાજના અગ્રણી નારણભાઈ ભેટારીયાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

વધુ વિગત માટે ભીખુભાઈ એચ.કાંબલીયાના (મો.નં. ૭૫૬૭૮ ૦૨૩૩૩) ઉપર સંપર્ક કરવા જણાવ્યું છે.(૪.૧૭)




એક્સપ્રેસ-વેના નિર્માણનો અંદાજિત ખર્ચ ૫૦,૦૦૦ કરોડ રૂપિયા છે : હાલમાં એક્સપ્રેસ-વે ચાર લેન સાથે બનાવવામાં આવી રહ્યો છે : જેને ભવિષ્યમાં છ લેન અથવા આઠ લેન એક્સપ્રેસ વેમાં રૂપાંતરિત કરી શકાય છે

## સુરતથી ચેન્નઈ વચ્ચે બનશે બીજો સૌથી લાંબો એક્સપ્રેસ-વેઃ ૩૫ કલાકની મુસાફરી ૧૮ કલાકમાં કરી શકશે

નવી દિલ્હી, તા.૧૮:દિલ્હી-વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે ભારતનો સૌથી લાંબો એક્સપ્રેસ-વે પ્રોજેક્ટ છે અને તેની કુલ લંબાઈ ૧,૩૫૦ કિમી છે. પરંતુ હવે સુરતપ્રચેન્નઈ એક્સપ્રેસ-વે ૧,૨૭૧ કિમી લાંબો દેશનો બીજો સૌથી લાંબો એક્સપ્રેસ-વે તૈયાર થઈ રહ્યો છે. આ એક્સપ્રેસ-વે પશ્ચિમ ઘાટ દ્વારા ચેન્નાઈથી સુરતને જોડવા જઈ રહ્યો છે. નવા એક્સપ્રેસ-વેનું નિર્માણ કાર્ય આગામી બે વર્ષમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

એક્સપ્રેસ-વેના નિર્માણમાં કેટલો ખર્ચ થશે? : નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ફણ્ખ્) દ્વારા તૈયાર કરવામાં આવી રહેલા સુરત-ચેન્નઈ એક્સપ્રેસ-વેની સ્પીડ લિમિટ ૧૨૦ કિમી પ્રતિ કલાક થવાની છે. એક્સપ્રેસપ્રવેના નિર્માણનો અંદાજિત ખર્ચ ૫૦,૦૦૦ કરોડ રૂપિયા છે. હાલમાં એક્સપ્રેસપ્રવે ચાર લેન સાથે બનાવવામાં આવી રહ્યો છે. જેને ભવિષ્યમાં છ લેન અથવા આઠ લેન એક્સપ્રેસ વેમાં રૂપાંતરિત કરી શકાય છે.

સુરત અને ચેન્નાઈ શહેર વચ્ચે બની રહેલા એક્સપ્રેસપ્રવેનું કામ પૂર્ણ થયા બાદ મુસાફરીનું અંતર ૧૫૦૦ કિમીથી ઘટીને ૧૨૭૦ કિમી થઈ જશે.



હાલમાં, આ અંતર કાપવામાં લગભગ ૩૫ કલાકનો સમય લાગે છે. જેને ઘટાડીને માત્ર ૧૮ કલાક કરવાનો લક્ષ્યાંક છે. આ એક્સપ્રેસ-વે દેશના છ રાજ્યોમાંથી પસાર થશે જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ અને તમિલનાડુનો સમાવેશ થાય છે. તે તિરુપતિ, કુડ્ડાપાહ, કુર્નૂલ, કલાબુર્ગી, સોલાપુર, અહમદનગર અને નાસિક સહિતના કેટલાક મહત્ત્વપૂર્ણ શહેરોને પણ જોડશે.

ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઓક્ટોબર ૨૦૨૧માં ભારતમાલા પરિયોજના હેઠળ ચેન્નાઈ-સુરત એક્સપ્રેસ-વે પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યું હતું. એક્સપ્રેસ-વેનું નિર્માણ કાર્ય ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ આ રોડ દેશના દક્ષિણ ભાગને પ?િમ ભાગ સાથે સીધો જોડવા માટે તૈયાર છે.(૨૩.૯)



મુંબઇ ખાતે ચૈત્ય ભૂમિએ વડાપ્રધાને શિશ ઝુકાવ્યું

## દરેક ભારતીય બંધારણ આપવા બદલ ડો. બાબાસાહેબ આંબેડકરજીનો આભારી : નરેન્દ્રભાઇ

મુંબઈ : નરેન્દ્રભાઈએ મહારાષ્ટ્રના ચૂંટણી પ્રવાસ દરમિયાન મુંબઈ સ્થિત ચૈત્ય ભૂમિ ખાતે બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરજીના સમાધી સ્થાને પહોંચી પ્રાર્થના કરી શિશુ ઝુકાવ્યું હતું. નરેન્દ્રભાઈએ ટ્વીટ કરી જણાવેલ કે, મુંબઈ પહોંચતા હું ચૈત્ય ભૂમિ ગયો હતો અને ત્યાં પ્રાર્થના કરી હતી. મને અહીં ફરીથી આવતા ખાસ લાગણી થઈ રહી છે. દરેક ભારતીય ડો. બાબા સાહેબ આંબેડકરનો આભાર છે કે તેમણે આપણને એક એવું બંધારણ આપ્યું જેના પર આપણને ખૂબ જ ગર્વ છે. અમારી સરકાર હંમેશા ડો. આંબેડકરજીના આદર્શો અને બંધારણના મૂલ્યોને મજબૂત કરતી હતી

વર્ષના પહેલા ૩ મહિનામાં જ ૯.૭ કરોડ લોકો પહોચ્યા એરપોર્ટ

## ભારતીયોની દેશ વિદેશની યાત્રાના ગ્રાફમાં ભારે ઉછાળો

### એશિયાઇ દેશોમાં વિયેટનામ સૌથી ફેવરિટ : અમેરિકા અને જાપાન જનારા પણ વધ્યા

નવી દિલ્હી તા. ૧૮ : ભારતીય પહેલાથી વધુ હવાઈ યાત્રા કરી રહ્યા છે. માસ્ટર કાર્ડ ઈકોનોમિકસ ઈન્સ્ટિટ્યૂટની 'યાત્રા રૂઝાન ૨૦૨૪' સરહદોથી પાર રિપોર્ટના જણાવ્યા મુજબ, આ વર્ષ અગાઉ ૩ મહિનામાં ૯.૭ કરોડ યાત્રીઓએ એરપોર્ટથી યાત્રા કરી. દસ વર્ષ પહેલા આ આંકડા સુધી પહોંચવામાં આખું વર્ષ લાગી ગયું હતું. રિપોર્ટ જણાવ્યા મુજબ, ૨૦૨૪માં હવાઈ માર્ગોની ક્ષમતા




વધવાથી ભારતીય આંતરરાષ્ટ્રીય યાત્રા વધુ કરી રહ્યા છે. ઘરેલુ હવાઈ યાત્રી પરિવહન ૨૦૧૯ના સ્તરથી ૨૧ ટકા વધી ગયું છે. જયારે આંતરરાષ્ટ્રીય યાત્રામાં ૪ ટકાનો વધારો થયો. માસ્ટરકાર્ડના મુખ્ય અર્થશાસ્ત્રી ડેવિડ માને જણાવ્યું કે ૨૦૧૯માં અંદાજે ૨૭ લાખ ભારતીય પ્રવાસી વિદેશ ફરવા ગયા. જયારે આ વર્ષના શરૂઆતના ૩ મહિનામાં આ આંકડો ૨.૦૩ કરોડ રહ્યું. દેશની ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષથી ઓછી ઉંમરની છે. યુવા ખુબજ હરવા ફરવામાં રસ દાખવી રહ્યા છે. રિપોર્ટના જણાવ્યા મુજબ, પૂર્વી એશિયાઈ દેશ વિયેટનામ ભારતીયોની પ્રિય આંતરરાષ્ટ્રીય ડેસ્ટિનેશનના રૂપે ઉભરી આવ્યું છે. વિયેતનામ જતા ભારતીયોની સંખ્યામાં ૨૦૧૯ની સરખામણીએ ૨૦૨૪માં ૨૪૮ ટકાનો ભારે વધારો થયો છે. ભારતીયોમાં વિયેતનામની લોકપ્રિયતાના અનેક કારણ છે. ભારત અને વિયેતનામ વચ્ચે અનેક સીધી ફલાઈટ છે. વિયેતનામમાં ખાવા પીવાનું સસ્તું છે. તેમજ અનેક પર્યટન સ્થળ છે.

વિયેટનામ બાદ ભારતીય અમેરિકા તેમજ જાપાનમાં પણ હરવા ફરવા વધુ જઈ રહ્યા છે. આ દેશોની યાત્રામાં વધારો દર ક્રમશઃ ૫૯ ટકા અને ૫૩ ટકા છે. અમેરિકી ડોલર મોંઘુ હોવા છતાં ભારતીય ત્યા જઈ રહ્યા છે. આ વર્ષે ગરમીમાં ભારતીયો સિંગાપોર, લંડન, ફ્રેન્કફર્ટ, અને મેલબોર્ન પણ જઈ રહ્યા છે. (૨૧.૧૨)

## પીજીવીસીએલના નિવૃત નાયબ ઇજનેર દિલીપભાઇ પૂજારાનો કાલે જન્મદિન



રાજકોટઃ પૂ. રણછોડદાસજી બાપુના પરમ ભકત અને પીજીવીસીએલમાં ૩૪ વર્ષની યશસ્વી સેવા પુરી કરનાર નિવૃત નાયબ ઈજનેરશ્રી દિલીપભાઈ જ. પુજારાનો આજે જન્મદિવસ છે. તેઓ જીવનના ૭૧ વર્ષ પુર્ણ કરી ૭૨માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેઓએ સરકારી ફરજ દરમ્યાન પાવર એન્જીનીયર એસોસીએશન સંઘ ઝોનલ સેક્રેટરી તથા અખિલ ગુજરાત વિદ્યુત કામદારમાં લીગલ સેક્રેટરી તરીકે સેવા બજાવેલ. નિવૃત થયા બાદ ઓમ શાંતિ એન્જીનીયરીંગ કોલેજના એડમીન ડાયરેકટર તરીકે તેમજ હાલ સદગુરૂ કન્સલ્ટીંગ એજન્સી રાજકોટ પોતાની કંપનીમાં પીજીવીસીએલ તથા સોલાર રૂફટોપ માટે પ્રવૃતીશીલ રહયા છે. મો. ૮૭૫૮૯ ૨૬૯૫૭. (૪.૧૫)

# માવઠા પછી હવે હીટવેવ : સૂર્ય પ્રકોપથી લોકો ત્રાહીમામ

### મહતમ તાપમાનનો પારો ૪૪ ડિગ્રી એ પહોંચતા

### આકરો ઉનાળો : બપોરે રસ્તાઓ સુમસામ

રાજકોટ તા. ૧૮ : રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં માવઠા બાદ હવે અસહ્ય ઉકળાટ સાથે મહત્તમ તાપમાનનો પારો ૪૪ ડીગ્રીએ પહોંચી જતા લોકો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે.

**જામનગર**

(મુકુંદ બદિયાણી દ્વારા) જુનાગઢ : બાજરા સંશોધન કેન્દ્ર જામનગર તરફથી મળેલ તાપમાનની વિગત જોઈએ તો લઘુતમ તાપમાન ૨૭.૫, મહત્તમ તાપમાન ૩૭.૫, ભેજનું પ્રમાણ ૬૭ ટકા, પવનની ગતિ ૧૪.૬ કી. મી. રહી હતી.

**જુનાગઢ**

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ :સોરઠમાં અગન વર્ષા લોકો ત્રસ્ત થઈ ગયા છે. ગઈકાલે જુનાગઢનું સિઝનનું સૌથી વધુ ૪૨.૯ ડિગ્રી તાપમાન રહ્યા બાદ રાત્રેનો પારો ૩૦ ડિગ્રીએ સ્થિર રહ્યો હતો. અને સવારે ૨૬.૯ ડીગ્રીના લઘુત્તમ તાપમાન સાથે ગરમીનો કહેર શરૂ થઈ ગયો હતો. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટીને ૬૫ ટકા અને પવનની પ્રતિ કલાકની ઝડપ ૪.૮ કિલોમીટરની રહેતા લોકો અકળાઈ ગયા હતા

દરમ્યાન જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના હવામાન નિષ્ણાંત ધીમંત વઘાસીયાએ જણાવ્યું હતું કે, હજુ એક અઠવાડિયું ભીષણ ગરમી ભુક્કા બોલાવશે. તાપમાનનો એક નવો સ્પેલ આવી રહ્યો છે. જેના પરિણામે ગરમીનો પ્રકોપ શરૂ થયો છે. મહતમ તાપમાનનો પારો ૪૪ ડિગ્રીએ પહોંચી જશે. અમદાવાદમાં તો ૪૫ ડિગ્રી તાપમાન નોંધાશે. સુકા પવન ઉત્તર તરફથી ફૂંકાવાનું શરૂ થતાં ઉત્તર તેમજ મધ્ય ભારત અને ઉત્તર તથા મધ્ય ગુજરાતમાં ભીષણ અગન વર્ષા થશે. જોકે સૌરાષ્ટ્રમાં થોડી ઘણી રાહત રહેશે.(૯.૧૨)

Owned, Printed and published by **AJITKUMAR GUNVANTRAI GANATRA** printed at **JAY SAURASHTRA PRINTING PRESS, NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT and published at NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT** editor **AJITKUMAR GUNVANTRAI GANATRA. Ph. No.0281-2445111 Email-akiladailyad@gmail.com**

# પોરબંદરમાં કમોસમી વરસાદની આગાહીના પગલે પાલિકા દ્વારા હોર્ડિંગ્સ ઉતારવાની કામગીરી

પોરબંદર,તા.૧૮:કમોસમી વરસાદની આગાહીના પગલે નગરપાલિકા દ્વારા બેનર, હોર્ડિંગ્સ ઉતારવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. વરસાદ, પવન ફુંકાવાના સમયે નાગરિકોને મોટા બેનર, હોર્ડિંગ્સ, ભયજનક જર્જરિત માળખાંથી દૂર રહી સાવચેતી રાખવા કલેકટરશ્રીની અપીલ થઈ છે.

હાલમાં ગુજરાત રાજયના ઘણાં જિલ્લાઓમાં આપવામાં આવેલ કમોસમી વરસાદની આગાહી પરત્વે પોરબંદર જિલ્લામાં પણ આગાહી આપવામાં આવી હોય, અને બરડા પંથકમાં વરસાદ પડ્યો છે. જિલ્લા કલેકટર શ્રી કે.ડી. લાખાણીની સૂચનાથી સંબંધિત વિભાગો, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ, નગરપાલિકાઓને જરૂરી સાવચેતીના પગલાં લેવાં, તેમજ મોટા ઝોખમી બેનર/હોર્ડિંગ્સ વગેરે તાકીદે ઉતારી લેવા સૂચના આપવામાં આવી છે. જે અન્વયે પોરબંદર નગરપાલિકા દ્વારા બેનર, હોર્ડિંગ્સ ઉતારવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. તેમજ વરસાદ, પવન ફુંકાવાના સમયે નાગરિકોને મોટા બેનર, હોર્ડિંગ્સ, ભયજનક જર્જરિત માળખાં હોય તો તેનાથી દૂર રહેવા સાવચેતી રાખવા જિલ્લા કલેકટરશ્રી દ્વારા અપીલ કરવામાં આવી છે. (૨૨.૧૧)

# પોરબંદરઃ વીજળી ત્રાટકતા મૃત્યુ પામેલા ૨ વ્યકિતઓના પરિવારજનોને ૪-૪ લાખની સહાય

અડવાણા અને વડાળામાં વીજળી પડતા ૨ વ્યકિતઓએ જીવ ગુમાવ્યો હતોઃ સરકારે તાત્કાલિક સહાય ચુકવી

પોરબંદર તા.૧૮:તાલુકામાં આકાશી વીજળી પડવાના બનાવમાં બે મૃતકોના વારસદારોને સરકાર દ્વારા ૪-૪ લાખની સહાય ચૂકવાઈ છે. પોરબંદર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરકારશ્રીના નિયમ અનુસાર ૨ મૃતકના વારસદારોના બેંક ખાતામાં રકમ જમા કરવામાં આવી છે.

પોરબંદર તાલુકાના અડવાણા ગામના જીવાભાઈ ગીગાભાઈ કારાવદરા નું આકાશી વીજળી પડવાથી મૃત્યુ થયું હતું .આ અંગે સરકારશ્રી દ્વારા મળતી રાહત અંગે જરૂરી કાર્યવાહી કરી જિલ્લા કલેકટર શ્રી કે.ડી. લાખાણીના માર્ગદર્શન હેઠળ તાલુકા વિકાસ અધિકારી પોરબંદર દ્વારા તાત્કાલિક સહાયની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં મૃતકના વારસદાર પત્ની સુમરી બેન ને એસડીઆર એફ સરકારી ફંડ માંથી રૂપિયા ચાર લાખની સહાય તેમના બેંક ખાતામાં જમા કરાવી ચૂકવવામાં આવી છે.

બીજા એક બનાવમાં અને વડાળા ગામના મૃતક બાલુભાઈ કારાભાઈ ઓડેદરાનું પણ આકાશી વીજળી પડવાથી મૃત્યુ થતાં તેમના વારસદાર પિતાશ્રી કારાભાઈ ના બેંક ખાતામાં રૂ.ચાર લાખ ની સહાય ચૂકવવામાં આવી હતી.(૨.૧૧)

# કુતિયાણામાં કારની ઠોકરે રિક્ષા ચડતાં વૃધ્ધા નાથીબેનનો જીવ ગયો

સારવાર દરમિયાન રાજકોટમાં દમ તોડતાં પરિવારમાં શોક

રાજકોટ તા.૧૮:કુતિયાણામાં વાહન અકસ્માતમાં ઈજા થતાં ઘવાયેલા વૃધ્ધાને સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

જાણવા મળ્યા મુજબ કુતિયાણા રસુલવાડી વિસ્તારમાં રહેતાં નાથીબેન ગોગનભાઈ સુનરેજા (ઉ.વ.૭૧) નામના વૃધ્ધા ગઈકાલે રિક્ષામાં બેસીને જતાં હતાં ત્યારે કુતિયાણામાં કોઈ ફોરવ્હીલની ઠોકરે રિક્ષા ચડી જતાં નાથીબેનને ગંભીર ઈજા થતાં સ્થાનિક સારવાર લઈ રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં એ-ડિવીઝન પોલીસને જાણ કરવામાં આવતાં પ્રાથમિક કાગળો કરી કુતિયાણા પોલીસને મોકલાયા હતાં.(૧૪.૫)


# મોરબીમાં યુવકને ચેકની બાબતે ત્રણ શખ્સોએ મારમાર્યો

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી તા. ૧૮ ચ મોરબીના વાવડી રોડ કારીયા સોસાયટી મામાદેવના મંદિર પાસે રહેતા આદિલભાઈ ગફારભાઈ સોલંકી એ આરોપી અલીભાઈ આરીફભાઈ કાસમાણી, તોફીક આરીફભાઈ કાસમાણી અને સમીર આરીફભાઈ કાસમાણી રહે. બધા રણછોડનગર પાછળ રીધ્ધી પાર્ક ગોસીયા મંજીલ મોરબીવાળા વિરુદ્ધ મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

આરોપી અલીભાઈએ ફરીયાદિને કહેલ કે તે કેમ મારા ભાઈએ આપેલ ચેક બાઉન્સ કરાવેલ છે અને તે બાબતે ખાર રાખી ફરીયાદી સાથે બોલાચાલી કરી અપશબ્દ કહી અને માર મારવા લાગ્યા હતા જે બાબતે આદીલભાઈએ આરોપીઓ વિરૂદ્ધ મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ટ્રેન નીચે આવી જતા યુવકનું મોત

માળીયાથી વાધરવા તરફ જતી રેલ્વેટ્રેક ઉપર રેલ્વે ફાટક નં.૯૭ ની નજીક કોઈ અજાણ્યો યુવક ભુજ થી બરેલી જતી પેસેન્જર ટ્રેનની હડફેટે આવી જતા જતા મોત નીપજ્યું હતું જે બાબતે માળિયા મિયાણા પોલીસ મથકે નોધ કરી યુવકની ઓળખ મેળવા તજવીજ હાથ ધરી છે.(૨૧.૧૦)


# ટંકારા શાંતિ આશ્રમના મહંત પ્રાણજીવનદાસ ગુરૂ સુગ્રિવદાસ રામચરણ પામ્યા

ધાર્મિક યાત્રાથી આશ્રમે પરત ફર્યા પછી ટૂંકી બિમારીમાં બ્રહ્મલીન થતા સેવકોમાં શોક

(જયેશ ભટ્ટાસણા દ્વારા) ટંકારા,તા. ૧૮ઃ ટંકારા કોઠારીયા રોડ ઉપર સિતરામાતાની ધાર ના રસ્તે આવેલા શાંતિ આશ્રમ જ્યા પ્રાચિન હનુમાનજી અને બજરંગદાસ બાપુની મઢુલી આવેલી છે ત્યાંના મહંત પ્રાણજીવનદાસ ગુરૂ સુગ્રિવદાસજી મહારાજ આજરોજ તારીખ ૧૮-૫-૨૦૨૪ ને શનિવારે વહેલી સવારે શ્રી રામ ચરણ પામ્યા છે. પ્રાણજીવનદાસ બાપુ ને લોકોને જમાડવાનો અદભુત શોખ હતો એમ કહી તો આજ એમની સેવા પુજા જપ તપ હતું ગુરૂ આજ્ઞા પ્રમાણે જઠરાગ્નિ ઠારવા સેવાના ભેખધારી મોઢેરા આશ્રમથી ભંગેશ્વર તિથવા આવ્યા બાદ ટંકારા શાંતિ આશ્રમ ના લાલદાસ બાપુની સેવામાં અહી આવ્યા હતા અને આ આશ્રમને રીતસરનો રળીયામણો કરી આજે આફાની દુનિયાને અલવિદા કહી જતા રહ્યા હતા. ધુન ભજન કિર્તન સાથે વટેમાર્ગુ ઉપરાંત અબોલ જીવોને સાચવવા ખુબ જહેમત ઉઠાવી હતી. નાના બાળકો અને મજુરો માટે પણ ખુબ કુણી લાગણી વ્યક્ત કરી આશ્રમને અદકેરૂ કરવામાં ખુબ યોગદાન આપ્યું હતું. અવલ્લ મંજીલ માટેની અંતિમવિધિ આશ્રમથી ભક્ત સમુદાય આજે બપોરે ૧:૩૦ વાગ્યે આશ્રમ ખાતેજ કરવામાં આવશે જેની સૌ એ નોધ લેવા બાપા સીતારામ સેવા સમિતિએ જણાવ્યું છે. (૨૨.૧૨)

# પોરબંદરઃ ૧ જુનથી ૩૧ જુલાઇ સુધી દરિયામાં માછીમારી માટે જવા ઉપર પ્રતિબંધ

પોરબંદર તા.૧૮:આગામી ૧ જૂનથી ૩૧ જુલાઈ સુધી ૬૧ દિવસ દરમિયાન દરિયામાં ફિશિંગ પર પ્રતિબંધ મુકતો મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી દ્વારા પરિપત્ર કરાયો" માછીમારી વેકેશન દરમિયાન પ્રતિબંધનું ઉલ્લંઘન કરી દરિયામાં માછીમારી કરશે તો કાર્યવાહી કરવા આદેશ અપાયો છે.

મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી દ્વારા પરિપત્ર કરી જિલ્લાના તમામ માછીમારો, એસોસિએશન તથા આગેવાનોને જણાવવામાં આવ્યું છે કે ગુજરાત રાજ્યના કૃષિ ખેડૂત કલ્ય અને સહકાર વિભાગના આધારિત પત્ર-૨થી ફિશિંગ બાન સમયગાળામાં ફેરફાર કરવામાં આવ્યો છે. ભારત સરકારના મત્સ્યદ્યોગ પશુપાલન અને ડેરી મંત્રાલય દ્વારા આધારિત પત્ર-૩ થી તેમજ વડી કચેરી ગાંધીનગર આધારિત પત્ર-૪થી પ્રાદેશિક જળ વિસ્તારની બહાર (ઈન્ડિયન એસક્યુઝિવ ઈકોનોમિક ઝોન) માં પશ્ચિમ દરિયાકાંઠાના આંતરદેશીય તથા પ્રાદેશિક વિસ્તારમાં ૬૧ દિવસના સમયગાળા દરમિયાન માછીમારી પર પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે. આગામી તા. ૧ જુન થી ૩૧ જુલાઈ એટલે કે ૬૧ દિવસ સુધી ફિશિંગ પર પ્રતિબંધનો આદેશ કરાયો છે.

જેને ધ્યાને લઈ પોરબંદર જિલ્લામાં તા. ૧ જૂનથી ૩૧ જુલાઈ સુધી તમામ યાંત્રિક બોટો, હોડીઓ દ્વારા આંતરદેશીય તેમજ પ્રાદેશિક જળ વિસ્તારમાં થતી માછીમારી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી દ્વારા વધુમાં એવું જણાવવામાં આવ્યું છે કે આગામી તા. ૧ જૂન થી માછીમારી પર પ્રતિબંધ મુકેલ હોય ઓનલાઈન સોફ્ટવેરમાં ટોકન લઈ ગયેલ તથા આવનાર દિવસોમાં માછીમારી માટે જનાર તમામ હોડી, બોટની ટોકનની રિટર્ન એન્ટ્રી તા. ૩૧ મે સુધીમાં ફરજિયાત કરી લેવાની રહેશે.

આ પ્રતિબંધ માંથી નોન - મોટરાઈઝડ ક્રાફ્ટ (લાકડાની બિનયાંત્રિક એક લકડી હોડી અને શઢવાળી હોડી) તથા પગડિયા માછીમારોને બાકાત રાખવામાં આવ્યા છે. આ આદેશનો ભંગ કરનાર ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદા - ૨૦૦૩ ની કલમ ૬/ ૧ (ટ) ના ભંગ બદલ કલમ -૨૧/૧(ચ) મુજબ દંડને પાત્ર ઠરશે. આમ, પોરબંદર મત્સ્યોઉદ્યોગ નિયામકની કચેરી દ્વારા માછીમારી પ્રતિબંધિત સમય દરમિયાન માછીમારી કરવા દરિયામાં પ્રવેશ કરશે તો તેમના વિરુદ્ધ કાયદાકી કાર્યવાહી થશે તેવો આદેશ કરાયો છે.(૨.૧૧)

# બગસરામાં પગાર મુદ્દે સફાઇ કામદારોનો સુત્રોચ્ચારઃ આત્મવિલોપનની ચિમકી

૩ મહિનાનો પગાર ચુકવવાની ખાત્રી મળતા મામલો થાળે




(સમીર વિરાણી દ્વારા)બગસરા તા.૧૮: વિગત અનુસાર બગસરા પાલિકા દ્વારા સફાઈ કામદારો દ્વારા પાલિકા કચેરી ત્રણ કલાક સુધી બાનમાં લીધી હતી અને શહેર ના મુખ્ય માર્ગો પર નગરપાલીકા હાય હાય અને હિટલર સાહી બંધ કરોના નારા સાથે રેલી કાઢવામાં આવી હતી અગાઉ ત્રણ દિવસ પહેલા સફાઈ કામદારો પાલિકા નો ઘેરાવ કરેલ હતો ત્યારે સત્તાધીશો દ્વારા મોખિકમાં ત્રણ દિવસમાં પગાર કરવામાં આવશે તેવી લોલીપોપ આપેલી હતી ત્યારે આજે ત્રણ દિવસના બદલે ચાર દિવસ વિતી ગયા પરંતુ હજુ સુધી પગાર કરવામાં આવેલના હોવાથી સફાઈ કામદારો રોષે ભરાયાં હતાં છેલ્લા પાંચ મહિના વિતી ગયા છતાં પાલિકા દ્વારા પગારના કરતા અંતે રોષે ભરાયેલા સફાઈ કામદારો દ્વારા પાલિકા કચેરીનો જય ભીમ અને નગરપાલીકા હાય હાય હિટલર સાહી બંધ કરોના નારા સાથે રેલી કાઢવામાં આવી હતી અને સાથો સાથ સફાઈ કામદારો દ્વારા પાલિકા કચેરી ને ત્રણ કલાક સુધી બાનમાં લીધી હતી આશરે ૭૦ જેટલા કામદારો દ્વારા આ રેલીમાં જોડાયને પાલિકા કચેરીએ દોડી આવેલ હતા સાથે મહિલાઓ પણ અહીંયા દોડી આવેલ હતી અને પોતાની હૈયાવરાળ ઠાલવી હતી છાતીઓ કુટી પાલીકા હાય હાયના નારા લગાવ્યા હતા અને પાલિકા કચેરી એ હાથ જોડીને પાલિકા પ્રમુખ પ્રતિનિધિ તરીખેં તેમના પતિ એવી રિબડિયાને પગાર ચૂકવવા કહેવામાં આવ્યું હતું. જ્યારે અમુક કામદારો દ્વારા આત્મવિલોપન કરવાની પણ ચીમકી આપી હતી ત્યારે પાલિકા પ્રમુખ પ્રતિનિધિએ બાંયધરી આપવામાં આવી કે ત્રણ મહિનાનો પગાર કરી આપશું. (૨૨.૯)



# ગોંડલ શ્રી અક્ષર મંદિરનો ૯૦મો પાટોત્સવ

ગોંડલઃ વિશ્વ વિખ્યાત ગોંડલના અક્ષર મંદિરને આજે ૯૦ વર્ષ પૂર્ણ થયા હોવાથી ૯૦મો પાટોત્સવ ઉજવાયો હતો. ગોંડલના રાજમાર્ગો ઉપરથી પસાર થયેલી આ વિશાળ શોભાયાત્રામાં કળશધારી મહિલાઓ, બાઈક સવાર યુવાનો, પદયાત્રી હરિભકતો હાથમાં ફલેટ સાથે સંખ્યામાં જોડાયા હતા. વિવિધ કલાત્મક પચીસ ફલોટ સાથે ત્રિકોણ પાસે આવેલા સ્વામિનારાયણ બેઠક સ્થાન પરથી ગોંડલના મુખ્ય રાજમાર્ગો પરથી પસાર થઈ અક્ષર મંદિરે વીરમી હતી. જ્યાં સર્વે સમુહ આરતી અને ત્યારબાદ સમૂહભોજનનો લાભ લીધો હતો. આ શોભાયાત્રાને ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજાએ ઠાકોરજીનું પુજન આરતી કરી આરંભ કરાવ્યો હતો. આશરે ૩૦૦૦ જેટલા ભાવિકો ભકતો જોડાયા હતા. (તસ્વીર--અહેવાલઃ અશોક જોશી-ગોંડલ) (૨૨.૮)

# કચ્છથી નવસારી જતા ટ્રકમાંથી ૩૦૦ કિલો લોખંડના સળિયાની ચોરી કરતા બે ઝડપાયા

ભચાઉની કંપનીના મેનેજરે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવીઃ કચ્છ-અમદાવાદ હાઇવે પર વાહનોમાંથી અવારનવાર ચોરીની ઘટનાઓથી ચિંતા

(ફઝલ ચૌહાણ દ્વારા) વઢવાણ,તા. ૧૮: કચ્છના અંજાર તાલુકાના ધમડકા ગામે રહેતા રબ્બાનાભાઈ સાહેબનાભાઈ હીંગરોજા ભચાઉની મોનો સ્ટીલ કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. તા. ૧૪ મેના રોજ ટ્રક ડ્રાઈવર સામખીયાળીના શાંતીનગરમાં રહેતો કંપનીના વીવીધ સાઈઝના લોખંડના સળીયા ૨૭,૨૪૦ કિલો લઈને ભચાઉથી નવસારીના ચીખલી ગામે જય ભવાની સ્ટીલમાં જવા લઈને નીકળ્યો હતો.

જેમાં ધ્રાંગધ્રા હાઈવે પર કલ્પના હોટલ સામે જલારામ વે બ્રીજની પાછળ ટ્રક ડ્રાઈવર અને નજીકમાં આવેલ ગાત્રાળ ચાની હોટલનો મહેશ ખેંગારભાઈ પરાડીયા ટ્રકમાંથી ૩૦૦ કિલો લોખંડના સળીયા કિંમત રૂપીયા ૨૧૦૦૦ની ચોરી કરતા પોલીસના હાથે ઝડપાયા હતા.

બીજી તરફ આ ટ્રક નવસારીના ચીખલી ન પહોંચતા મેનેજરને જાણ થઈ હતી. આથી આ અંગે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે બન્ને શખ્સો સામે રૂપીયા ૨૧ હજારની કિંમતના ૩૦૦ કિલો લોખંડના સળીયાની ચોરીની ફરિયાદ નોંધાતા વધુ તપાસ ઈન્દ્રજીતસીંહ રાઠોડ ચલાવી રહ્યા છે. (૨૨.૮)

# માંડવી બીચ ઉપર પેરાગ્લાયડીંગ દરમિયાન પ્રવાસીનું મોત

વડોદરા હોડી દુર્ઘટના જેમ માંડવીમાં ગેરકાયદે ચાલતી રાઇડો સામે સવાલો

(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા. ૧૮ : રાજ્યમાં દેશી દારૂના સર્જાતાં લઠાકાંડ જેવા બનાવો બાદ કાયદાના રક્ષકો ગેરકાયદે અડ્ડાઓ ઉપર તૂટી પડે અને થોડા દિવસોમાં ફરી બધું એ જ રીતે ચાલતું થઈ જાય, વડોદરામાં નિયમોનો ભંગ કરીને ચાલતી વિદ્યાર્થીઓથી ભરેલી બોટ ડૂબી જાય ત્યારબાદ સરકારી તંત્ર દરેક પ્રવાસન સ્થળે તૂટી પડે ફરી એ જ રીતે બધું ચાલતું થઈ જાય એ કડવું સત્ય આપણે સૌ જોઈ રહ્યા છીએ.

સરકાર અને તંત્રની નિષ્ઠા તેમ જ જવાબદારી થી હાથ ખંખેરવાની વૃત્તિ લોકો ના જીવ સામે જોખમ સર્જે છે એ હકીકત છે. કચ્છના માંડવી ના દરિયા કિનારે મંજૂરી વગર ગેરકાયદે ચાલતી રાઈડ્સ સામે અનેક ફરિયાદો અને અખબારી અહેવાલો બાદ પણ તંત્ર ઘોરી રહ્યું છે એ વચ્ચે એક પ્રવાસીએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે.

ઝારખંડના પ્રવાસી બલદેવસિંહ અર્જિતસિંહ પેરાગ્લાયડીંગ દરમ્યાન નીચે પટકાતાં તેમને માથામાં ઈજાઓ થતાં ભુજ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. પરંતુ, સારવાર મળે એ પહેલાં જ એમનું મોત નીપજ્યું હતું. આ અંગે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જોકે, તંત્રએ કાયમની જેમ અકસ્માત પછી દોડતું થયું અને ગેરકાયદેસર ચાલતી રાઈડના માલિકોને રાઈડ બંધ કરવાની સૂચના આપી કડક કાર્યવાહી કર્યાનો સંતોષ માન્યો હતો.(૨૧.૯)








# પુ.મોરારીબાપુનાં વ્યાસાસને સાંજે ગોંડલમાં શ્રીરામકથાનો પ્રારંભઃ વિવિધ મંદિરોના દર્શન કર્યા

ગોંડલઃ ગોંડલમાં ૪૩ વર્ષ બાદ દાસીજીવણ પાર્ટીપ્લોટ ખાતે પુ.મોરારીબાપુના વ્યાસાસને કથાનું આજે સાંજે ૪ વાગ્યાથી આયોજન કરવામાં આવ્યું છે. જેને પગલે લોકોમાં અનેરો ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. ત્યારે પ.પૂ મોરારીબાપુનું ગોંડલમાં આગમન થયું હતું. ભગવતપરા ખાતે આવેલ ૫૦૦ વર્ષ પુરાતન જગ્યા લોહલંગ ધામ દ્વારા મહંત મહામંડલેશ્વર ૧૦૦૮ પૂ.સીતારામ બાપુની અધ્યક્ષતામાં રામકથાનું આયોજન કરાયું છે. ત્યારે પ.પૂ. મોરારીબાપુનું ગોંડલ શહેરમાં આગમન થયું હતું અને સૌ પ્રથમ ભગવતપરા ખાતે આવેલ લોહલંગ ધામ આશ્રમ ખાતે પધરામણી કરી પૂ. બાપુએ દર્શન કર્યા હતા. ત્યારબાદ પોરબંદર સાંસદ રમેશભાઈ ધડુકના નિવાસસ્થાન ખાતે પધરામણી કરી હતી. ગોંડલ શહેરનું સુપ્રસિદ્ધ ભુવનેશ્વરી માતાજીના મંદિરે દર્શન કર્યા હતા. ત્યારબાદ ગોંડલ શ્રી રામજી મંદિર ખાતે દર્શન કર્યા હતા. શ્રી રામ હોસ્પિટલ પાછળ આવેલ પૂ. હરિચરણદાસજી મહારાજની સમાધિના દર્શન કર્યા હતા. ત્યારબાદ વીરપુર રવાના થયા હતા. (અહેવાલઃ જીતેન્દ્ર આચાર્ય, તસ્વીરઃ ભાવેશ ભોજાણી. ગોંડલ)(૨.૧૦)

# પોરબંદરના કોળી સેવા સમાજ દ્વારા અષાઢી બીજોત્સવઃ તેજસ્વી છાત્રોનું સન્માન

## તેજસ્વી વિદ્યાર્થીઓને વહેલીતકે માર્કસશીટ મોકલી આપવા અનુરોધ

પોરબંદર, તા., ૧૮: ઝૂરીબાગ સમસ્ત કોળી સેવા સમાજ તથા તાલુકા કોળી સમાજ કર્મ ચારી મંડળ દ્વારા આગામી તા ૭ મી જુલાઈ રવિવારે સાંજે ૪ કલાકે નકલંગ નેજા ધારી શ્રી રામદેવજી મહારાજ ના ધ્વજાંરોહણ સાથે અષાઢી બીજોત્સવ તથા તાલુકાસમસ્ત કોળી સમાજના વિદ્યાર્થીઓનો સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે પોરબંદર ઝૂરીબાગ કોળી સેવા સમાજના પ્રમુખ શ્રી વલ્ભભભાઈ બામણીયા અને ઝૂરીબાગ કોળી સેવા સમાજ યુવક મંડળના પ્રમુખ શ્રી ભરત ભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં કોળી સમાજની બેઠક મળી હતી આ બેઠકમાં તાલુકા કોળી સમાજ કર્મચારી મંડળના પ્રમુખ શ્રી નારણ ભાઈ બામણીયા, સમાજ રત્ન ડો. ઈશ્વરભાઈ ભરડા સમાજ અગ્રણી સર્વ શ્રી રાજસી ભાઈ બગીયા જયભાઈ કિરીટભાઈ સોલંકી, શ્રી હરીશ ભાઈ બામણીયા શ્રી કપિલ ભાઈ બામણીયા શ્રી શૈલેષભાઈ બામણીયા લલિત ભાઈ સોલંકી હરીશ ભાઈ સોલન્કી ગિરીશ ભાઈ બામણીયા બાબુ ભાઈ મકવાણા હરીશ ગીગા ભાઈ સોલન્કી નાનજી ભાઈ સોલન્કી લખમણ ભાઈ સોલંકી સહીતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા આ બેઠક મા તા આ ગામી તા ૭ મી જુલાઈ ને રવિવાર ના શ્રી રામદેવજી મહારાજનો ધ્વજારોહણ ઉત્સવ યોજાશે જેમાં સાંજે ૪-૦૦ કલાકે શોભાયાત્રા, ૫-૦૦ કલાકે તેજસ્વી છાત્રો નો સન્માન સમારંભ ૬-૦૦ કલાકે નાત જાતના ભેદ ભાવ વગર ભોજન રૂપે મહા પ્રસાદ અને રાત્રે ૧૦ -૦૦ કલાકે સંતવાણી કાર્યક્રમ યોજાશે જેમાં નામી અનામી કલાકારો સંતવાણી પ્રસ્તુત કરશે.

સંતો સાધુ મહ નતો અને સમાજ શ્રેષ્ઠિ ઓની હાજરી પ્રેરક બનશે આ ધર્મોત્સવ યોજવાનો સ સર્વા નુ મતે નિર્ણય લવાયો હતો. આ બીજોત્સવ ની સાથો સાથે પોરબંદર તાલુકા કોળી સમાજ કર્મચારી મંડળ અને ઝૂરીબાગ કોળી સેવા સમાજ ના સંયુક્ત ઉપક્રમે તાલુકા ન ના તેજસ્વી વિદ્યાર્થી ઓ નો ભવ્ય સન્માન સમારંભ યોજાશે જમા ધોરણ ૧૦- ૧૨ સ્નાતક, અનુસ્નાતક તેમજ સંગીત, કલા, સર્જનાત્મક કલા, રમત ગમત, યોગ, સાહિત્ય અને સેવા કીય પ્રવુતિ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થી ઓ ને પોરબંદર ના સેવા ક્ષેત્રે બે નમૂન કાર્ય કરતી સ્વ લીલાવતી રાહુલ ચેરિટેબલ ફાઉન્ડેશનના પ્રમુખ દાતા શ્રી નારણ ભાઈ બામણીયા ના પિતા સ્વ પૂજા ભાઈ ની સ્મૃતિમાં ચાંદીના મેડલ પૂર્વ કાઉન્સિલર શ્રી ભરત ભાઈ બામણીયાના પિતા સ્વ શ્રી નટુભાઈ કાનજીભાઈ બામણીયા તથા માતા સ્વ શ્રી જયા બેન નટુભાઈ બામણીયા ની સ્મૃતિ મા જનરલ નોલેજ ની બુક તેમજ સમાજ તરફ થી પ્રમાણપત્ર થી સન્માનિત કરવામાં આવશે ધોરણ ૧૦-૧૨ સ્નાતક અનુસ્નાતક સંગીત કલા સાહિત્ય રમત ગમત યોગ વર્ષ ૨૦૨૪ મા ૬૦ ટકા કે ઉપર ના ટકા મેળવ નાર વિદ્યાર્થીઓ એ તા ૩૦ મે સુધીમાં માર્કસીટની ઝેરોક્ષ નકલની પાછળ પોતા ના ઘરનું સરનામું, મેળવેલ ટકા, મોબાઈલ નંબર સાથે જમા કરવા ના રહેશે (૧) જય કિરીટ ભાઈ સોલંકી આનંદ સાયકલ સ્ટોર કૈલાશ ગેરેજ ની બાજુમાં ઝૂરી બાગ મો ૭૪૦ ૫૩૦ ૯૦ ૩૪ (૨) શ્રી રમેશભાઈ સોલન્કી મોહન સ્ટુડિયો રામટેકરી પારસ ડેરી સામે મો ૯૮૯૮૫૮૫૦૩૦ (૩) રાજસી ભાઈ બગીયા આંગળ વાળી સામે નવા પરા છાંયા મો ૯૭ ૨૫૯ ૫૦ ૧૬૧ (૪) મહેશ ભાઈ ભુવા કોળી સમાજની વાડી જ્યુબેલી મો ૭૪૦૫૪૫૦૪૨૭ (૫) અરજણન ભાઈ આંત્રોલીયા ન્યૂ ઘેડીયા કોળી સમાજ વંડી મોબાઈલ ૯૮ ૭૯૩૮૮૫૯૬ (૬) લખમણ ભાઈ બામણીયા રોકડીયા હનુ માન મંદિર સામે મોબાઈલ ૯૫૧૨૫૭૯૭૪૩ (૭) વિશાલ કર ગટીયા તન્મય વિર ભનુ ખાંભી મોબાઈલ ૯૧૫૭૧૧૧૯૧૧ નો સંપર્ક યાદીમાં જણાવાયું છે. (૪.૧૮)

# મોરબીઃ રવાપરમાં એક અઠવાડીયાથી પાણી ન આવતા સ્થાનિકોમાં રોષઃ રાત્રે સરપંચના ઘરે રજુઆત કરવા દોડી ગયા

## અંદાજે ફલેટ દીઠ રૂા. ૩૫ હજારના પાણીના ટાંકા નખાવી દીધા હોવાની સ્થાનિકોની રાવ, સરપંચના ઘરેથી અન્ય આગેવાનોએ રાત્રે ૧૨:૩૦ વાગ્યે પાણી આવી જશે તેવી ધરપત દેતા સ્થાનિકો પાણીની વાટમાં ઉજાગરા

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી, તા. ૧૮: મોરબીના સમૃદ્ધ ગણાતા એવા રવાપર ગામમાં પાણીનો પ્રશ્ન વિકટ બન્યો છે. છેલ્લા એક અઠવાડિયા જેટલા સમયથી અહીં પાણી ન મળતા સ્થાનિકો રોષભેર સરપંચના ઘરે રજુઆત કરવા દોડી ગયા હતા. જો કે ત્યાંથી રાત્રે ૧૨:૩૦ વાગ્યે પાણી મળી જશે તેવી ધરપત મળતા હવે સ્થાનિકો પાણીની વાટે જાગી રહ્યા છે.

સમગ્ર ઘટના અંગે સ્થાનિક અજયભાઈ કાલરીયાએ જણાવ્યું કે રવાપરમાં રવાપર - ઘુનડા રોડ ઉપરના મધરપાર્ક સોસાયટી સહિતના મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા ૬થી ૭ દિવસથી પાણી આવ્યું નથી. અત્યાર સુધીમાં ફ્લેટ દીઠ રૂ.૩૫ હજારથી વધુનો ખર્ચ પાણીના ટાકા ખરીદવા પાછળ થઈ ગયો છે. એવી વાતો સંભળાતી હતી કે હજુ એક અઠવાડિયુ પાણી આવવાનું નથી. જો આવું થાય તો પાણીના ટાકા પાછળ જ એકાદ લાખનો ખર્ચ થઈ જાય છે. પાણીના ટાંકાના ભાવ પણ દિવસેને દિવસે વધી રહ્યા છે.

જેથી આસપાસના ૧૦૦થી ૧૫૦ લોકો એકત્ર થઈને આજે રાત્રે સરપંચના ઘરે રજુઆત કરવા ગયા હતા. અમે લોકોએ રજુઆત કરી હતી કે કા તો વેરો ન લ્યો, કા પાણી આપો. આ સમયે હાજર આગેવાનોએ એવી હૈયાધારણા આપી હતી કે રાત્રે ૧૨:૩૦ વાગ્યે પાણી આવી જશે.

અમે લોકો ગઈકાલે રાત્રે સંપ ખાતે ગયા હતા. જ્યાં એવું જાણવા મળ્યું હતું



કે અગાઉ ૧૨ કલાક પાણી આપવામાં આવતું હતું. હાલ ૬ કલાક પાણી આપવામાં આવે છે. ત્યારે અમે રજુઆત કરી હતી કે ભલે ઓછું તો ઓછું, પણ પાણી તો આપો. ત્યારે પણ એમ કહેવામાં આવ્યું હતું કે રાત્રે ૧૨ વાગ્યે પાણી આવી જશે. પણ પાણી આવ્યું ન હતું. જેથી સ્થાનિકો આજે સરપંચની ઘરે રજુઆત કરવા ગયા હતા. જો આજે રાત્રે પાણી ન આવે તો હવે આગળ શુ કરવું તે બધા સ્થાનિકો સાથે મળીને નક્કી કરીશું. તેમ સ્થાનિકોએ જણાવ્યુ હતુ. (૨૨.૬)

# ઉપલેટા પંથકમાં ૧૬ વર્ષની સગીરાને કૌટુંબીક કાકાએ હવસનો શિકાર બનાવી

## ઘર પાછળ વંડામાં મળવા બોલાવી બળજબરી આચરી લીધીઃ ઘરમાં ઠપકો મળતાં બાળા એસિડ પી ગઇઃ ભાયાવદર પોલીસે પોક્સો હેઠળ કાર્યવાહી કરી

રાજકોટ તા. ૧૮: દૂષ્કર્મની વધુ એક ઘટના પોલીસ ચોપડે ચડી છે. ઉપલેટા પંથકમાં એક સોળ વર્ષની સગીરા સાથે કૌટુંબીક કાકાએ બળાત્કાર ગુજારતાં ભાયાવદર પોલીસે પોક્સો હેઠળ કાર્યવાહી કરી છે. બીજી તરફ ભોગ બનેલી સગીરાને પરિવારજનો તરફથી ઠપકો મળતાં તેણી એસિડ પી લેતાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી.

ઉપલેટા પંથકના એક ગામમાં આ ઘટના બની છે. જેમાં પોલીસે ભોગ બનેલી બાળાના માતાની ફરિયાદ પરથી તેણીના કૌટુંબીક કાકા વિરૂધ્ધ દૂષ્કર્મ, પોક્સો હેઠળ ગુનો નોંધી ધરપકડની તજવીજ હાથ ધરી છે. આ ઘટનાને પગલે હવસખોરી આચરનારા પર ફીટકાર વરસી રહ્યો છે.

મહિલાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમની ૧૬ વર્ષની દિકરીને આરોપી એવા કૌટુંબિક કાકાએ ફોન કરી ઘર પાછળ વંડામાં મળવા માટે બોલાવી હતી. જ્યાં સગીરાને કાકાએ પોતાની પાસે બેસવા માટે કહ્યું હતું. બાદમાં તેણે સગીરા સાથે બળજબરી કરવાનો પ્રયાસ કરતાં તેણીએ ઈન્કાર કરતાં તેણે જબરદસ્તીથી દૂષ્કર્મ આચરી લીધું હતું.

આ કારણે બાળા હેબતાઈ ગઈ હતી. સગીર દિકરી બહાર ગયા બાદ તેને ઘરે પાછા આવવામાં સમય લાગી ગયો હોઈ પરિવારજનોએ તેણીની પૃછા કરતાં તેણીએ પોતાની સાથે કૌટુંબીક કાકાએ બળજબરી આચરી લીધાનું કહેતાં પિતાએ ગુસ્સે થઈ આ દિકરીને ઠપકો આપતાં તેણીને માઠુ લાગી જતાં એસિડ પી જતાં સારવાર માટે ભાયાવદર બાદમાં ઉપલેટા ત્યાંથી જુનાગઢ અને ત્યારબાદ રાજકોટ સરકારી હોસ્પિટલમાં ખસેડાઈ હતી.

આ બનાવ અંગે સગીરાની માતાની ફરિયાદ પરથી ભાયાવદર પોલીસે આરોપી સામે આઈપીસીની કલમ ૩૭૬(૨),(૧) અને પોકસો એકટની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા ભાયાવદર પોલીસ મથકના પી.એસ.આઈ આર.વી. ભીમાણીની રાહબરી હેઠળ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. (૧૪.૮)

(હેમેન્દ્રકુમાર પારેખ દ્વારા) પોરબંદર :

**પોરબંદરની શ્રીનાથજી હવેલીમાં આવતીકાલે તા. ૧૯ મીએ રવિવારે મોહીની એકાદશી (ગૌદૂધ) અને મંગળાના દર્શનનો સમય સવારે ૮ વાગ્યે રાખેલ છે.**

# માળીયાના નવી નવલખી ગામે યુવકને મારમારી તેની કારમાં તોડફોડ

(પ્રવિણ વ્યાસ દ્વારા) મોરબી તા. ૧૮ : માળીયા તાલુકાના નવી નવલખી ગામે રહેતા સુભાનભાઈ આદમભાઈ મોવર એ આરોપી કરીમ હાસમ માણેક, જલાબેન કરીમભાઈ માણેક, સુગરાબેન કરીમભાઈ માણેક રહે બધાં નવી નવલખી ગામ વાળા વિરૂદ્ધ માળિયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે. કે ગત ફરી તથા આરોપી નં.૧ કોલસા વિણવાની મજુરી કરતા હોય અને બોલાચાલી થતા તેનુ મનદુખ રાખી ત્રણેય આરોપીઓએ લાકડા ધોકા તથા પાઈપ રાખીને ફરીયાદીના ઘરની બહાર શેરીમા આવી ગાળો બોલતા ગાળો બોલવાની ના પાડતા શેરીમા પડેલ ફરીયાદિની મારૂતી સ્વીફટ કાર નં.જીજે-૩૬-એએફ-૭૯૮૬ વાળીમા નુકશાન કરી તથા આરોપી જલાબેન તથા સુગરાબેન એ સાહેદ રોશનબેનને લાકડાના ધોકા વડે હાથે તથા પગે માર મારેલ જેમા સાહેદ રોશનબેનને જમણા હાથમા તથા જમણા પગમા ફેક્ચર જેવી ઈજા કરી તથા આરોપી કરીમએ પોતાના હાથમા રહેલ પાઈપ વડે ફરીયાદિને મોઢાના ભાગે ઘા મારતા તેને જમણી આંખની નિચે ગાલ ઉપર ઈજા કરી હતી જેથી ભોગ બનનાર સુભાનભાઈ એ આરોપીઓ વિરૂદ્ધ માળિયા (મી) પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ફરીયાદના આધારે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. (૨૧.૧૦)

# પોરબંદરમાં સવારે છાંટા બાદ અસહય બફારોઃ આકરો સુર્યતાપ

(હેમેન્દ્ર કુમાર પારેખ દ્વારા) પોરબંદર તા. ૧૮: આજે સવારે વરસાદી વાતાવરણ બાદ છાંટા પડયાં હતા અને ત્યાર પછી અસહય બફારો શરૂ થઈ ગયેલ છે બપોરે આકરો સુર્ય તાપ રહે છે. ગુરૂતમ ઉષ્ણતામાન ૩૬,૭ સેગ્રે, લઘુતમ ઉષ્ણતામાન ૨૬,૪ એ,ગ્રે તેમજ ૬૬ ટકા હવાનું હવાનું દબાણ ૧૦૦૯,૧ એચ.પી.એ સુર્યોદય ૬,૧૧, સૂર્યાસ્ત ૭,૨૪ મીનીટે. (૩.૬)

# પોરબંદરઃ આખલા યુધ્ધ કરતા બન્ને આખલાઓ કુવામાં ખાબકયાં

## ફાયર બ્રિગેડની ટીમને ''રેસ્કયુ'' કામગીરી માટે ક્રેઇનની મદદ લેવી પડીઃ બન્ને આખલાના જીવ બચાવ્યા

(હેમેન્દ્રકુમાર પારેખ દ્વારા) પોરબંદર તા.૧૮: તાલુકાના રાતડી ગામે આખલા યુધ્ધ કરતા બન્ને આખલા નજીકમાં કુવામાં ખાબકતા ગ્રામજનોને ફાયર બ્રિગેડને બોલાવીને બન્ને આખલાઓને બચાવી લીધાં હતાં.

રાતડી ગામે યુધ્ધે ચઢેલા બે આખલા કુવામાં અકસ્માતે પડી જતાં ગ્રામજનોએ પોરબંદર ફાયરબ્રિગેડ ટીમને બોલાવી હતી અને ફાયરબ્રિગેડની ટીમે ક્રેઈનની મદદથી વારાફરતી બન્ને વજનદાર આખલાઓને હેમખેમ બહાર કાઢીને બન્ને આખલાના જીવ બચાવી લીધાં હતાં. ફાયરબ્રિગેડ ટીમે કલાકો સુધી ''રેસ્કયુ'' કરીને બન્ને આખલાના જીવ બચાવી લીધાં હતાં. (૨.૧૩)



**ધોરાજી પંથકમાં માવઠાથી નુકશાનઃ** ધોરાજી વિસ્તારમાં બપોરબાદ ભારે ઉકળાટ બાદ પવન સાથે વરસાદ આવતા ખેડૂતોને વ્યાપક નુકસાન થયેલ છે તલ, મગફળી, અળદ સહીત વ્યાપક નુકસાન થયેલ છે પ્રગતીશીલ ખેડૂત મગનભાઈ વઘાસિયા એ જણાવેલ હતું. (તસ્વીર અહેવાલઃ ધમેન્દ્ર બાબરીયા ધોરાજી) (૩.૫)

# કુતિયાણાના જુણેજનો યુવાન ઓનલાઇન ગેમમાં મોટી રકમ હારી જતા ચોરી કરેલ અને પકડાયો

## ૫ લાખ રોકડની ચોરીનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલતી પોલીસઃ આરોપીના ઘેરથી ચોરી કરેલ રોકડનો થેલો મળી આવ્યોઃ યુવાનોને લાલબતી ધરતો કિસ્સો

(પરેશ પારેખ દ્વારા) પોરબંદર, તા. ૧૮: કુતિયાણાના જુણેજ ગામે મકાનમાંથી ૫ લાખ રોકડની ચોરીનો ભેદ કુતિયાણા પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલીને ચોરીમાં ઝડપાયેલા સાગર અરજણભાઈ ગઢિયા (ઉ.૩૩)ની પુછપરછ કરતા સાગરે મોબાઈલમાં ઓનલાઈન ગેમ રમતા મોટી રકમ હારી ગયેલ હોય ૫ લાખ રોકડની ચોરી કર્યાની કબૂલાત આપી હતી.

ફરિયાદી સુધીરભાઈ પરસોતમભાઈ ગઢીયા ઉ.વ.૨૮ ધંધો-ખેતીકામ રહે જુણેજગામ તા.કુતિયાણાવાળાએ પો.સ્ટે. આવી જાહેર કરેલ કે, પોતાના રહેણાંક મકાનમાં પ્રવેશ કરી કબાટમાં રહેલ રોકડા રૂા.૫,૦૦,૦૦૦ નો મુદ્દામાલ ની કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયેલ હોવાની હકિકત જણાવતા કુતિયાણા પો.સ્ટે. કલમ.૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ ગુનો દાખલ કરેલ.

જે ગુનાનો ભેદ ઉકલવા જુનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક શ્રી નિલેષ જાજડીયા તથા પોરબંદર પોલીસ અધિક્ષક શ્રી ભગીરથસિંહ જાડેજાનાઓએ સુચના આપેલ હોય જે અન્વયે ઈ/ચા મદદનીશ પોલીસ અધિક્ષક શ્રી પોરબંદર ગ્રામ્ય સાહિત્યા.વી. સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઈન્સ. કે.એન.ઠાકરીયા તથા કુતિયાણા પો.સ્ટે.ના પોલીસ સ્ટાફના માણસો કુતિયાણા પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલિંગ દરમ્યાન પો.હેડ.કોન્સ. પિયુષ રામજીભાઈ ઓડેદરાને બાતમી મળેલ કે આ કામના ફરીયાદીના કૌટુંબીક ભાઈ સાગર અરજનભાઈ ગઢીયા જેઓ છેલ્લા ઘણા સમય થી મોબાઈલ ફોનમાં ઓનલાઈન ગેમમાં રૂપિયા હારી ગયેલ હોય અને તેમણે સદર ચોરીના બનાવને અંજામ આપેલ હોવાની ચોક્કસ હકિકત મળેલ.

પોલીસ સ્ટાફના માણસો સાથે શકદાર ઈસમના રહેણાક મકાનની ઝડતી કરતા રોકડા રૂ.૫,૦૦,૦૦૦/- ભરેલ થેલો મળી આવેલ જેથી આ રૂપિયા બાબતે મજકુરની ઉંડાણ પુર્વક પુછ-પરછ કરતા સદરહુ રોકડા રૂપિયાની ફરીયાદીના ઘરેથી ચોરી કરેલ હોવાની કબુલાત આપતા ધોરણસર અટક કરી ગણતરીના દિવસોમાં ગુનાનો ભેદ ઉકેલી ઘરફોડ ચોરીનો અનડિટેક્ટ ગુન્હો



ડિટેક્ટ કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

પાંચ લાખ રોકડની ચોરીનો ભેદ ઉકેલવાની કામગીરીમાં રોકાયેલ અધિકારી/ કર્મચારી કુતિયાણા પો.સ્ટે.ના પો.સબ.ઈન્સ. કે.એન.ઠાકરીયા તથા પો.હેડ.કોન્સ. ચેતનભાઈ ગીગાભાઈ મોઢવાડીયા, પિયુષ રામજીભાઈ ઓડેદરા તથા પો.કોન્સ. અક્ષયકુમાર જગતસિંહ ઝાલા, વિજય ખીમાણંદભાઈ ગાગીયા, અશ્વિન વેજાભાઈ વરૂ, રામશી વિરાભાઈ લુવા, મહેશ મેરામણભાઈ મુસાર વિગેરે રોકાયેલ હતા. (૨૨.૧૩)

# ગુજરાત લેન્ડગ્રેબિંગ (પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦: ઓછામાં ઓછી ૧૦ વર્ષની જેલ

પોરબંદરઃ ગુજરાત હાઈકોર્ટે ગુજરાત લેન્ડ ગ્રેબિંગ (પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૨૦ની બંધારણીય માન્યતાને સમર્થન આપ્યું છે જે ઓછામાં ઓછી ૧૦ વર્ષની જેલની જોગવાઈ કરે છે

એક મહત્વપૂર્ણ ચુકાદામાં, ગુજરાત હાઈકોર્ટે આજે તેના સંબંધિત નિયમો સાથે ગુજરાત જમીન હડપ (પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૨૦ ની બંધારણીય માન્યતાને સમર્થન આપ્યું છે. આ કાયદાને રાષ્ટ્રપતિની મંજૂરી મળવાની બાકી છે.

આ ચુકાદો ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરુદ્ધ પી માયીની બનેલી બેંચ તરફથી આવ્યો હતો , જેમણે કાયદાને પડકારતી ૧૫૦ થી વધુ અરજીઓની બેચ પર ચુકાદો આપ્યો હતો.

ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે લેન્ડ ગ્રેબિંગ એક્ટ, ૨૦૨૦, અને તેના સંબંધિત નિયમો ગેરબંધારણીય નથી, દાવાઓને ફગાવી દે છે કે તેઓ ભારતીય બંધારણના ઘણા લેખોનું ઉલ્લંઘન કરે છે.

તેના ચુકાદામાં, ખંડપીઠે જણાવ્યું હતું કે, 'પક્ષોના વિદ્વાન વકીલો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પર ગુજરાત જમીન હડપ નિષેધ અધિનિયમ, ૨૦૨૦ ની માન્યતાને ધ્યાનમાં લેવાના મામલામાં તપાસના દરેક પાસાઓ પર ઉપરોક્ત ચર્ચા સાથે, અમે નથી ભારતના બંધારણના અનુચ્છેદ ૧૩, ૧૪, ૧૯, ૨૦ અને ૨૧ ના ગેરબંધારણીય ઉલ્લંઘન તરીકે ગુજરાત જમીન હડપ પ્રતિબંધ અધિનિયમ, ૨૦૨૦ અને નિયમો, ૨૦૨૦ ને પકડી રાખવા માટે કોઈ સારું કારણ શોધો અમારા દ્વારા ઘડવામાં આવેલ પડકારના મુદ્દા નીચે મુજબ છે

જમીન હડપ કરવાનો અધિનિયમ ૨૦૨૦ ની પિથ અને તથ્યને ધ્યાનમાં લેતા, અમે માનીએ છીએ કે તે VII અનુસૂચિ (ભારતના બંધારણની) ની સૂચિ II ની એન્ટ્રીઓ ૧૮, ૬૪ અને ૬૫ સાથે સંબંધિત છે અને તેથી કેન્દ્રને અપમાનિત કરવાનો કોઈ પ્રશ્ન નથી. કાયદાઓ જેમ કે મર્યાદા અધિનિયમ, ૧૯૬૩, સિવિલ પ્રોસિજર એક્ટ, ૧૯૦૮, ફોજદારી કાર્યવાહીની સંહિતા, ૧૯૭૩, મિલકત સ્થાનાંતરણ અધિનિયમ, ૧૮૮૨, વિશિષ્ટ રાહત અધિનિયમ, ૧૯૬૩, ભારતીય પુરાવા અધિનિયમ, ૧૯૭૨ અને ભારતીય કરાર અધિનિયમ, ૧૮૭૨.

'જેમ કે અરજદારો દ્વારા ઉશ્કેરવામાં આવે છે કારણ કે તેમાં કોઈ વિપરિતતા નથી, અધિનિયમ ૨૦૨૦ ને રાષ્ટ્રપતિની સંમતિના અભાવે ભારતના બંધારણની કલમ ૨૫૪ દ્વારા અસર થઈ શકે તેવું કહી શકાય નહીં. સ્પષ્ટ મનસ્વીતાની અરજી પર જમીન હડપ કરવાનો અધિનિયમ, ૨૦૨૦ ને પડકાર ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪ નું ઉલ્લંઘન કરીને અસમાનતા સાથે સમાન વર્તન કરીને જમીન હડપ કરવાના અધિનિયમની વિવિધ જોગવાઈઓની નોંધ લઈને નામંજૂર કરવામાં આવે છે જે અધિનિયમ ૨૦૨૦ ના ઉદ્દેશ્ય અને હેતુ સાથે તર્કસંગત હોવાનું જણાયું છે, જે જમીનને અંકુશમાં લેવા માટે છે. ગુજરાત રાજ્યમાં પકડવાની પ્રવૃત્તિઓ' કોર્ટે ઉમેર્યું.

કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે લેન્ડ ગ્રેબિંગ એક્ટ, ૨૦૨૦ ને બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન કરતું કહી શકાય નહીં, અને તેની જોગવાઈઓ બંધારણની કલમ ૧૪નું ઉલ્લંઘન કરતી નથી અને બિનસલાહભર્યા કાયદામાં આપવામાં આવેલી સિવિલ અને ફોજદારી ટ્રાયલની પ્રક્રિયાનું ઉલ્લંઘન કરી શકતું નથી. સ્પષ્ટપણે મનસ્વી હોવાનું કહેવાય છે.

અધિનિયમને કઠોર અને અપ્રમાણસર સજાની અરજી પર પડકારી શકાય નહીં. અમે માનીએ છીએ કે કાયદો બંધારણની કલમ ૧૩, ૧૪, ૧૯ અને ૨૧નું ઉલ્લંઘન કરતું નથી, કોર્ટે અભિપ્રાય આપ્યો.

જમીન પચાવી પાડવા માટે ઓછામાં ઓછી ૧૦ વર્ષની સજાની જોગવાઈ અંગે, કોર્ટે વિધાનસભાની શાણપણને સમર્થન આપ્યું હતું, એમ કહીને કે લોકોના શ્રેષ્ઠ હિતમાં શું છે તે નક્કી કરવાનો ચૂંટાયેલા પ્રતિનિધિઓનો વિશેષાધિકાર છે.

તે ભારપૂર્વક જણાવે છે કે, જમીન પચાવી પાડવા માટે ઓછામાં ઓછી ૧૦ વર્ષની જેલની સજાની જોગવાઈ માટે પ્રમાણસરતાના સિદ્ધાંત પર જમીન પચાવી પાડવા અધિનિયમ ૨૦૨૦ ની માન્યતાનું પરીક્ષણ કરીને, તે નિષ્કર્ષ પર આવે છે કે વિધાનસભાની શાણપણને યોગ્ય માન્યતા આપવી જોઈએ, તે કાયદા માટે છે. લોકોના પ્રતિનિધિ તરીકે તેમના માટે શું સારું છે કે ખરાબ તે નક્કી કરવા માટે કારણ કે તે લોકોની જરૂરિયાતોને જાણવી અને જાગૃત રહેવાની છે. કોર્ટ તેના શાણપણ પર ચુકાદામાં બેસી શકે નહીં. પરિણામે, ૨૦૨૦ અધિનિયમને પ્રમાણસરતાના સિદ્ધાંત પર ભારતના બંધારણની કલમ ૧૩, ૧૪, ૧૯ અને ૨૧ ને અલ્ટ્રાવાયર્સ કહી શકાય નહીં અને નિર્ધારિત સજા સખત, અપ્રમાણસર અને મનસ્વી હોવાની અરજી પર અમાન્ય કરી શકાય નહીં. લેન્ડ ગ્રેબિંગ એક્ટ ૨૦૨૦ હેઠળ બનાવેલા નિયમો ૨૦૨૦ ની માન્યતા સામે પડકાર અપ્રાપ્ય હોવાનું જણાયું છે, કોર્ટે આગળ ચુકાદો આપ્યો. બેન્ચે એ પણ નિર્દેશ કર્યો હતો કે આસામ અને કર્ણાટકમાં, ખાસ કરીને અન્યત્ર સમાન કાયદાઓને સમર્થન આપવામાં આવ્યું છે.

આસામ, કર્ણાટક અને આંધ્રપ્રદેશ રાજ્ય દ્વારા ઘડવામાં આવેલા પરી મટેરિયા કાયદાઓ સાથે ગુજરાત અધિનિયમ ૨૦૨૦ ના તુલનાત્મક વાંચન પર, અમને જાણવા મળ્યું છે કે પેરી મટેરિયાની જોગવાઈઓની માન્યતા કર્ણાટક હાઈકોર્ટ અને આસામ હાઈકોર્ટ દ્વારા માન્ય રાખવામાં આવી છે. રાજ્ય વિધાનસભા દ્વારા બનાવવામાં આવેલ કાયદાને પડકાર. એકમાત્ર તફાવત એ રાષ્ટ્રપતિની સંમતિની જરૂરિયાત વિશે દર્શાવવામાં આવ્યો હતો જે અમારા દ્વારા વ્યવહાર કરવામાં આવ્યો છે. પરિણામે આ જૂથની તમામ રિટ અરજીઓ યોગ્યતાઓથી વંચિત હોવાને કારણે બરતરફ થવાને લાયક છે અને તે મુજબ બરતરફ કરવામાં આવે છે, કોર્ટે નિષ્કર્ષ કાઢ્યો. (૨૨.૯)

-: આલેખન :-
**કમલેશ જીવણલાલ દવે**
**મીનેશ એરિનપુરિયા**
પોરબંદર

# પોરબંદર નગરપાલીકા અઠવાડીયામાં પાંચને બદલે ત્રણ દિવસે પાણી વિતરણ કરે તેવી માગણી

## પાણી પ્રશ્ને વારંવાર થતા આંદોલનોને અટકાવવા કલેકટર ને સૂચન કરતા નેશનાલીસ્ટ કોગ્રેસ પાર્ટીના જીલ્લા પ્રમુખ અરવિન્દભાઇ આર.જોષી

પોરબંદર તા.૧૮ કેટલાક દિવસથી નગરઁપાલિકા સામે લોકો દ્વારા પાણી પ્રશ્ને વારંવાર આંદોલનો થઈ રહયા છે. આવા આંદોલન અટકાવવા નેશનાલીસ્ટ કોગ્રેસ પાર્ટીના જીલ્લા પ્રમુખ અરવિંદભાઈ આર.જોષી એ કલેકટરને કરેલા સૂચનમાં જણાવેલ કે હાલ નગરપાલિકા દ્વારા નળમાં અઠવાડિયામાં પાંચ દિવસે પાણી વિતરણ થાય છે. તેને બદલે અઠવાડિયામાં ૩ દિવસે પાણી વિતરણ કરાય તો લોકોને કાળઝાળ ઉનાળામાં જરૂર મુજબનું પાણી મળી શકે. નેશનાલીસ કોગ્રેસ પાર્ટીના જીલ્લા પ્રમુખ અરવિન્દભાઈએ કલેકટરને જણાવેલ કે શહેરને પીવાનું પાણી પુરૂ પાડતા જળાશયોમાં પાણીનો પુરતો જથ્થો છે ત્યારેનળમાં પુરતું પાણી આપવામાં આવે તો પાણીનેકારણે મહિલાઓ દ્વારા થતા બેડા સરઘસ સહિત આંદોલન બંધ થઈ શકે તેમ છે. પીવાનો પાણી પ્રશ્ને ગંભીરતાથી વિચાર કરવાની જરૂર છે. (૩.૪)

# પોરબંદરમાં જરૂરિયાતમંદ પરિવારોને પાણીના માટલા વિતરણ કરતુ 'સમય' ગ્રુપ

## કાળઝાળ ગરમીમાં સેવાની નવતર સરવાણી

પોરબંદર, તા. ૧૮: જરૂરિયાતમંદ પરિવારોને શોધી ઘરે ઘરે જઈને સમય ગ્રુપ દ્વારા થયું પાણીના માટલાનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે. સમય ગ્રુપ દ્વારા નવતર અભિગમ સાથેની સેવા પ્રવૃત્તિને શહેરીજનો આવકારી રહ્યા છે.

એક બાજુ ઉનાળો પોતાનો આકરો મિજાજ દાખવી રહ્યો છે ત્યારે પોરબંદરમાં વિવિધ પ્રકારની સેવા પ્રવૃત્તિ કરતી સંસ્થા સમય ગ્રુપ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને શોધીને માટલાનું વિતરણ થયું હતું. પાણીના માટલા સાથે તેને રાખવાનું સ્ટેન્ડ પણ આપવામા આવ્યા જરૂરિયાતમંદ પરિવારમા ખુશી જોવા મળી હતી.

જરૂરિયાતમંદ પરિવાર ને સમય ગ્રુપના સેવાભાવી યુવાનો દ્વારા પાણીના ગોરા (માટલા) આપતા ખુશી જોવા મળી હતી જે આ પરિવારજનોની આંખોમા હરખના અશ્રુ જોવા મળ્યા હતા

સમય ગ્રુપ બારે માસ સેવાની જ્યોત જલતી રાખે જ છે, પરંતુ સમયે જરૂરિયાતમંદને મદદરૂપ બને છે. ત્યારે પોરબંદરના સમય ગ્રુપ દ્વારા યોજવામાં આવેલી આ સેવા પ્રવૃત્તિને સહુ કોઈએ બિરદાવી હતી.



# અમરેલી જીલ્લામાં ૫ દિ'થી માવઠુંઃ પાકને નુકશાનઃ ડોમ તૂટી પડ્યા

## કેરી, તલ, મગ સહિતના પાકમાં ભારે નુકશાન થતા ખેડૂતો ચિંતીતઃ ઝાપટાથી માંડીને ૧ ઇંચ વરસ્યો

(અરવિંદ નિર્મળ દ્વારા) અમરેલી,તા. ૧૮ઃશહેર અને જિલ્લામાં હવામાન વિભાગની આગાહીના પગલે પાંચમાં દિવસે પણ જિલ્લા સતત હળવા ભારે ઝાપટાથી ગાજવીજ અને પવન સાથે પોણો ઈંચ જેવો વરસાદ પડયો હતો. અમરેલી જિલ્લામાં સતત અવિરત કમૌસમી માવઠાના કારણે ધારી તાલુકાનાં બાગાયતી પાકમાં કેરીના પાકને તેમજ ઉનાળુ બાજરી તલ, મગ, જેવા પાકોને મોટુ નુકશાન થયેલ છે અને અનેક જગ્યાએ ઝાડ પડી ગયા છે.

ધારીનાં લેક વ્યુરિસોર્ટમાં મેરેજ ડોમ સહિત અનેક જગ્યાઓમાં વાવાઝોડાએ નુક્શાન કરતા ૨૩ લાખ ઉપરાંતનું નુક્શાન થયું છે.લાઠીના અકાળામાં બપોર બાદ પવન અને વિજળીના કડાકાભડાકા સાથે અડધો ઈંચ વરસાદ પડયો.બગસરામાં પવન અને ગાજવીજ સાથે છાંટા પડયો. બાબાપુરમાં પવન સાથે છુટા છવાયા છાંટા પડયા બાદ મોડી સાંજે કડાકા ભડાકા સાથે વરસાદ તુટી પડતા વિજળી ગુલ થઈ ગઈ હતી અને આસપાસનાં મેડી તરવડામાં પણ વરસાદ પડ્યો. ધારી શહેર અને પંથકમાં વિજળીના કડાકા ભડાકા સાથે વરસાદના ઝાપટા પડયા હતાં અને પવન હોવાથી કેરી ખરી જતાં કેરીના પાકને મોટુ નુકશાન થયેલ છે.

ધારી તાલુકાના સરસીયા,જીરા,ત્રંબકપુર, પાતળા,ગોવિંદપુર,ખીચ્ચા,દેવળા,વીરપુરમાં પવન સાથે કમૌસમી વરસાદના ઝાપટા પડયો. જયારે ગીર પંથકના દલખાણીયામાં વરસાદનું હળવુ ઝાપટુ પડયો.અમરેલી તાલુકાના ચિતલમાં વરસાદનું ઝાપટુ પડ્યું હતું.લીલીયા તાલુકાના હાથીગઢ, ઢાંગલા, સાજણટીંબા, બોડીયા, ખારા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં અડધા કલાકમાં વિજળીના કડાકા ભડાકા અને ગાજવીજ સાથે પોણો ઈંચ જેવો વરસાદ પડયો હતો. ભારે પવનના કારણે ગ્રામ્ય વિસ્તારમાં કેટલાંક મકાનોના નળીયા ઉડયા. ફતેપુર અનુસાર ફતેપુર, ચાપાથળ, પીઠવાજાળ, વિઠલપુરમાં અડધો ઈંચ વરસાદ પડયો હતો. ડાભાળા અનુસાર ગાજવીજ અને પવન સાથે વરસાદનું જોરદાર ઝાપટુ પડયુ હતું.અમરેલીમાં રસ્તાઓ ઉપર પાણી વહેતા થયા હતા. (૨૨.૧૬)



## ખંભાળીયા નજીક ટ્રકની હડફેટે મોટરકારઃ મહિલાને ઇજા

(કૌશલ સવજાણી દ્વારા) ખંભાળીયા તા.૧૮ઃ ખંભાળિયાથી આશરે ૨૭ કિલોમીટર દૂર ગુંદલા ગામના પાટીયા પાસેથી પૂરઝડપે અને બેફીકરાઈપૂર્વક આવી રહેલા જી.જે. ૧૧ ઝેડ. ૧૧૧૧ નંબરના એક ટ્રકના ચાલક રામ હમીરભાઈ મોઢવાડિયા (રહે. ભારવાડા, તા. પોરબંદર) એ આ માર્ગ પર આવી રહેલી મારુતિ સુઝુકી કાર નંબર જી.જે. ૩૬ બી. ૯૧૧૮ સાથે અકસ્માત સર્જતા આ મોટરકારમાં જઈ રહેલા વાલીબેન કાનાભાઈ જોગલને નાની-મોટી ઈજાઓ સાથે હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. આ અકસ્માતમાં મોટરકારમાં રૂપિયા ૭૦,૦૦૦ જેટલું નુકસાન થયાનું પોલીસમાં જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાળિયા પોલીસે કાનાભાઈ અરશીભાઈ જોગલ (ઉ.વ. ૪૭, રહે. ગુંદલા) ની ફરિયાદ પરથી ટ્રકના ચાલક રામ મોઢવાડિયા સામે ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.(૨.૧૪)

## ફેઈલ થયેલા ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ માટે કાલે જામનગરમાં ફ્રી સેમિનાર

(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર તા.૧૮ઃ હાલમાં જ બોર્ડનું પરિણામ આવ્યું છે. જે વિદ્યાર્થીઓ ધોરણ દસમામાં અમુક વિષયોમાં ફેઈલ થયા છે તેઓની ફરીથી જૂન મહિનામાં પૂરક પરીક્ષા લેવાવાની છે. આવા વિદ્યાર્થીઓના હાલ ફોર્મ ભરાઈ રહ્યા છે. આ વર્ષે તેઓ ફેઈલ થયેલા ત્રણ વિષયોની ફરીથી પરીક્ષા આપી શકે છે. વળી વિજ્ઞાન પ્રવાહમાં એ ગ્રુપ કે એબી ગ્રુપ લેવા ઈચ્છતા એવા વિદ્યાર્થીઓ કે જેણે બેઝીક ગણિતથી પાસ કરેલ હોય અને હવે સ્ટાન્ડર્ડ ગણિત આપવા માગે છે, તેઓ પણ પૂરક પરીક્ષા આપી શકે છે. આ પૂરક પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને જુદા જુદા વિષયોમાં શોર્ટ કટ અને સમજણ સાથે કેમ તૈયારી કરી શકાય એનું માર્ગદર્શન સંસ્થાના તજજ્ઞ શ્રીજયેશ વાઘેલા ચ દ્વારા આપવામાં આવશે. તેઓના શિક્ષણ ક્ષેત્રે નવીનતમ પ્રયોગ દ્વારા રમત કરતાં કરતાં ગણિત, ગુજરાતી, વિજ્ઞાન, અંગ્રેજી કે સમાજવિદ્યા જેવા વિષય કેમ ભણી શકાય ? તે અંગે પણ આ ફ્રી સેમિનારમાં માર્ગદર્શન આપવામાં આવશે. અમુક ખાસ વિષયોને વાર્તા દ્વારા, કાવ્ય દ્વારા, ચિત્રો દ્વારા પણ ભણી શકાય છે અને જેથી સરળતાથી પાસ પણ થઈ શકાય છે. આ સેમિનાર આ રવિવારે ૧૯ મી મેના રોજ સવારે ૧૦ થી ૧૧ અથવા ૧૧ થી ૧૨ વાગ્યાનો રાખેલ છે. બેચમાં જોડાવા માટે એક વ્હોટસએપ મેસેજ કરવો ''ફ્રી સેમીનાર'' મોબાઈલ નંબર ૯૦૩૩૫૫૭૭૯૯ ઉપર. સ્થળ એન ડી સી ફ્રી હેલ્પ સેન્ટર, હાલાર હાઉસ પાસે, ડો. હેડગેવારભવન પાસે, સ્મિત ટેલીકોમ સામે જામનગર.(૨.૧૫)

## રોડ સેફટી તથા ટ્રાફિક જાગૃતિ માટે દ્વારકા પોલીસ દ્વારા સાંજે બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટ

(કૌશલ સવજાણી દ્વારા) ખંભાળીયા તા. ૧૮ :.. દ્વારકા જિલ્લા કલેકટર જી. ટી. પંડયા દ્વારા ટ્રાફીક સલામતી જાગૃતી કાર્યક્રમ શરૂઆત કરાઈ હતી તે પછી દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા રોડ સેફટી તથા ટ્રાફિક જાગૃતિના સંદર્ભમાં આજે સાંજે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થયું છે. દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશકુમાર પાંડે, ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ, પો. ઈ. બી. જે. સરવૈયા, એલ. સી. બી. પો. ઈ. કે. કે. ગોહીલ, પો. સ. ઈ. બી. એમ. દેવમુરારી તથા અન્યોની આગેવાની તથા માર્ગદર્શનમાં જામનગર રોડ પર રોયલ ડોલીનેટર્સમાં ખંભાળીયા તાલુકાની ગ્રામ પંચાયતો, પાલિકાના વોર્ડના સદસ્યો, ડોકટરો તથા પાલિકાની ટીમો વચ્ચે ૧૦ મેચ રમાશે. આ બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિનર, રનર્સ અપ, બેસ્ટ બ્રેડસમેન બેસ્ટ બોલર તથા મેન ઓફ ધી મેચ પ્લેયરને ટ્રોફી આપીને પ્રોત્સાહીત કરાશે. (૫-૩૨)

## ખંભાળીયાના ગ્રામ્ય પંથકમાં વીજ ધાંધીયા સામે લોકોમાં રોષઃ લાલપડામાં સબ સ્ટેશને ઘેરાવ !!

(કૌશલ સવજાણી દ્વારા) ખંભાળીયા, તા., ૧૮ઃ તાલુકાના ગ્રામ્ય પંથકમાં સતત વીજ ધાંધીયા તથા વીજ પુરવઠો વારંવાર ખોરવાતા તથા લાંબા સમય સુધી ફોલ્ટ દુર ના થતા વારંવાર વીજકાપ, વીજ વાયરો તુટતા ફોલ્ટ થવા વિ. મુદ્દાઓથી ખેડુતોના ખેતરના પાક, પશુઓ તથા લોકોને પીવાના પાણી તથા ગરમીમાં વીજળી ના હોય પરેશાની થતી હોય ગઈકાલે ખંભાળીયા તાલુકાના લાલપટડા ગામે લોકોના ટોળા થઈને ગામ પાસે આવેલા સબ સ્ટેશનનો ઘેરાવ કરતા પોલીસ દોડી હતી તથા મોટી સંખ્યામાં પોલીસ દ્વારા બંદોબસ્ત રાખીને ટોળાને આગળ વધતા અટકાવાયા હતા.

**દસ દિવસમાં યોગ્ય નહીં થાય તો આંદોલન**

સતત વીજફોલ્ટ વીજ પ્રશ્નોની થાકેલા ખેડુતો, ગ્રામજનો તથા આખી જનતા દ્વારા આ વીજ પ્રશ્ને ઘેરાવ કરતા પી.જી.વી.સી.એલ.ના ઉચ્ચ અધિકારીઓ પણ લાલપડા ગામે દોડી આવ્યા હતા તથા તેમણે લોકોને દસ દિવસમાં આ સમસ્યા હલ થઈ જશે તેમ ખાતરી આપતા લોકો શાંત થયા હતા. તથા જો દસ દિવસમાં આ પ્રશ્ન નહીં ઉકેલાય તો ફરી લડત શરૂ કરવામાં આવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી હતી.(૪.૨૦)

# ધ્રોલમાં હોમગાર્ડના જવાનના પત્નિએ વધુ વળતરની લાલચમાં રૂપિયા ૬ લાખ ગુમાવ્યા

## સુરતના ત્રણ ચીટર શખ્સોએ રૂપિયા ૬ લાખના રોકાણ બાદ પાંચ વર્ષે પાંચ કરોડની લાલચ આપી ચૂનો લગાવ્યાની પોલીસ ફરિયાદ

(સંજય ડાંગર દ્વારા) ધ્રોલ, તા.૧૮ઃ જામનગર જિલ્લાના ધ્રોલમાં ફરજ બજાવતા હોમગાર્ડ ના એક જવાનના પત્નીએ વધુ વળતરની લાલચમાં રૂપિયા છ લાખ ગુમાવ્યા છે. સુરતના ત્રણ ઠગબાજ શખ્સોએ વધુ વળતરની લાલચ આપી છ લાખના પાંચ વર્ષે પાંચ કરોડ થવાનું પ્રલોભન આપીને મહિલા પાસેથી રૂપિયા ૬ લાખ પડાવી લઈ હાથ ખંખેરી લીધાનું ધ્રોળ પોલીસ ફરિયાદમાં જાહેર થતાં ભારે ચકચાર જાગી છે. ધ્રોલ પોલીસે તપાસનો દોર સુરત સુધી લંબાવ્યો છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગર જિલ્લાના ધ્રોળમાં રહેતા અને હોમગાર્ડમાં ફરજ બજાવતા લવકુમાર વૈષ્ણવ, કે જેઓ હોમગાર્ડમાં ફરજ બજાવે છે. જેના પત્ની હેતલબેન લવકુમાર કે જેઓ પોતાના જ દૂર ના કુટુંબી સુરતના વતની ઉપેન્દ્રભાઈ ધીરજભાઈ નિરંજનીના સંપર્કમાં આવ્યા હતા.

જેણે પોતાને એક ખાનગી કંપની સાથે જોડીને ખાનગી કંપનીમાં રૂપિયાનું રોકાણ કરાવીને ૬ લાખ રૂપિયાના રોકાણ બાદ પાંચ મહિનામાં ૫ કરોડ આપવાનું પ્રલોભન આપ્યું હતું.

તેમજ દર મહિને પણ આજીવન ૯૫.૦૦૦ જેટલી રકમ મળતી રહે તેવી લાલચ આપી હતી, અને પોતાની કંપનીમાં હેતલબેન ને જોડ્યા હતા.



જેથી હેતલબેન ઉપેન્દ્રભાઈ નિરાજનીની સાથે ભરોસો કરીને તેના અન્ય કંપનીના સાથીદારો રાકેશ કુમાર ચુનીલાલ પટેલ અને નિશાંત પ્રજાપતિ સાથે ઝૂમ એપ્લિકેશન મારફતે સંપર્ક કર્યો હતો જેણે પોતાના પતિના મોબાઈલ ફોન મારફતે ગૂગલ પે કરીને રૂપિયા ૬ લાખ ની રકમ રોકાણના બહાને ટ્રાન્સફર કરી આપી હતી.

છ મહિના સુધીમાં રૂપિયા ૬ લાખ ના ૫ કરોડ થઈ જશે તેવી લાલચ આપી હતી પરંતુ હેતલબેનને શંકા જવાથી તેઓએ પોતાના રોકાણના પૈસા પરત માંગતાં ત્રણેય શખ્સસોએ રકમ પરત કરવામાં અખાડા કર્યા હતા.

પરંતુ અન્ય સભ્યો બનાવીને અમારી કંપનીમાં પૈસાનું રોકાણ કરાવશો તો જ તમને તમારી રકમ પરત મળશે, તેમ સંભળાવી દીધા પછી છ લાખ રૂપિયા પરત કરવામાં હાથ ઊંચા કરી લીધા હતા.

જેથી આખરે મામલો પોલીસ મથકમાં લઈ જવામાં આવ્યો હતો, અને હેતલબેને સુરતના ઉપેન્દ્ર નિરંજની, જેની સાથે રાકેશ ચુનીલાલ પટેલ, અને નિશાંત પ્રજાપતિ સામે ફરિયાદ નોંધાવતાં ધ્રોળ પોલીસે આઈપીસી કલમ ૪૦૬,૪૨૦, અને ૧૧૪ મુજબ ગુન્હો નોંધ્યો છે, અને તપાસનો દોર સુરત સુધી લંબાવ્યો છે.(૨૩.૧૪)

(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર :

**જામનગરમાં મકાનમાં જુગાર રમતા ૬ મહિલાઓને ૬૯ હજારના મુદામાલ સાથે સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોર્ડની ટીમે ઝડપી પાડેલ છે. મેરૂન મામદભાઇ ખફી સુમરા (ઉ.૬૦) ધંધો ઘરકામ રહે. સોનાપુરી પાછળ નાગેશ્વર રોડ જામનગર, જયશ્રી રાજેન્દ્રભાઇ વારીયા સોની (ઉ.૫૦) ધંધો ઘરકામ રહે. એલ. જી. હરીયા સ્કુલની બાજુમાં દર્શન વીલા એપાર્ટમેન્ટ જામનગર, રમેશભાઇ જરમરીયા કોળી (ઉ.૪૫) ધંધો ઘરકામ રહે. રામેશ્વરનગર નવજીવન સોસાયટી જામનગર, ગીતા કપીલભાઇ સોનૈયા લુહાણા ઉ.૪૨ ધંધો ઘરકામ રહે. રામેશ્વરનગર નવજીવન સોસાયટી જામનગર, મધુ જેરામભાઇ વાછાણી પટેલ ઉ.૫૯ ધંધો ઘરકામ રહે. આવાસ રોડ મેહુલ ટેલીફોન એક્ષચેન્જની બાજુમાં, મનીષા પ્રતાપભાઇ હરવરા ભાનુશાળી ઉ.૪૨ ધંધો ઘરકામ રહે. દી. પ્લોટ ૫૮ શેરી નં. ૫ ની સામે કાર્યવાહી કરી છે.**

(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર :

**જામનગરમાં ગેસના બાટલામાં ગેરકાયદે રીફીલીંગ કરનાર દિપક હેમતભાઇ બેલા અને અજીમ યુસુફભાઇ ખીરાની એસઓજી ટીમે ધરપકડ કરી છે.**

## કલ્યાણપુર નજીક હિટ એન્ડ રનના બનાવમાં કારની ઠોકરે પરપ્રાંતિય બાળાનું મોત

(કૌશલ સવજાણી દ્વારા) ખંભાળીયા તા.૧૮ઃ રાજસ્થાન રાજ્યના ભીલવાડા જિલ્લાના વનોરપુરા ગામના મૂળ રહીશ અને હાલ કલ્યાણપુર તાલુકાના ગાંગડી ગામની સીમમાં રહી અને મજૂરી કામ કરતા રોશનભાઈ આસુલાલ ભીલ નામના ૩૭ વર્ષના યુવાનની ૧૦ વર્ષની પુત્રી પૂનમ ગઈકાલે શુક્રવારે બપોરના સમયે કલ્યાણપુરથી આશરે ૨૦ કિલોમીટર દૂર પોરબંદર હાઈવે પરથી દૂધની થેલી લઈને પરત આવી રહી હતી. અહીં રોડ ક્રોસ કરતી વખતે આ માર્ગ પર પૂરઝડપે અને બેફીકરાઈપૂર્વક આવી રહેલા એક અજાણ્યા મોટરકારના ચાલકે પૂનમને ઠોકરે લીધી હતી. જેના કારણે તેણીને શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતા સારવાર દરમિયાન કરુણ મૃત્યુ નીપજ્યું હતું. આ અકસ્માત સર્જીને આરોપી કાર ચાલક પોતાની કાર લઈને નાસી છૂટ્યો હોવાનું પણ વધુમાં જાહેર થયું છે. આ સમગ્ર બનાવ અંગે કલ્યાણપુર પોલીસે મૃતક તપાસ પી.એસ.આઈ. કે.પી. ઝાલા દ્વારા હાથ ધરવામાં આવી છે.(૨.૧૪)

## કાલે અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા 'કાર્યકર્તા આભાર' મીટીંગનું આયોજન

(અરવિંદ નિર્મળ-ઈકબાલ ગોરી) અમરેલી-સાવરકુંડલા,તા. ૧૮ઃ અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તા. ૧૯ને રવિવારના રોજ અમરેલી જિલ્લાના કોંગ્રેસ અગ્રણીઓની એક અગત્યની 'કાર્યકર્તા આભાર' મીટીંગ સવારે ૯ કલાકે,જિલ્લા કોંગ્રેસ કાર્યાલય,જૂનામાર્કેટ યાર્ડની અંદર,અમરેલી ખાતે યોજાયેલ છે.

આ મીટીંગ માં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત, પૂર્વ નેતા વિપક્ષ પરેશભાઈ ધાનાણી, પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમર, અમરેલી લોકસભા ઉમેદવાર જેનીબેન ઠુંમર, પૂર્વ ધારાસભ્ય ઠાકરશીભાઈ મેતલિયા, પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે. રૈયાણી, શંભુભાઈ દેસાઈ, અર્જુનભાઈ સોસા, અમરેલી જિલ્લા ની તમામ તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખશ્રીઓ, યુવક કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, NSUI, લઘુમતિ સેલ, OBC સેલ, અનુ.જાતિ મોરચો, કિસાન સેલ સહિત જિલ્લા ના કોંગ્રેસ અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

આ મીટીંગમાં પૂર્વ ધારાસભ્યો, પ્રદેશ સમિતિનાં હોદેદારો, અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના હોદેદારો, તાલુકા/ શહેર સમિતિનાં હોદેદારો, ચૂંટાયેલ કે ચૂંટણી લડેલા જી. પં ઉમેદવારો/ તા. પં.ઉમેદવારો/નગરપાલિકા ઉમેદવારો તથા યુવક કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, NSUI, OBC સેલ, કિસાન સેલ, સેવાદળ, SC સેલ, શિક્ષક સેલ,લઘુમતી સેલ સહિત ના તમામ સેલ ફ્રન્ટલ ના આગેવાનો અને જિલ્લા ના તમામ કોંગ્રેસ અગ્રણીઓ તથા કાર્યકરો ને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવા માં આવેલ છે. (૨૨.૧૫)

## ખાતર મુદ્દે સાવરકુંડલા - લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાલાની કૃષીમંત્રીને રજૂઆત

(દીપક પાંધી દ્વારા) સાવરકુંડલા, તા.૧૮ઃ રાસાયણીક ખાતર ડીએપીની સાથે અન્ય ખાતર ન આપવા બાબતે સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાલાએ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને પત્ર પાઠવીને રજુઆત કરી છે જેમાં ખેડૂતોને પડતી અગવડતા માટે સેમીનાર યોજીને કૃષિ લક્ષી ફાયદાઓ સમજાવવા માટે કૃષિમંત્રી ને પત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે જેમાં ધારાસભ્ય મહેશ કસવાલાએ જણાવ્યું છે કે, સાવરકુંડલા લીલીયા તાલુકાના ખેડૂતો દ્વારા ધારાસભ્યશ્રીને મળેલ રજુઆતો અનુસાર આગામી ચોમાસાની સિઝન દરમ્યાન ખેડૂતો દ્વારા રાસાયણીક ડી.એ.પી ખાતરની ખુબજ મોટા પ્રમાણમાં માંગ રહે છે તેથી, હાલમાં ખેડૂતો દ્વારા ખરીદ કરવામાં આવતા ડી.એ.પી ખાતરની સાથો-સાથ અન્ય રાસાયણીક ખાતર ફરજીયાત લેવાનું જણાવવામાં આવે છે જેના કારણે ખેડૂતોમાં



નારાજગી જોવા મળેલ છે તેથી જયારે ડી.એ.પી ખાતર ખરીદ કરે તેની સાથે અન્ય ખાતરો ન આપવાનું નમ્ર સુચન ધારાસભ્ય કસવાલાએ કર્યુ છે સાથે સાથે નેનો યુરીયા, નેનો ડી.એ.પી ખાતર કંપની દ્વારા માર્કેટમાં મુકવામાં આવેલ છે આ ખાતરના ઉપયોગ અને ફાયદાથી ખેડૂતો અજાણ હોવાના કારણે ખરીદતા નથી તેથી, આ નેનો ડી.એ.પી, નેનો યુરીયાનો વધુમાં વધુ ઉપયોગ થાય તે માટે કૃષી તજજ્ઞો અને કંપની નિષ્ણાંતો દ્વારા ખેડૂતોની વચ્ચે જઈ આ ખાતરથી થતા લાભો અંગે સેમિનાર યોજી માર્ગદર્શન આપવુ જોઈએ તેથી, ખેડૂતોને વધુમાં વધુ ફાયદો થાય અને આર્થીક લાભ મળે તેવા પ્રયત્નો કરવા જરૂરી જણાય છે. તો આ બાબતનું સુચન ધ્યાને લઈ તેની અમલવારી કરાવવા ધારાસભ્ય મહેશ કસવાલાએ વિનંતી સાથેનો પત્ર કૃષિમંત્રી રાઘવજી ભાઈ પટેલ ને પાઠવ્યો છે.(૨૩.૧૫)



## BU પરમિશન, ફાયર સેફટી, બિન મુસ્લિમ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે કે કેમ ? તે અંગે સમગ્ર ગુજરાતની સાથે જામનગરના મદરેસાઓમાં શિક્ષણ વિભાગનો સર્વે

જામનગરઃ જામનગરના ચાર મદરેસાઓમાં શિક્ષણ વિભાગે સર્વે હાથ ધર્યો છે. મદ્રેસા મોહમ્મદિયા, ખલીફા મસ્જિદ, જાંબુડી મસ્જિદ સહિત ચાર જગ્યાએ સર્વે કરીને BU પરમિશન, ફાયર સેફટી, બિન મુસ્લિમ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે કે કેમ ? તે અંગેનો સર્વે હાથ ધરાયો છે.(અહેવાલઃ મુકુંદ બદિયાણી,તસવીરઃ કિંજલ કારસરીયા, જામનગર) (૯.૧૫)



## બાબરાના ગરણી, પાનસડા પંથકમાં પવન સાથે વરસાદ

કોટડાપીઠા : બાબરા તાલુકામાં ગરણી પાનસડા-કોટડાપીઠામાં સાંજના ચાર કલાકની આસપાસ ભારે પવન સાથે વિજળીનાં કડાકા ભડાકા સાથે કમોસમી વરસાદ ખાબકતા એકાદ ઈંચ વરસાદ પડેલ ભારે પવન તેમજ વિજળીનાં કડાકા ભડાકા સાથે વરસાદ ખાબકતા ખેતરો પાણીથી તરબોળ થયા હતાં. (તસ્વીર-અહેવાલ : ભરત મહેતા, કોટડાપીઠા) (૫-૨૫)



## જામનગરમાં લાખોટા તળાવમાં પડી જતા સારવારમાં ખસેડાયા

*જામનગરના લાખોટા તળાવના ગેટ નંબર-૮માં અકસ્માતે નીતિનભાઈ ચુડાસમા નામના વ્યકિત પડ્યા હતા. આ અંગેની જાણ થતાં ફાયર બ્રિગેડ ઘટના સ્થળે દોડી જઈ રેસકયુ કરી બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જી.જી.હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. (અહેવાલઃ મુકુંદ બદિયાણી, તસ્વીરઃ કિંજલ કારસરીયા-જામનગર)*

# વેરાવળ સોમનાથ શાક માર્કેટ મચ્છી માર્કેટોમાં હજારો શ્રમજીવી મહીલાઓ ભારે મુશ્કેલીમાં

## ભરતડકે આખો દિવસ બેસીને રોજગારી મેળવે છે : નગરપાલિકાના કારણે સરકારની આબરૂનું ધોવાણ કરોડોના વિકાસની વાતો કરનાર નગરપાલિકા સામે ભારે રોષ

(દિપક કક્કડ દ્વારા) વેરાવળ, તા.૧૮: વેરાવળ સોમનાથ વિસ્તારમાં વોર્ડ નં. ૧ થી ૧૧ માં ૨૦ થી વધારે મોટી શાક, નાની માર્કેટ આવેલ છે તેમજ ૧૦ થી વધારે મચ્છી માર્કેટ છે ત્યાં હજારો શ્રમજીવી મહિલાઓ વ્હેલી સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી આખો દિવસ બેસીને રોજગારી મેળવે છે તેમના માટે કોઈપણ છાયડાની પીવાના પાણીની ટોયલેટની કોઈપણ સુવિધા નથી કરોડો રૂપીયાની વિકાસની વાતો કરનારી નગરપાલિકા હજારો મહીલાઓ માટે આજદીન સુધી કોઈ પણ કામગીરી કરેલ નથી જેથી રોજગારી મેળવતી મહિલાઓ ભારે મુશ્કેલીમાં મુકાયેલ છે.

વેરાવળ શહેરમાં મોટી, નાની, પ્રકાશ કોમ્પલેક્ષ, રેલ્વે સ્ટેશનરોડ, બજરંગ રોડ, હવેલી ચોક, સોમનાથ ટોકીઝ, ભીડીયા ગામ, જીઆઈડીસી વિસ્તાર તેમજ પ્રભાસપાટણ સોમનાથ માં મુખ્ય બજાર માં શાક માર્કેટ તેમજ ખારાકુવા, બંદર રોડ, ભીડીયા, પ્રભાસપાટણ સહિત વિસ્તારોની બે હજાર થી વધારે કોળી, મુસ્લીમ સમાજની મહીલાઓ સવારે ૬ વાગ્યા થી સાંજે ૬ વાગ્યા સુધી પરીવારનું જીવન નિરવાહ ચલાવવા માટે રોડ ઉપર ખુલ્લામાં બેસીને રોજગારી મેળવે છે આ શ્રમજીવી મહિલાઓ ભર તડકે કોઈપણ જાતની સુવિધા વગર બેસે છે ત્યાં પીવાના પાણીની કોઈ સગવડતા નથી કે નથી કોઈ ટોયલેટ જયાં મહીલા બેસે છે ત્યાં ગંદકી પણ ખુબજ હોય છે દિવસના એકજ વખત સવારે સાફ સફાઈ થાય છે.

છેલ્લા ૩૦ વર્ષથી ભાજપ શાસીત નગરપાલિકા કરોડો રૂપીયાના વિકાસની વાતો કરે છે પણ સાવ ઝુપડપટીમાં રહેતા મહિલાઓ માટે આજદીન સુધી કોઈપણ વ્યવસ્થા કરેલ નથી ૭૦ વર્ષની કોળી વૃધ્ધ મહીલા એ જણાવેલ હતું કે કયારેય કોઈ વ્યવસ્થા થયેલ નથી અમારે ગમે તેવો તડકો હોય વરસાદ હોય તેમાં ખુલ્લામાં બેસવું પડે છે માલઢોરનો પણ મોટો ત્રાસ છે શાકભાજી બગડી જાય છે અનેક વખત રજુઆતો કરેલ છે તેમ છતા કોઈ કામગીરી થતી નથી લારી ઉભી રાખનાર મુસ્લીમ વૃધ્ધે જણાવેલ હતું બટેટા, ડુંગરી, લસણ લઈને વર્ષોથી ઉભુ છું માથે છત્રી જેટલો રક્ષણ આપે તેટલી વ્યવસ્થા કરીએ છીએ બાકી કોઈપણ વ્યવસ્થા કરવામાં આવતી નથી શાક માર્કેટો, મચ્છી માર્કેટોમાં હજારો ગ્રાહકો ખરીદી કરવા જતા હોય છે તેમને પણ મોટી મુશ્કેલી પડે છે ભયંકર ગંદકી કોઈપણ વ્યવસ્થા વગરની દરેક જગ્યાઓ આવેલી છે નગરપાલિકાને દર વર્ષે સરકાર કરોડો રૂપીયા શહેરના વિકાસ માટે આપે છે પણ કોનો વિકાસ અત્યાર સુધી થયેલ છે તેની તપાસ કરવામાં આવે અત્યારે તો નગરપાલિકાના કારણે સરેઆમ સરકારની આબરૂનું ધોવાણ થયેલ છે.(૨૩.૧૭)



# વેરાવળમાં પૂ. જીગ્નેશ દાદાની ભાગવત કથાનો ભવ્ય પ્રારંભ

## ભવ્ય પોથીયાત્રા નિકળી કથા સ્થળે વિશાળ પાર્કીંગ સુવિધા શ્રોતાજનોને જાહેર નિમંત્રણ

(દિપક કક્કડ દ્વારા) વેરાવળ, તા.૧૮: શહેરમાં સૌ પ્રથમવાર જીગ્નેશ દાદાની ભાગવત કથાનો ભવ્ય પ્રારંભ આજે થયેલ હતો ભવ્ય પોથીયાત્રા નિકળેલ હતી પહેલા દિવસે હજારો શ્રોતાજનો ઉમટી પડેલ હતા.

વેરાવળ કપીશ્વર પાર્ટી પ્લોટમાં જીગ્નેશ દાદા ની ભાગવત સપ્તાહનો ભવ્ય પ્રારંભ થયેલ હતો પોથિયાત્રામાં પણ મોટી સંખ્યામાં ભકતજનો જોડાયેલ હતા હજારોની સંખ્યામાં શ્રોતાજનો કથા સ્થળે ઉમટી પડેલ હતા વિશાળ પાર્કીંગ સુવિધા સહીતની તમામ વ્યવસ્થાઓ રખાયેલ છે. સૌ પ્રથમ વાર જીગ્નેશ દાદાની કથા થતી હોય જેથી શહેરભરમાં ભકતિમય માહોલ સર્જાયો છે જીગ્નેશ દાદાએ પહેલા દિવસે જણાવેલ હતું કે સ્ત્રીઓએ સેંથામાં સિંદુર પુરી રાખવો જોઈએ સનાતન ધર્મની નિશાની છે તેમજ અનેક કૃષ્ણ ભકતિની દ્રષ્ટાતો આપેલ હતા તા.૨૩ સુધી ચાલનાર આ ભાગવત સપ્તાહમાં ભાવિકોને જાહેર આમંત્રણ અપાયેલ છે દરરોજ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયેલ બપોરે ૩ થી સાંજે ૭ વાગ્યા સુધી કથાનો લાભ શ્રોતાજનો લઈ શકશે.(૨૩.૧૬)

# જેતપુરમાં દુકાનમાં ઘુસી અજાણ્યા શખ્સે ગાળો આપી દુકાનદારને મુંઢમાર માર્યો

(કેતન ઓઝા દ્વારા જેતપુર તા.૧૮: શહેરના જુનાગઢ રોડ પર આવેલ એસ.કુમાર સોસાયટીમાં રહેતા ગૌરાંગભાઈ આંબાભાઈ વઘાસીયા જેઓ અમરનગર રોડ પર શ્રીજી ક્રોમ એન્ડ ફીનીશીંગ ના નામે સોફા, પડદા, મટીરીયલની દુકાન ધરાવે છે. તેઓ ગઈકાલે સવારે દુકાને દીવાબતી કરતા હતા ત્યારે એક અજાણ્યો શખ્સ દુકનમાં ઘુસી ''હવે પછી એસ કુમાર સોસાયટીની શેરીમાંથી નીકળતો નય'' તેમ કહી બેફામ ગાળો આપી ઢીકાપાટુનો મારમારી હાથમાં પહેરેલ લોખંડની વસ્તુ માથામાં મારી મારી નાખવાની ધમકી આપી નાશી જતાં ગૌરાંગભાઈએ શહેર પોલીસમાં ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ આઈપીસી ૩૨૩,૫૦૪,૫૦૬(૨) ૪૪૭ મુજબ ગુન્હો નોંધેલ.(૨.૧૬)

# જેતપુરમાં પોતાના મકાન સામે જોતા હોવાની શંકા કરી સીકયુરીટી ગાર્ડ ઉપર બે શખ્સોએ છરી વડે હુમલો કર્યો

(કેતન ઓઝા દ્વારા) જેતપુર, તા., ૧૮: ખોડપરા વિસ્તારમાં રહેતા મુળ યુપીનો યુવાન સિકયુરીટી એજન્સીમાં કામ કરતો હોય તેને ફુલવાડીમાં એક સીલ કરેલ કારખાનામાં ફરજ પર રાખેલ હોય તેની સામે રહેલા શખ્સે શંકા કરી બે શખ્સો યુવાન ઉપર છરીના બેફામ ઘા ઝીંકી ધમકી આપી.

અત્રેના ફુલવાડી કૌશરપીરની દરગાહ પાસે આવેલ રાધાકૃષ્ણ ડાઈંગ નામનું કારખાનુ રાજકોટ નાગરીક બેંક દ્વારા સીલ કરવામાં આવેલ હોય જયાં તેનું ધ્યાન રાખવા સીકયુરીટી એજન્સીને કોન્ટ્રાકટ આપતી ખોડપરા વિસ્તારમા રહેતો પરપ્રાંતીય યુવાન અંકીત ધર્મપાલસિંહ રાજપુત તથા રોહીત કાંતીભાઈ રાઠોડ નામના બે યુવાનોને એજન્સીના હેડ જયરાજભાઈએ રાખેલ જેથી બન્ને ત્યાં ૨૪ કલાક રહેતા હોય. કારખાનાના ફળીયામાં ચડ્ડી પહેરી જતા હોય. આ કારખાના સામે હુશેન મુસાણીનું મકાન આવેલ હોય તેણે અહોને ઠપકો આપેલ કે તમારે ફળીયામાં નિકળવુ નહી કે બારી ખોલવી નહી. તેમજ તેના પત્નીએ પણ આ બાબતે બન્ને યુવાનોને બોલાચાલી કરેલ. દરમ્યાન ગત રોજ સવારે ૯ વાગ્યાના અરસામાં આ હુસેન તથા તેનો મળતીયો ત્યાં આવી હુસેનને છરી વડે આડેધડ ૧૦ ઘા ઝીંકી દઈ હવે તને મારી નાખીશ તેવી ધમકી આપી બન્ને શખ્સો નાસી ગયેલ. અંકીત રાડારાડ કરતા તેનો સહકર્મી રોહીત રાઠોડ ઉઠી જોતા અંકીત લોહી લુહાણ હાલતમાં હોય તેને સરકારી હોસ્પીટલે ખસેડેલ. જયાં તેને પ્રાથમીક સારવાર આપી વધુ સારવાર માટે રાજકોટ ખસેડતા પીએસઆઈ આર.એચ.જારીયા તથા ધવલભાઈ ગાજીપરા, અંકીત રાજપુતની ફરીયાદ પરથી હુસેન મુસાણી (રહે. કૌશર પીરની દરગાહ પાસે) જબો બાવો બન્ને શખ્સો વિરૂધ્ધ આઈપીસી ૩૨૬, ૪૫૨, ૫૦૬ (૨) ૧૧૪ મુજબ ફરીયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.(૪.૧૯)

# ઈણાજ રોડ ઉપર ઝૂંપડાઓમાં આગ લાગી

(દિપક કક્કડ દ્વારા) વેરાવળ, તા.૧૮: વેરાવળ તાલુકાના ઈણાજ ગામે કલેકટરની ઓફીસની પાછળ ઝુંપડાઓમાં અચાનક આગ લાગતા ફાયર ફાઈટરો સમયસર પહોંચી આગ કાબુભાઈ લીધેલ હતી જથી બાકીના ઝુંપડાઓ બચી ગયેલ હતા.

વેરાવળ તાલુકાના ઈણાજ ગામે કલેકટર ઓફીસની પાછળ મજુરના ઝુંપડાઓ આવેલ છે ત્યાં અચાનક આગ લાગતા તાત્કાલીક ફાયર ફાઈટરને જાણ કરતા બનાવના સ્થળે પહોંચી ગયેલ હતા અને આગ કાબુમાં લેવા માટે સતત પાણીનો મારો ચાલુ રાખેલ હતો જેમાં બે ઝુંપડાઓ આગમાં ભથડું થઈ ગયેલ હોય તેમ જાણવા મળેલ છે ફાયર ફાઈટર સમયસર પહોંચી જતા બાકીના ઝુંપડાઓ બચી ગયેલ હતા.(૨૩.૧૮)

# બુધવારે જુનાગઢમાં શાંતાબેન દવેની પુણ્યતિથી

## શિવપુજા રૂદ્રાભિષેક મહાપ્રસાદનું પૂ. નિલકંઠાનંદજીબાપુના સાનિધ્યમાં આયોજન



(વિનુ જોષી દ્વારા) જુનાગઢ તા. ૧૮ :.. જુનાગઢ ભવનાથ દામોદર કુંડની બાજુમાં આવેલ બ્રહ્મેશ્વર મહાદેવ મંદિર ખાતે આગામી તા. ૨૨ ને બુધવારના રોજ સ્વ. શાંતાબેન કરશનભાઈ દવેની પ્રથમ વાર્ષિક પુણ્યતિથી નિમિતે મંદિરના મહંત પૂ. નિલકંઠાનંદજી ગુરૂશ્રી માધાવાનંદજીના સાનિધ્યમાં વિવિધ આયોજન કરવામાં આવેલ છે.

જેમાં સવારે ૯-૩૦ થી ૧૧-૩૦ શિવપૂજા રૂદ્રાભિષેક અને બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદનું આયોજન કરેલ છે. તો આ નિમિતે આમંત્રીતોને ઉપસ્થિત રહેવા જગદીશભાઈ કરશનભાઈ દવે નટવરભાઈ અને માર્કન્ડભાઈ જે. દવેએ અખબારી યાદીમાં જણાવ્યું છે. (૫-૨૨)

# જુનાગઢમાં ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સોમવારથી સમર કેમ્પ

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ, તા.૧૮: શ્રી ગાયત્રી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ, ગાયત્રી શકિતપીઠ - જુનાગઢ ખાતે તા.૨૦ થી ૨૪ સુધી સવારે ૧૦ થી ૧૨ બાળકો માટે સમર કેમ્પનું આયોજન કરાયુ છે.

જેમાં બાળકોને મ્યુઝીક, ડાન્સ, સ્પોટર્સ, ગેમ, આર્ટ અને ક્રાફટ તથા મેમરી પાવર વર્કશોપ વિગેરે. એકટીવીટી કરાવશે. રજીસ્ટ્રેશન ફી ૧૦૦ વીથ બ્રેકફાસ્ટ, રજીસ્ટ્રેશન નં.૯૭૨૫૭ ૮૮૨૪૦, ૯૦૩૩૮ ૨૯૫૮૮ તેમ નાગભાઈ સી.વાળા (મેનેજીંગ ટ્રસ્ટી) એ જણાવેલ છે. મો.૮૧૬૦૨ ૩૦૯૩૫.(૨૩.૧૫)

## રાજકોટ માર્કેટીંગ યાર્ડ (શાકભાજીના ભાવ)

| શાકભાજી | ન્યુનતમ | મહત્તમ | શાકભાજી | ન્યુનતમ | મહત્તમ |
|---|---|---|---|---|---|
| કેરી કાચી | ૩૫૦ | ૬૫૦ | ટીંડોળા | ૪૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૨૪૦૦ | દુધી | ૧૦૦ | ૨૦૦ |
| સાકરટેટી | ૩૦૦ | ૫૦૦ | કારેલા | ૨૫૦ | ૫૩૦ |
| તરબુચ | ૨૨૦ | ૪૨૦ | સરગવો | ૩૦૦ | ૪૫૦ |
| બટેટા | ૩૦૦ | ૬૦૦ | તુરીયા | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૫ | ૩૪૦ | પરવર | ૫૦૦ | ૭૫૦ |
| ટમેટા | ૧૫૦ | ૨૫૦ | કાકડી | ૧૮૦ | ૩૩૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૬૦૦ | ગાજર | ૧૫૦ | ૨૫૦ |
| કોથમરી | ૪૦૦ | ૬૦૦ | વટાણા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મુળા | ૩૪૦ | ૬૩૦ | ગલકા | ૧૪૦ | ૨૬૦ |
| રીંગણા | ૧૮૦ | ૩૦૦ | બીટ | ૧૫૦ | ૨૬૦ |
| કોબીજ | ૮૦ | ૨૦૦ | મેથી | ૪૦૦ | ૬૫૦ |
| ફલાવર | ૩૦૦ | ૬૦૦ | ડુંગળી લીલી | ૩૫૦ | ૬૩૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ | આદુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૪૦૦ | મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| ચોળાસીંગ | ૩૦૦ | ૬૦૦ | મકાઈ લીલી | ૧૫૦ | ૩૨૦ |
| | | | ગુંદા | ૩૩૦ | ૬૩૦ |

## રાજકોટ માર્કેટીંગ યાર્ડ (અનાજના ભાવ)

| અનાજ | ન્યુનતમ | મહત્તમ | | | |
|---|---|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૫૮ | ૧૫૧૭ | કલોંજી | ૩૭૦૧ | ૩૯૭૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૪૧ | રાયડો | ૯૦૦ | ૧૦૪૮ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૮૦ | રજકાનું બી | ૩૬૦૦ | ૪૭૬૦ |
| જુવાર સફેદ | ૭૩૦ | ૮૩૫ | ગુવારનું બી | ૯૮૦ | ૧૦૪૦ |
| જુવાર લાલ | ૮૦૦ | ૯૨૧ | શાકભાજી | ન્યુનતમ | મહત્તમ |
| જુવાર પીળી | ૩૬૦ | ૪૫૦ | કેરી કાચી | ૩૫૦ | ૬૫૦ |
| બાજરી | ૩૯૫ | ૫૧૧ | લીંબુ | ૧૮૦૦ | ૨૪૦૦ |
| તુવેર | ૧૮૮૧ | ૨૩૪૬ | સાકરટેટી | ૩૦૦ | ૫૦૦ |
| ચણા પીળા | ૧૧૬૦ | ૧૨૮૦ | તરબુચ | ૨૨૦ | ૪૨૦ |
| ચણા સફેદ | ૧૪૧૫ | ૨૨૧૫ | બટેટા | ૩૦૦ | ૬૦૦ |
| અડદ | ૧૭૫૦ | ૨૦૧૮ | ડુંગળી સુકી | ૧૨૫ | ૩૪૦ |
| મગ | ૧૭૮૦ | ૨૧૧૦ | ટમેટા | ૧૫૦ | ૨૫૦ |
| વાલ દેશી | ૧૫૦૦ | ૨૦૮૦ | સુરણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| વાલ પાપડી | ૧૧૫૦ | ૧૮૬૦ | કોથમરી | ૪૦૦ | ૬૦૦ |
| ચોળી | ૨૯૭૦ | ૩૫૧૧ | મુળા | ૩૪૦ | ૬૩૦ |
| વટાણા | ૧૧૮૧ | ૧૭૩૦ | રીંગણા | ૧૮૦ | ૩૦૦ |
| સીંગદાણા | ૧૫૫૦ | ૧૬૬૦ | કોબીજ | ૮૦ | ૨૦૦ |
| મગફળી જાડી | ૧૧૨૧ | ૧૨૯૦ | ફલાવર | ૩૦૦ | ૬૦૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૨૬૦ | ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| તલી | ૨૫૫૦ | ૨૯૫૦ | ગુવાર | ૨૦૦ | ૪૦૦ |
| સુરજમુખી | ૬૨૦ | ૧૦૦૮ | ચોળાસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| એરંડા | ૯૭૦ | ૧૦૯૬ | ટીંડોળા | ૪૦૦ | ૮૦૦ |
| અજમો | ૧૨૫૦ | ૩૦૪૭ | દુધી | ૧૦૦ | ૨૦૦ |
| સુવા | ૧૧૯૫ | ૧૮૪૦ | કારેલા | ૨૫૦ | ૫૩૦ |
| સોયાબીન | ૮૫૫ | ૯૦૭ | સરગવો | ૩૦૦ | ૪૫૦ |
| સીંગફાડા | ૧૨૫૦ | ૧૫૭૦ | તુરીયા | ૨૦૦ | ૪૦૦ |
| કાળા તલ | ૨૮૬૦ | ૩૧૯૦ | પરવર | ૫૦૦ | ૭૫૦ |
| લસણ | ૧૬૦૦ | ૩૧૦૦ | કાકડી | ૧૮૦ | ૩૩૦ |
| ધાણા | ૧૨૬૧ | ૧૬૧૫ | ગાજર | ૧૫૦ | ૨૫૦ |
| મરચા સુકા | ૧૧૫૦ | ૩૩૦૦ | વટાણા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ધાણી | ૧૩૬૧ | ૧૮૫૧ | ગલકા | ૧૪૦ | ૨૬૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૭૦૦ | બીટ | ૧૫૦ | ૨૬૦ |
| જીરૂ | ૪૬૦૦ | ૫૮૦૦ | મેથી | ૪૦૦ | ૬૫૦ |
| રાય | ૧૦૦૦ | ૧૪૨૩ | ડુંગળી લીલી | ૩૫૦ | ૬૩૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૪૨૧ | આદુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ઈસબગુલ | ૨૦૬૦ | ૨૫૦૧ | મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| અશેરીયો | ૧૮૨૫ | ૨૦૨૫ | મકાઈ લીલી | ૧૫૦ | ૩૨૦ |
| | | | ગુંદા | ૩૩૦ | ૬૩૦ |

# રવની ડબલ મર્ડર કેસમાં આરોપીઓને સ્થળ પર લઇ જઇ બનાવનું રિકન્ટ્રકશન

## ક્રાઇમ બ્રાંચે હત્યારાઓના કપડા, મોબાઇલ કબ્જે કર્યા





(વિનુ જોશી દ્વારા) જૂનાગઢ તા. ૧૮ : રવની ડબલ મર્ડર કેસનાં આરોપીઓના કપડા રિકવર કરી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હત્યારાઓ પાસે બનાવનું રિકન્ટ્રકશન કરાવવામાં આવ્યું હતું.

વંથલી તાલુકાના રવની ગામનાં રફીક આમદ સાંધ અને તેના પુત્ર જાહિલની હત્યામાં ક્રાઈમ બ્રાન્ચે રહીમ ઉર્ફે ખુરી ઈસાભાઈ સાંધ અને હુસેન અલારખા સાંધને જયપુરમાંથી કાર સાથે તથા જુમા હબીબ સાંધ, પોલાભાઈ યુસુફભાઈ સાંધ, હનીફ ઈસ્માઈલ સાંધને તલીયાધરથી તેમજ અબ્દુલ ઉર્ફે અબલો ઈબ્રાહીમ સાંધ તથા ઈસ્માઈલ ઈબ્રાહીમ સાંધને ઘંટીયા ગામની સીમમાંથી પકડી પાડી ૨૦ મે સુધી ૪ દિવસનાં રિમાન્ડ પર મેળવ્યા છે.

દરમ્યાન શુક્રવારે એલસીબી પીઆઈ જે. જે. પટેલે સહિતના સ્ટાફે આરોપીઓ પાસેથી તેમણે બનાવ વખતે પહેરલ કપડા રી-કવર કર્યા હતા અને તમામ આરોપીઓને સ્થળ પર લઈ જઈ બનાવનુ રિ-કન્સ્ટ્રકશન પંચનામુ કરવામાં આવ્યું હતું. જેમાં આરોપીએ 'એ ગોથા મારતો મારતો ભાગ્યો એટલે હું તેની પાછળ દોડયો' સહિતનું નિવેદન રિકન્ટ્રકશન વખતે આપ્યું હતું.

આ દરમ્યાન આરોપી જુમ્મા હબીબ સાંધે બેવડી હત્યા બાદ પોતાનો મોબાઈલ જે સ્થળે છુપાવેલ હતો તે કાઢી આપતા કબ્જે કરવામાં આવ્યો હતો.

ડબલ મર્ડરમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે સહિતના મુદ્દે ઉંડાણપુર્વક તપાસ, પૂછપરછ હાથ ધરવામાં આવી છે.(તસ્વીર : મુકેશ વાઘેલા, જૂનાગઢ)(૨૧.૪)

# જેતપુરના મંડલીકપુરની મહીલાને ભરણપોષણની રકમ નહી ચુકવતા પતિને ૩૦૦ દિવસની જેલની સજા ફટકારતી કોર્ટ

(કેતન ઓઝા દ્વારા) જેતપુર તા. ૧૮ :.. તાલુકાના મંડલીકપુર ગામે રહેતા ભાવનાબેન (ધીરજબાળાબેન) ના લગ્ન આલીધ્રાના દિપેશ પ્રભુદાસ ભીમાણી સાથે થયેલ બાદ ધીરજબાળાબેને ભરણ પોષણ માટે તેમના પતિ વિરૂધ્ધ કેસ દાખલ કરેલ. જેથી કોર્ટે તા. ૧૪-૯-૨૦૧૬ થી ૧૩-૭-૨૦૧૭ સુધીના ૧૦ માસના પ્રતી માસ રૂા. ૫,૦૦૦ હજાર લેખે રૂા.૫૦,૦૦૦ હજાર તથા અરજી ખર્ચના રૂા. ૧,૦૦૦ હજાર મળી રૂા. ૫૧,૦૦૦ ભરવાના હોય જે દિપેશભાઈ ચુકવવા ન હોય તેમજ આલીધ્રા તથા સુરત રહેતા હોય વોરંટની બજવણી થતી ન હોય તેમજ ૨૦૧૭ થી તે હાજર થતા ન હોય અને વોરંટની બજવણી એનકેન પ્રકારે રાખી દેતા હોય કલમ ૧૨૫ માં ઝડપી ભરણ પોષણ મળી રહે તે માટે જે જોગવાય કરવામાં આવી છે.

તે હેતુ પુરો થતો ન હોય દિપેશ ભીમાણી તથા તેના કુટુંબીજનો ઈરાદા પૂર્વક બહાના હેઠળ સમન્સની બજવણી ટાળી રહ્યા હોય એ. ડી. ચીફ. જયુડી. મેજીસ્ટ્રેટ એ. એચ. હીરાણીએ ભરણ પોષણ ચૂકવતા ન હોય તેમજ સમન્સની બજવણી ટાળી રહયા હોય ૩૦ દિવસ મુજબ ૧૦ માસની કસુર બદલ ૩૦૦ દિવસની સાદી કેદની સજા ફટકારેલ. તેમજ પોલીસને સુચના આપવામાં આવેલ કે તેની અટક કરી જીલ્લા જેલ ખાતે મોકલી આપવા હુકમ કરેલ. (૫-૨૯)

# જૂનાગઢમાં કારમાં દારૂ ભરીને જતા ૨ શખ્સની ધરપકડ

## પોલીસે ૮૨૫ લીટર દેશી દારૂ, કાર સહિત ૧.૭૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

(વિનુ જોશી દ્વારા) જૂનાગઢ તા. ૧૮: કારમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ કરી પોલીસે જૂનાગઢનાં ૨ શખ્સને ઝડપી લઈ ૮૨૫ લીટર દારૂ, કાર સહિત ૧.૭૨ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો.

જીજે-૧૫-એડી-૫૮૫૯ નંબરની કાર દેશી દારૂના બાચકા લઈને શહેરમાં મજેવડી દરવાજા થઈ ખામધ્રોળ રોડ ઉપરથી ધોરાજી તરફ જાય છે એવી બાતમી મળતા બી ડિવિઝન પોલીસે વોચ ગોઠવીને ખામધ્રોળ રોડ ખાતે આ કારને રોકી તલાશી લેતા કારની પાછળની સીટ પરથી અને ડેકીમાંથી ૧૬,૫૦૦નો ૮૨૫ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો.

પોલીસે કારની સાથે કામદાર સોસાયટીમાં રહેતા યશપાલ ઉર્ફે બાપુ હસમુખભાઈ મકવાણા અને પંચેશ્વર વિસ્તારના ગોવિંદ બાવનભાઈ મોરીની ધરપકડ કરી દારૂ, કાર ૨ મોબાઈલ મળી કુલ રૂપિયા ૧,૭૨,૫૦૦નો મુદ્દામાલ કબજે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# વેરાવળ સોમનાથમાં સ્માર્ટ વિજ મીટર સામે ભારે હોબાળો

(દિપક કક્કડ દ્વારા) વેરાવળ, તા.૧૮: વેરાવળ સોમનાથમાં સ્માર્ટ રિચાર્જ મીટર લગાડવાની શરૂઆત થતા ગ્રાહકોમાં ભારે હોબાળો મચેલ છે મોટા પાયે વિરોધ થયેલ છે અને મીટર લગાડવાનું બંધ કરવાની માંગ કરાયેલ છે. વેરાવળ સોમનાથ વિસ્તારમાં હજારો સ્માર્ટ ચિચાર્જ મીટર લગાડવાની મોટાપાયે શરૂઆત કરવામાં આવેલ છે જેથી દરેક વિસ્તારમાં ભારે વિરોધ થઈ રહેલ છે આ મીટર લગાડવાનું બંધ કરવાની માંગ કરાયેલ છે ગ્રાહકોને ગેરફાયદા કેટલા થશે તેની પણ સોશ્યલ મીડીયામાં જાણકારી અપાયેલ છે સ્માર્ટ મીટર લગાડવાથી ગમે ત્યારે ભાવ વધારો કરી શકશે પહેલા પૈસા ભરવાના પુરા થાય એટલે લાઈટ પંખા આપો આપ બંધ થઈ જાશે ત્રણ વખત રિચાર્જ ગ્રાહક નિષ્ફળ જશે તો પેનલ્ટી ડીપોઝીટ ફરી ભરવી પડશે જો સ્માર્ટ મીટર બગડે કે બદલવાનું થાય તો નવા મીટરના પૈસા ગ્રાહકે ભોગવવાના રહેશે બે મહીનામાં વિજ બીલ આવતા હતા તે ૧૦ દિવસમાં ભરવા પડશે સ્માર્ટ મીટર લગાડવાથી ઝુંપડપટી, નાના મકાનો, મધ્યમવર્ગ પાસે થી અબજો રૂપીયા વધારાના ખંખેરી લેવામાં આવશે જેથી સ્માર્ટ પ્રિપેઈડ મીટર બંધ કરવાની માંગણી કરેલ છે અને મોટો હોબાળો શરૂ થયેલ છે.(૨૩.૧૮)

# વેરાવળ આદિત્ય બિરલા હોસ્પીટલમાં ૧૫ દિવ્યાંગોને વિના મુલ્યે કૃત્રીમ હાથ લગાડાયા

(દિપક કક્કડ દ્વારા) વેરાવળ, તા.૧૮: વેરાવળ આદિત્ય બિરલા હોસ્પીટલમાં રોટર ઈનરવ્હીલ કલબના સહયોગથી ૧૫ દિવ્યાંગાને નિ:શુલ્ક કૃત્રીમ હાથ લગાડાયા હતા.

વેરાવળ રોટરી અને ઈનરવ્હીલ કલબ ના સહયોગ થી દિવ્યાંગોને વિના મુલ્યે હાથ લગાડી દેવાનો કેમ્પ યોજાયો હતો જેમાં ૬૦ જેટલા લાભાર્થીઓને નામ નોંધાવેલ હતું જેમાં ૧૫ લાભાર્થીઓને વિના મુલ્યે કૃત્રીમ હાથ લાગાડી દેવામાં આવેલ હતા તેમજ તેમને આ કૃત્રીમ હાથ કંઈ રીતે ચલાવવો તેનું સંપુર્ણ માર્ગદર્શન આપેલ હતુ.(૨૩.૧૮)

# જેતપુરના જન મંગલ પાર્કમાં મકાનમાંથી દારૂની ૧૧૯ બોટલો સાથે ઝડપાયો

(કેતન ઓઝા દ્વારા) જેતપુર તા. ૧૮ :.. ઉદ્યોગનગર પીએસઆઈ કે. એસ. ગળચર સ્ટાફના મિરલભાઈ ચંદ્રવાડી, સંજયભાઈ પરમાર, રીઝવાનભાઈ સિંજાત, ચેતનભાઈ ઠાકોરને સાથે રાખી પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન બાતમી મળેલ કે સામાકાંઠા જનમંગલ પાર્ક વિસ્તારમાં રહેતો પરપ્રાંતિય પવન દુબે પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખતો હોય જે આધારે પોલીસે ભાદરના સામાકાંઠા જુના દેરડી રોડ પર આવેલ જન મંગલ પાર્કમાં પવન જયશંકર દુબે પરપ્રાંતીયના રહેણાંક મકાનમાં દારૂ અંગેની રેડ કરતા બાથરૂમમાંથી ઈંગ્લીશ દારૂની બોટલો નંગ ૧૧૯ કિ. ૧૦,૯૦૦ ના મળી આવતા પોલીસે પવન દુબેને દારૂની બોટલો સાથે પકડી પાડી દારૂની પુછપરછ કરતા આ દારૂની બોટલો તેના પાડોશમાં રહેતો અશ્વિન વિનુભાઈ વેગડાએ સાચવવા આપેલ હોવાનું જણાવતા ઉદ્યોગનગર પોલીસે પવન દુબે તથા અશ્વિન વેગડા બન્ને વિરૂધ્ધ ગુન્હો નોંધી અશ્વિને પકડી પાડવા તપાસ હાથ ધરી છે. (૫-૩૧)

# લગ્નની લાલચ આપી સગીરા પર દુષ્કર્મ આચરનાર પરિણીત શખ્સની ધરપકડ

## દોલતપરાના ઇસમને પોલીસે ગણતરીની કલાકોમાં ઝડપી લીધો

(વિનુ જોશી દ્વારા) જૂનાગઢ તા. ૧૮: લગ્નની લાલચ આપી સગીરા પર દોઢ વર્ષ દુષ્કર્મ આચરનાર દોલતપરાના શખ્સને પોલીસે દબોચી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢનાં દોલતપરાની દાસારામ સોસાયટીમાં રહેતા યજ્ઞેશ શાંતિલાલ ભોગાયતાએ સગીરાને લગ્નની લાલચ આપી પોતાના રહેણાંક મકાનમાં મળવા માટે બોલાવી તા. ૨૨ નવેમ્બર ૨૦૨૨ થી ૧૫ માર્ચ ૨૦૨૪ દરમિયાન સગીરા સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. સગીરાએ પોતાની ઉંમર પુખ્ત વયની થતા યજ્ઞેશને લગ્ન માટેનું કહેતા તેણે બહાના બતાવી કિશોરીને છેતરી હતી. આખરે ભોગ બનનાર તરુણીએ ગુરુવારે ફરિયાદ કરતા એ ડિવિઝન પોલીસે યજ્ઞેશ ભોગાયતા સામે કલમ ૩૭૬ (૨) (એન), ૩૦૭૬ (૨)(જે), ૩૨૩, પોકસો એક્ટની કલમ ૫ (જે)(૨), ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબ ગુનો નોંધીને કાર્યવાહી કરી હતી.

પીઆઇ વી. જે. સાવજે ત્વરિત તપાસ હાથ ધરી આરોપીને શુક્રવારે દબોચી લઈ તેનું મેડિકલ સહિતની કાર્યવાહી કરી હતી.

પોલીસ પૂછપરછમાં દુષ્કર્મ આચરનાર યજ્ઞેશ ભોગાયેતા પરિણીત હોવાનું અને સંતાનનો પિતા હોવાનું ખૂલ્યું હતું.(૨૨.૪)

# છાત્રોડા રોડ ઉપર બોલેરો ઉંધી વળી જતા એકનું મૃત્યુઃ પાંચને ઈજા

(દિપક કક્કડ દ્વારા) વેરાવળ, તા.૧૮: વેરાવળ તાલુકાના છાત્રોડા ગામ પાસે નાળીયેર ભરેલ બોલેરો ઉધી વળી જતા પાંચને નાની મોટી ઈજાઓ થયેલ હતી એકનું મૃત્યુ થયેલ હતું. વેરાવળ તાલુકાના મીઠાપુર ગામેથી લીલા નાળીયેર ભરીને બોલેરો જુનાગઢ તરફ જતી હતી ત્યારે છાત્રોડા બ્રિજ પાસે અચાનક ઉધી વળી જતા તેમાં નાળીયેર ઉપર બેસેલા જયેશભાઈ દેવશીભાઈ, હરસુખભાઈ પરસોતમભાઈ, અબ્દુલભાઈ રહેમાનભાઈ ઈબ્રાહીમભાઈ યુસુફભાઈ તેમજ પ્રવિણભાઈ પીઠાભાઈ મકવાણા ને ઈજાઓ થયેલ હતી જેમાં પ્રવિણભાઈને ગંભીર ઈજાઓ થવાથી હોસ્પીટલે લઈ જતા તેમને મૃત જાહેર કરેલ હતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરેલ છે.(૨૩.૧૬)

# વિસાવદર પંથકમાં માવઠુ : રામપરા, પ્રેમપરા, ખાંભા, પિયાવામાં ભારે પવન સાથે કરા પડયા

## તલ, મગ, અડદ અને કેરી સહિતના પાકને વ્યાપક નુકસાન

(યાસીન બ્લોચ દ્વારા) વિસાવદર તા.૧૮ઃ વિસાવદર પંથકમાં અસહ્ય ઉકળાટ બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ગ્રામ્ય વિસ્તારમાં ભારે પવન સાથે કરા પડ્યા હતા. જેથી ખેડૂતોના તૈયાર પાકને નુકસાન થયું છે.

વિસાવદર તાલુકાના ખાંભા ગીરમાં ગઈકાલે બપોરબાદ બે કલાક દરમિયાન કરા પડ્યા હતા અને વરસાદ પડ્યો, ખાંભા ગીર પિયાવા ગીર તેમજ રામપરા, પ્રેમપરા સુધી જોરદાર કમોસમી વરસાદ પડતા તલના પાકને નુકસાન થયું છે.

કેસર કેરીના તમામ બાગમાં નુકસાની જોવા મળે છે. ગઈકાલે અસહ્ય ઉકળાટ વચ્ચે બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને માવઠુ થયુ હતુ. વિસાવદર તાલુકાના વિરપુર (શેખવા) ગામે પણ પવન સાથે વરસાદ પડયાના વાવડ છે.(૨૧.૭)



# વેરાવળ દરીયા કિનારે ચોપાટી તેમજ દુકાનો મોડી રાત સુધી ખુલ્લી રાખવા માંગ

(દિપક કક્કડ દ્વારા) વેરાવળ, તા.૧૮: વેરાવળ દરીયા કિનારે ચોપાટીએ હજારો શહેરીજનો રાત્રીના ફરવા જતા હોય છે જેને વ્હેલી બંધ કરાવતા અનેક વેપારીઓને ધંધા રોજગારમાં નુકશાની જઈ રહી છે જેથી ચોપાટી મોડી રાત સુધી ખુલ્લી રાખવાની માંગ થયેલ છે.

વેરાવળ શહેરના વેપારીઓ દ્વારા ચીફ ઓફીસર, પી.આઈ ને આવેદન આપેલ છેકે દરીયા કિનારે ચોપાટી રાત્રીના વ્હેલો બંધ થઈ જાય છે જેથી હજારો લોકોમાં ભારે નિરાશા વ્યાપેલ છે ચોપાટી વ્હેલી બંધ થઈ જવાથી આજુ બાજુના દુકાનદારોનેને પણ વેપાર ધંધા માં નુકશાની થઈ રહી છે જેથી ખાણીપીણી, આઈસ્કીમ, શરબત, ગોલા જવી દુકાનો મોડી રાત સુધી ખુલ્લો રાખવા રજુઆત કરાઈ છે.(૨૩.૧૬)